આઈપીએલ આજની મેચ
કોલકત્તા નાઈટ રાઈડર્સ VS પંજાબ સુપરકિંગ્સ
સાંજે ૭:30 કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક
મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૪
તા. ૨૬-૪-૨૦૨૫, શનિવાર
વર્ષ: ૧૪, અંક : ૪૧

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

જય બજરંગ ફ્લોર એન્ડ મસાલા મીલ
ચણા તુવેર મગ, અડદની ચોખ્ખી દાળ બનાવી આપશું
માંડવી ફોલી આપશું.
સિંઘાલુ હીંગ દળી આપશું.
સાકર દળી આપશું
93273 08756

## પાકિસ્તાનીઓ પછી નાપાક લોકોને દેશ નિકાલ કરવા તખ્તો તૈયાર

# ગુજરાતમાં ગેરકાયદે રહેતા ૫૦૦ બાંગ્લાદેશીઓને ખદેડાશે

### નકસલી, આતંકવાદીઓ અને ઘૂષણખોરોને નેસ્ત-નાબૂદ કરી દેવા સરકારે કમર કસી

### અમદાવાદ-સુરતમાં રાત્રે બે વાગ્યે ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, ઈઓડબ્લ્યુ, એલસીબીની ટીમોને હાજર થવા ફરમાન: વહેલી સવાર સુધી ઓપરેશન ચાલ્યું

**અબતક, રાજકોટ**

પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા હુમલા બાદ સરકારી સુરતથી ૧૩૨ શખ્સોંને અટકાયતમાં લઈ તેમના દસ્તાવેજોની ખરાઈ કરવામાં આવી રહી છે. જે બાદ તેઓ ગેરકાયદે ભારતમાં રહે છે કે કેમ તે બાબતની ખરાઈ કરી તેમને કાઢી મુકવામાં આવે તેવી પ્રબળ શક્યતા છે. ઉલ્લેખનીય બાબત છે કે, બાંગ્લાદેશમાં શેખ હસીના સરકારનો તખ્ત પલટ થયાં બાદ બાંગ્લાદેશ પણ ભારત વિરોધી ગતિવિધીમાં શામેલ થઈ ગયું છે.

પહલગામ આતંકી હુમલા બાદ રાજ્યમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઘુસણખોરોને પકડવા અમદાવાદ પોલીસ એક્શનમાં આવી છે. મોડી રાત્રે ચંડોળા વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મોડી રાતની કામગીરી સવારે પણ

(અનુ. આઠમા પાને)

એક બાદ એક આકરા નિર્ણય લઈ રહી છે ત્યારે ગઈકાલે જ ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા ગેરકાયદે ભારતમાં રહેતા ઘૂષણખોરોને તાત્કાલિક દેશ નિકાલ કરવા સૂચના આપવામાં આવી હતી જે બાદ અમદાવાદ અને સુરત પોલીસે મોટું ઓપરેશન હાથ ધરી આશરે ૫૦૦ બાંગ્લાદેશીઓને પકડી ખદેડી મુકવા ગતિવિધિ તેજ કરી છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદમાં ૪૫૭ અને

### શાં માટે આતંકીઓએ ગોળી મારતા પહેલાં પ્રવાસીઓના પેન્ટ ઉતરાવ્યા?

પહેલગામમાં હુમલા મામલે તપાસ અધિકારીઓએ જણાવ્યું હતું કે હુમલાનો ભોગ બનેલા લગભગ ૨૦ પુરુષોના ટ્રાઉઝર ઝિપર ખોલેલા અને નીચે ખેંચાયેલા મળી આવ્યા હતા. અધિકારીઓએ હુમલામાં માર્યા ગયેલા તમામ ૨૬ ગોળીઓથી વીંધાયેલા મૃતદેહોની પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. તપાસમાં સામે આવ્યું છે કે ૨૬ પીડિતોમાંથી ૨૦ ના કપડાં બળજબરીથી તેમના શરીરના નીચેના ભાગ પરથી ઉતારી લેવામાં આવ્યા હતા. તેના પેન્ટની ઝિપ ખોલવામાં આવી હતી અને તેનું પેન્ટ નીચે ખેંચાઈ ગયું હતું, જેનાથી તેના અન્ડરવેર અથવા ગુપ્ત ભાગો ખુલ્લા પડી ગયા હતા. આતંકીઓએ મૃતકોના અન્ડરવેર કાઢીને દરેક પીડિતનો ધર્મ તપાસ્યો હતો, તેમની પાસેથી આધાર કાર્ડ અથવા ડ્રાઈવિંગ લાઈસન્સ વગેરે જેવા ઓળખ પુરાવા માંગ્યા હતા, તેમને કલમા (મુસ્લિમ પ્રાર્થના શ્લોકો) વાંચવાનો આદેશ આપ્યો હતો અને તેમને તેમના નીચલા કપડાં ઉતારવા કહ્યું હતું જેથી તેઓ સુન્નતની તપાસ કરી શકે. આ ૩ પરીક્ષણો દ્વારા તેમની હિન્દુ ઓળખ સ્થાપિત થઈ ગયા પછી આતંકવાદીઓએ પીડિતોને ખૂબ નજીકથી ગોળી મારી દીધી હતી.

### લ્યો કરો વાત.. અમને અમેરિકા-યુરોપે બગાડ્યા
### નાપાક હરકતો પાછળ પાક રક્ષામંત્રીનો ''લૂલો'' બચાવ!!

આતંકવાદને સમર્થન આપવાના આરોપોનો સામનો કરી રહેલા પાકિસ્તાનની મુશ્કેલીઓ વધુ વધવાની છે. તાજેતરમાં, એક ઈન્ટરવ્યુ દરમિયાન, પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે આતંકવાદીઓને આશ્રય આપવાની વાત સ્વીકારી હતી. ખાસ વાત એ છે કે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પડોશી દેશ ભારતના રડાર પર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એક ઈન્ટરવ્યુ દરમિયાન આસિફને પૂછવામાં આવ્યું હતું કે, 'શું તમે માનો છો કે પાકિસ્તાનનો આ આતંકવાદી સંગઠનોને ભંડોળ અને તાલીમ આપવાનો લાંબો ઈતિહાસ છે?' આ અંગે પાકિસ્તાનના રક્ષામંત્રીએ કહ્યું, 'અમે ૩ દાયકાથી અમેરિકા અને બ્રિટન સહિત પશ્ચિમ માટે આ ગંદુ કામ કરી રહ્યા છીએ.' ...તે એક ભૂલ હતી અને અમે તેના કારણે પીડાઈ રહ્યા છીએ.'

### ઘર ભેગા થઈ જાવ.. પાકિસ્તાનીઓને અપાતા ૧૪ પ્રકારના વિઝા તાત્કાલિક અસરથી રદ

શુક્રવારે ભારતે પાકિસ્તાની નાગરિકો માટે તાત્કાલિક અસરથી વિઝા સ્થગિત કરવાની જાહેરાત કરી છે. સાથે જ લોન્ગ ટર્મ વિઝા, ડિપ્લોમેટિક સહિતના લાંબા ગાળાના તમામ માન્ય વિઝા રદ કરવાની જાહેરાત કરી છે. સાર્ક વિઝા ૨૬ એપ્રિલના રોજ સમાપ્ત થાય છે જયારે મેડિકલ વિઝા ૨૯ એપ્રિલ સુધી જ માન્ય ગણાશે. જો પાકિસ્તાની નાગરિકો નિર્ધારિત સમયમર્યાદા સુધીમાં ભારત છોડવામાં નિષ્ફળ જાય તો તેમને ઈમિગ્રેશન અને ફોરેનર્સ એક્ટ, ૨૦૨૫ ની જોગવાઈઓ હેઠળ યોગ્ય કાનૂની કાર્યવાહીનો સામનો કરવો પડશે. ગૃહ મંત્રાલયના વિદેશી વિભાગ દ્વારા જારી કરાયેલ એક આદેશમાં જણાવાયું છે કે પાકિસ્તાની નાગરિકોને ૧૪ શ્રેણીઓમાં કોઈ નવા વિઝા જારી કરવામાં આવશે નહીં. જેમ કે, સાર્ક વિઝા, વિઝા ઓન અરાઈવલ, બિઝનેસ વિઝા, ફિલ્મ વિઝા, પત્રકાર વિઝા, ટ્રાન્ઝિટ વિઝા, મેડિકલ વિઝા, કોન્ફરન્સ વિઝા, પર્વતારોહણ વિઝા, વિદ્યાર્થી વિઝા, વિઝિટર વિઝા, ગ્રુપ ટુરિસ્ટ વિઝા, તીર્થયાત્રી વિઝા અને ગ્રુપ તીર્થયાત્રી વિઝા પાકિસ્તાનના લઘુમતીઓને જારી કરવામાં આવે છે.

### ત્રણ આતંકવાદીના મકાનો જમીનદોસ્ત

આતંકવાદી હુમલા બાદ ભારતીય સુરક્ષા દળોનું ઓપરેશન ચાલુ છે. પુલવામામાં સક્રિય આતંકવાદીઓના ઘરો ભારતીય સુરક્ષા દળો દ્વારા તોડી પાડવામાં આવ્યા છે. નવી કાર્યવાહીમાં, ખીણની અંદર સક્રિય આતંકવાદીઓના વધુ બે ઘરો તોડી પાડવામાં આવ્યા છે. જૂન ૨૦૨૩ થી સક્રિય લશ્કર કેડર એહસાન અહેમદ શેખના બે માળના ઘરને સુરક્ષા દળોએ આઈઈડીનો ઉપયોગ કરીને ઉડાવી દીધું છે. તે પુલવામાના મુરાનનો રહેવાસી છે.આવી જ બીજી એક કાર્યવાહીમાં, બે વર્ષ પહેલાં લશ્કરમાં જોડાયેલા શાહિદ અહેમદના ઘરને શોપિયાના છોટીપોરા વિસ્તારમાં ઉડાવી દેવામાં આવ્યું હતું. પહેલગામ હુમલા પછી, છેલ્લા ૪૮ કલાકમાં કુલ ૬ આતંકવાદી ઘરો તોડી પાડવામાં આવ્યા છે.ઉપરાંત, ગઈકાલે રાત્રે કુલગામના ક્વિમોહમાં સુરક્ષા દળો દ્વારા ૨૦૨૩ માં લશ્કરમાં જોડાયેલા ઝાકિર ગનીનું ત્રીજું ઘર તોડી પાડવામાં આવ્યું હતું. પહેલગામ આતંકવાદી હુમલા બાદ સક્રિય લશ્કર કેડરના આતંકવાદીઓના કુલ ૫ ઘરોને ઉડાવી દેવામાં આવ્યા છે.

## મોદી હૈ તો મુમકીન હૈ..!!

# છેલ્લા દશકામાં ૧૭ કરોડ લોકો ગરીબી રેખાથી બહાર નિકળ્યાં

### ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી ૧૮.૪% થી ઘટીને ૨.૮% અને શહેરી વિસ્તારોમાં ૧૦.૭% થી ઘટીને ૧.૧% થઈ ગઈ: વર્લ્ડ બેન્કનો અહેવાલ

**અબતક, નવી દિલ્હી**

વિશ્વ બેંકના તાજેતરના અહેવાલ મુજબ, ભારતે ૨૦૧૧ થી ૨૦૨૨-૨૩ દરમિયાન ૧૭.૧ કરોડ લોકોને અત્યંત ગરીબીમાંથી બહાર કાઢ્યા છે જેઓ દરરોજ ૨.૧૫ ડોલરથી ઓછી આવક મેળવે છે તેઓને ગરીબીની વ્યાખ્યામાં સમાવવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન, દેશનો અત્યંત ગરીબી દર ૧૬.૨% થી ઘટીને માત્ર ૨.૩% થયો.

વિશ્વ બેંકે ગરીબી નિવારણ અને રોજગાર ક્ષેત્રમાં ભારતની પ્રગતિની ખૂબ પ્રશંસા કરી છે. વિશ્વ બેંકના અહેવાલ મુજબ, ભારતે ૧૭ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે, જે વૈશ્વિક સ્તરે એક મોટી સિદ્ધિ છે.

(અનુ. આઠમા પાને)

### યુપી, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ અને મધ્યપ્રદેશમાં શ્રેષ્ઠ પરિણામ મળ્યું

અહેવાલ મુજબ ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ અને મધ્યપ્રદેશ એમ પાંચ સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્યોમાં મહત્તમ ગરીબી ઘટી છે. વર્ષ ૨૦૧૧-૧૨માં, દેશના ૬૫ ટકા અત્યંત ગરીબ લોકો આ રાજ્યોમાં હતા. આના કારણે ૨૦૨૨-૨૩ સુધીમાં અત્યંત ગરીબીમાં થયેલા કુલ ઘટાડામાં બે તૃતીયાંશ ફાળો આપ્યો.

### શહેરી બેરોજગારી ઘટીને ૬.૬% થઈ


અહેવાલ મુજબ શહેરી બેરોજગારી ઘટીને ૬.૬% થઈ છે. ૨૦૨૧-૨૨ થી રોજગાર વૃદ્ધિનો દર કાર્યકારી વયની વસ્તી કરતા વધારે રહ્યો છે. શહેરી બેરોજગારી દર ૭.૮% થી ઘટીને ૬.૬% થયો, જે ૨૦૧૭-૧૮ પછીનો સૌથી નીચો દર છે. મહિલાઓની ભાગીદારી અને સ્વરોજગારમાં પણ વધારો જોવા મળ્યો છે. જોકે, યુવા બેરોજગારી દર હજુ પણ ૧૩.૩% પર યથાવત છે અને ઉચ્ચ શિક્ષણ ધરાવતા યુવાનોમાં તે ૨૯% જેટલો ઊંચો છે.

# ન હોય... દિલ્હીમાં જ છેલ્લા ૧૨ વર્ષમાં વકફ બોર્ડની મિલકત ૯ માંથી ૧,૦૪૭ થઈ ગઈ!!!

### દેશભરમાં મિલકત ૨ લાખથી વધી ૮.૭ એ પહોંચી, ગુજરાતમાં ૩૬૮૬૬ મિલકતોનો વધારો

**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકારે શુક્રવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે ૨૦૧૩ માં




કરવામાં આવેલા સુધારાને કારણે ૧૯૯૫ના વકફ કાયદામાં નોંધાયેલ ન હોય તેવી વકફ મિલકતો પરના અધિકારોના અમલીકરણને અવરોધતી જોગવાઈ દૂર કરવામાં આવી છે. આ સુધારાના પરિણામે દેશભરના વકફ બોર્ડની મિલકતોમાં નોંધપાત્ર વધારો થયો છે.

સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલા સોગંદનામા અનુસાર, વકફ બોર્ડની મિલકતોની સંખ્યા ૨,૦૭,૩૯૪ થી વધીને ૮,૭૨,૮૭૦ થઈ ગઈ છે, અને આ મિલકતોનો કુલ વિસ્તાર ૧૮.૩ લાખ એકરથી વધીને ૩૯ લાખ એકર સુધી પહોંચી ગયો છે. સોગંદનામામાં વિવિધ રાજ્યોમાં થયેલા વધારાની વિગતો આપવામાં આવી છે. દિલ્હી વકફ બોર્ડ પાસે ૨૦૧૩માં માત્ર ૦.૦૩ એકર વિસ્તાર ધરાવતી નવ મિલકતો હતી, જે ૨૦૨૫ સુધીમાં વધીને ૧,૦૪૭ મિલકતો અને ૨૮ એકર વિસ્તાર સુધી પહોંચી ગઈ છે. જમ્મુ અને કાશ્મીરમાં આ વધારો વધુ સ્પષ્ટ જોવા મળ્યો છે, જ્યાં વકફ બોર્ડ પાસે ૨૦૧૩ માં માત્ર ૦.૪૨ એકર જમીન સાથે એક મિલકત હતી, જે ૨૦૨૫ સુધીમાં ૩૧.૪ એકર જમીન સાથે ૩૨,૫૩૩ મિલકતો સુધી પહોંચી ગઈ છે.

આંદામાન અને નિકોબાર ટાપુઓમાં પણ વકફ મિલકતો ૨૦૧૩ માં ૩૫ થી વધીને ૨૦૨૫ માં ૧૫૧ થઈ ગઈ છે, જેમાં ૧૩૮ એકરનો વધારાનો વિસ્તાર નોંધાયો છે. જો કે, મેઘાલયમાં વકફ મિલકતોમાં સૌથી ઓછો વધારો જોવા મળ્યો છે, જે ૨૦૧૩ માં ૫૧ થી વધીને ૨૦૨૫ માં માત્ર ૫૮ થયો છે. રાજસ્થાનમાં પણ આ વધારો નજીવો રહ્યો છે, જ્યાં ૧૨ વર્ષમાં ૭,૭૬૯ મિલકતોનો

(અનુ. આઠમા પાને)

ન્યુ રીનોવેટેડ A/C.
લગનહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા



# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

પેટ્રો-કેમિકલ્સ, અને તેની ઉત્પાદ તથા રંગ રસાયણ, ખાતર સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક એકમના જાતકો તેમજ વાણિજ્યક એકમના જાતકો માટે આ સપ્તાહ સંઘર્ષમય રહેવાના સંયોગો અથવા સરેરાશ સપ્તાહ. ધંધા વ્યવસાયના કામકાજ અધૂરા તથા પેન્ડિંગ રહી જવાની સંભાવના. આ સિવાયના અન્ય, તમામ ઔદ્યોગિક તેમજ તમામ વ્યાપાર-વણિજના એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. છૂટક વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ ખૂબ લાભદાયી નીવડશે. સરકારી કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ થોડું પ્રતિકૂળ જણાશે. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી, વિદ્યાર્થી માટે લાભદાયક સપ્તાહ. ૨ તથા ૩ મે મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ — બ,વ,ઉ

ઓનલાઈન બિઝનેસ તથા ઓન લાઈન સર્વિસ બિઝનેસના જાતકો માટે આ આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. એડવર્ટાઈઝમેન્ટ એકમના જાતકો આ સપ્તાહ સરેરાશ અથવા પ્રતિકૂળ જણાશે. મધ્યમ કદના ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. નાના ઔદ્યોગિક એકમના જાતકો માટે લાભદાયક સપ્તાહ. જથ્થાબંધ વ્યાપાર સાથે જોડાયેલ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક જોવા મળશે. નાના તથા છૂટક વ્યાપારી માટે આ સપ્તાહ પણ લાભદાયી નીવડશે. સરકારી કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૩૦ એપ્રીલ સાધારણ રહેશે.

### મિથુન — ક,છ,ઘ

ઉચ્ચાધિકારીઓ માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. સર્વિસ બિઝનેસ તથા કન્સલ્ટંસી ફર્મસના જાતકો માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. આ સપ્તાહે ધંધા વ્યવસાય હેતુ પ્રવાસ થવાની સંભાવના. ગ્રેઈન ગ્રોસરી મર્ચન્ટ માટે ચડાવ ઉતારની સાથે લાભકર્તા સપ્તાહ. દરેક કદના ઔદ્યોગિક એકમ વાળા જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. અન્ય વ્યાપાર વણિજના જાતકો માટે આ સપ્તાહ ચડાવઉતાર વાળુ પરંતુ હળવું લાભકારી પણ નીવડશે. ખાનગી ક્ષેત્રના તેમજ સરકારી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ જ જણાશે. મહિલા કર્મી, નિવૃત્ત, ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. ૨૮ તથા ૨૯ એપ્રીલ સામાન્ય નીવડશે.

### કર્ક — ડ,હ

કર્ક રાશિના જાતકો માટે આ સપ્તાહ લાભદાયી તથા સુખ શાંતિ વાળું નીવડશે. ઈલેક્ટ્રીસીટી રીલેટેડ પ્રોડકશન્સ ના ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતકો માટે લાભદાયક તથા ભાગદોડ વાળુ સપ્તાહ. ઉદ્યોગ, ધંધા વ્યવસાયના પેન્ડીગ રહેલા કામકાજ પુરા થઈ જવાના સંયોગો. અન્ય ઔદ્યોગિક એકમ તેમજ વાણિજ્ય એવમ વ્યવસાયિક એકમ એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયક તથા ધંધા-વ્યવસાયમાં નવી તકો મળવાની સંભાવનાઓ. સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ દરમ્યાન હળવા આર્થિક લાભ સાથે બદલી બઢતીનાં સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયી રહેશે. ૩૦ એપ્રીલ અર્ધ મધ્યમ જણાશે.

### સિંહ — મ,ટ

મસ મોટા અર્થાત વિશાળ ઉદ્યોગ તથા લોખંડ સંબંધિત મશીનરીઝના તમામ ઔદ્યોગિક એકમના જાતકો માટે સાવ સામાન્ય સપ્તાહ. અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયક રહેશે. તમામ પ્રકારના છૂટક તથા જથ્થાબંધ વ્યાપારી એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. પરિશ્રમી અને ઉદ્યમી જાતકો માટે આ સપ્તાહ ખુબ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના અધિકારી એવમ કર્મચારીઓ તથા ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ-લાભદાયી જણાશે. પરિવાર કે સ્નેહીઓ વચ્ચે નાની વાતે મનદુ:ખ થાય તેવા સંયોગો. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલાકર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. ૩ મે સામાન્ય નીવડશે.

### કન્યા — પ,ઠ,ણ

શેરબજારના જાતકો માટે આ સપ્તાહ થોડું સરેરાશ અથવા સામાન્ય જણાશે. સર્વિસ બિઝનેસ, તેમાં પણ ખાસ કરીને મેનેજમેન્ટ/ફાઈનાન્સ રીલેટેડ ફર્મસના જાતકો માટે આ સપ્તાહ ભાગદોડ વાળું એવમ લાભદાયક નીવડશે.તમામ કદના ઔદ્યોગિક એકમના જાતકો તેમજ તમામ પ્રકારના વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયી નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મીઓ તથા ગૃહિણીઓ માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૨૯ એપ્રીલ અર્ધ-સામાન્ય રહેશે.

### તુલા — ર,ત

અધૂરા રહેલા તમામ કામકાજમાં સફળતા મળતી જણાશે તથા વિલંબ થતાં કામકાજમાં ઝડપભેર નીવેડો આવવાના સંયોગો અને સંભાવના. આ સપ્તાહે સ્થળાંતર, યાત્રા, પ્રવાસ થવાના સંયોગો અને સંભાવના પણ. ગ્રેઈન મર્ચન્ટ, તથા જથ્થા બંધ વ્યાપારી જાતકો માટે વિશેષ લાભકર્તા. આ સિવાયનાં અન્ય તમામ મોટા ઔદ્યોગિક એવમ વ્યાપાર-વણિજ એકમના જાતકો માટે લાભકર્તા સપ્તાહ. આ સપ્તાહ દરમ્યાન સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી બદલીના સંયોગો. અર્ધ સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. પરિવાર તથા સગાં સ્નેહી તરફથી સાથ સહકાર. વિદ્યાર્થી, મહિલાકર્મી, તથા ગૃહિણી માટે ઉત્તમ સપ્તાહ. ૨૯ એપ્રીલ જ સરેરાશ રહેશે.

### વૃશ્ચિક — ન,ય

સર્વિસ બિઝનેશના જાતકો માટે આ સપ્તાહ અર્ધ મધ્યમ અથવા પ્રતિકૂળ રહેશે. નાના ઔદ્યોગિક તથા કુટિર ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે સપ્તાહ. મોટા ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ તથા ભાગદોડ વાળું નીવડશે. પ્રિંટીંગ, ઓફસેટ તથા સ્ટેશનરી સંબંધિત ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એવમ વ્યાપારી જાતકો માટે આ સપ્તાહ સાવ સરેરાશ રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ તથા સરકારી કર્મચારીઓ માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી માટે સાનુકૂળ સપ્તાહ. ૨ તથા ૩ મે સામાન્ય નીવડશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

લોખંડ સંબંધિત મશીનરીઝના તમામ ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સાવ સામાન્ય નીવડશે. અન્ય, ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ હળવું લાભદાયી રહેશે. તમામ પ્રકારના છૂટક તથા જથ્થાબંધ વ્યાપારી એકમના તમામ જાતકો માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. પરિશ્રમી અને ઉદ્યમી જાતકો માટે આ સપ્તાહ બહુ લાભકારી રહેશે. સરકારી ક્ષેત્રના અધિકારી એવમ કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના તમામ વર્ગના કર્મચારી માટે આ સપ્તાહ થોડું પ્રતિકૂળ જણાશે. સગા-સ્નેહી સાથે નાની વાતે મનદુ:ખ થવાના સંયોગો. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તેમજ મહિલાકર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૩૦ એપ્રીલ સરેરાશ રહેશે.

### મકર — ખ,જ

અધૂરા રહેલા ધંધાકીય કામકાજનો સફલતાપૂર્વક નિકાલ આવવાના સંયોગો. કુરિયર કાર્ગો એકમના જાતકો એવમ પ્રિન્ટ્સ, કાગળ, પ્રકાશન એકમના જાતકો ત્થા સ્ટેશનરી, પેકીંગ મટીરીયલ્સ સંબંધિત ઔદ્યોગિક એકમ તથા વ્યાપારના જાતકો માટે આ સપ્તાહ હળવા સંઘર્ષ વાળું જણાશે. પરંતુ સાથે લાભદાયક પણ રહેશે. આ સિવાયના અન્ય ઔદ્યોગિક એકમ તથા જથ્થાબંધ વ્યાપારી એકમ ના જાતકો માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના જાતકો તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નિવૃત્ત, મહિલા કર્મી,ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. ૨૭ એપ્રીલ જ મધ્યમ નીવડશે.

### કુંભ — ગ,શ,ષ

આયુર્વેદ એવમ પ્રાકૃતિક ચિકિત્સક એવમ તેની ફાર્મસીના જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે, સાથે સાથે અનેક નવી તક મળવાના સંયોગો અને સંભાવના. જાહેર એવમ રાજકીય ક્ષેત્રની પ્રસિદ્ધ વ્યક્તિ માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ જણાશે. મોટા કદના તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ દરમિયાન અણધાર્યા ફાયદા થવાની સંભાવના. વ્યાપાર- વાણિજયક એકમના જાતકો માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારીઓ તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી અને વર્કિંગ વૂમન માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ૨૯ એપ્રીલ સાધારણ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન — દ,ચ,ઝ,થ

પબ્લિક ટ્રાંસ્પોર્ટ એજંસી, ટ્રાવેલ એજંસીના જાતકો માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ નીવડશે. મોટા+વિશાળ ઔદ્યોગિક એકમના જાતકો માટે આ સપ્તાહ સરેરાશ રહેશે. કુટિર ઉદ્યોગ એવમ નાના કદનાં ઔદ્યોગિક એકમનાં જાતકો માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. વ્યાપાર વણિજ એકમના જાતકો માટે સાનુકૂળ સપ્તાહ રહેશે. વ્યવસાયિક કલા કે પરામર્શ વ્યવસાયના જાતકો માટે લાભદાયક સપ્તાહ રહેશે. સરકારી ક્ષેત્ર તેમજ અર્ધ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ સરેરાશ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી અને વર્કિંગ વૂમન માટે લાભદાયક સપ્તાહ. ૨ મેનો દિવસ સામાન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય અભ્યંગ સ્નાન).

# મોટી સેવા કરતા 'નાનકડી' સેવા લોકો માટે સૌથી વધુ ઉપયોગી

## શિયાળામાં ધાબળા વિતરણ, ઉનાળામાં ઠંડા પાણીના પરબ, છાશ-વરિયાળી સરબત વિતરણ જેવા નાના પ્રોજેક્ટ જરૂરિયાતમંદને રાહત આપે છેઃ અતીવૃષ્ટિ કે પૂર વખતે લોકોને ભોજન પણ સેવાભાવી સંસ્થા પુરૂં પાડતા હોય છેઃ ઘણા યુવા મિત્રો હોસ્પિટલમાં ફળ-દવા-દૂધ વિતરણ સાથે ગરીબોને વસ્ત્ર દાન પણ કરે છે

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

સેવા પરમો ધર્મ આ સુત્રને પોતાનો જીવન મંત્ર બનાવીને પશુ-પંખીઓ સાથે જરૂરિયાતમંદ લોકોને આજે ઘણા લોકો મદદ કરી રહ્યા છે. કોઈપણ જાતના સંસ્થાના બેનર વગર આવા સેવાભાવી લોકો મોટી સેવા કરતા નાનકડી સેવા કરીને સૌથી વધુ લોકઉપયોગી થાય છે. આવા લોકો ક્યારેય અખબારોમાં ફોટા કે પ્રેસનોટ પણ નથી આપણાં, જે તેની મહાનતા છે. સમગ્ર દેશમાં આપણાં ગુજરાત કે સૌરાષ્ટ્રમાં આવા ઘણા ગૃપો-મંડળો કે કોઈ એકલો માણસ સૌથી વધુ સેવા કાર્ય કરી રહ્યો છે. ગૃપમાં બધા પોતે ઘરના પૈસા કાઢીને ડોનેશન વગર પણ સેવા કરી રહ્યા છે.

હાલનાં ઉનાળામાં ઠંડા પાણીના પરબ, છાસ અને વરિયાળી સરબત વિતરણ જેવા નાના પ્રોજેકટથી ઘણા જરૂરિયાતમંદને ટાઢક આપી રહ્યા છે. ઘણી સંસ્થા ચપ્પલ વિતરણ સાથે ઝુંપડપટ્ટીના બાળકોને નાસ્તો અને ભોજન પણ કરાવે છે. અમુક કોલેજીયનના ગૃપો કે યુવા મિત્રો દર રવિવારે ઝુંપડપટ્ટીના બાળકોને ભણાવવા જાય છે. શિયાળામાં ધાબળા વિતરણ અને અતીવૃષ્ટિ કે પૂર વખતે જરૂરિયાતમંદ લોકોને ગરમા-ગરમ ભોજનનો પ્રબંધ કરે છે. સરકારી દવાખાનામાં દર્દીઓ દવા-દૂધ-ભોજન સાથે રોકડ સહાય પણ કરે છે. આપણા સૌરાષ્ટ્રમાં આવા લોકોની સંખ્યા ભલે નાની હોય પણ જેટલા છે, તેટલા ખુબ જ સુંદર સેવા કરી રહ્યા છે. જે વ્યક્તિ સેવા કાર્યો કરે છે, તેને કોઈ કાર્ય નાનું લાગતું નથી. પવર્તમાન ઉનાળામાં પક્ષીઓ માટે પાણીના કુંડા અને માળાનું વિનામૂલ્યે વિતરણ કરે છે. ગૌ-માતાની સેવા પણ ઘણા ગૃપો કરી રહ્યા છે. ગરીબ અને જરૂરિયાતમંદ માટે ભોજનનો નિયમિત પ્રોજેક્ટ પણ ચલાવાય છે.



એકલા રહેતા વયોવૃધ્ધ સ્ત્રી-પુરૂષ સિનિયર માટે તેમના ઘેર ટીફિન પહોંચાડીને સેવા પ્રોજેક્ટ ચલાવાય છે. શહેરમાં વિવિધ સંસ્થાઓ ચાલતી હોય પણ આવા નાના-નાના સેવા પ્રોજેક્ટ એક સામાન્ય વ્યક્તિ જ ચલાવતા જોવા મળે છે. સરકારી શાળામાં ઘણા લોકો પોતાનો જન્મદિવસ ઉજવીને બાળકોને નાસ્તો કે જમણવાર કરતાં હોય છે. ઘણા ગરીબ છોકરાની ફિ ભરીને તેનું જીવન સુધારનાર ક્યારેય પોતાની વાત કરતો નથી. આજે શ્વાનોની કફોડી હાલતમાં તેને ભોજન અને અકસ્માતથી બચાવવા રીફલેક્ટર પહેરાવાય છે. ડોગ લવર ગૃપોમાં યુવા બહેનો સુંદર કાર્ય કરી રહ્યા છે. ઘણા ગૃપો સરકારી કે પ્રાઈવેટ દવાખાને લોહીની જરૂર હોય ત્યારે બ્લડબેંક પહોંચીને કોઈકના દુ:ખમાં સહભાગી બને છે. નિસ્વાર્થ સેવાને કારણે જરૂરિયાતમંદોના ઘણા કાર્યો સરળ થઈ જતાં જોવા મળે છે. દર અઠવાડીએ શહેરમાં કે ત્યાંથી દૂર વૃક્ષો વાવવાની ઝુંબેશ પણ યુવાનો જ ચલાવે છે. આવા કર્યો કરતા લોકો પોતાની સેવા માટે કોઈ આગળ હાથ લાંબો કરતા નથી. રાહતદરે દવા-નિદાન કેમ્પ સાથે દાદા-દાદીને દત્તક લઈને તેને સંતાનો કરતા વિશેષ પ્રેમ આપે છે. વૃધ્ધાશ્રમોમાં પણ એકલા પડી ગયેલાને ફાઈવસ્ટાર સુવિધામાં બાકી જીવન પસાર કરે તેવા પ્રોજેક્ટ પણ ચલાવાય છે. ગુજરાતમાં ઘણી હોસ્પિટલ એકપણ પૈસા લિધા વગર દર્દીઓને મફત-નિદાન-સારવાર-ઓપરેશન કરી આપે છે. સેવા કરવી જ હોય તો આપણા સૌરાષ્ટ્રમાં દેવાવાળા ઘણા મળી જ રહેતા હોવાથી અહીં ઘણા સેવા પ્રોજેક્ટ ચાલે છે. મા-બાપ વગરની અનાથ કન્યાઓના સમુહ લગ્ન પણ ઘણી સંસ્થા કરતી જોવા મળતાં આવા પરિવારની મુશ્કેલી દૂર થતી જોવા મળે છે. ઘણા નિવૃત્ત શિક્ષકો પોતાના સમયે શાળામાં બાળકોને ભણાવવા કે મફત ટ્યુશન વર્ગો પણ ચલાવે છે. અકસ્માત વખતે એક માનવતાની રૂએ ઘણા મહત્વની સેવા કરતાં હોય છે. આજે શિક્ષણ માટે શાળા અને દર્દીની સારવાર માટે હોસ્પિટલની તાતી જરૂરિયાત હોવાથી આ ક્ષેત્રે ઘણા લોકો દાન આપીને સેવા કરી રહ્યા છે. આજે તો જ્ઞાતિ મંડળો પણ પોતાના પરિવારને મદદરૂપ થતાં જોવા મળે છે. ધો.૧૦-૧૨માં શ્રેષ્ઠ ગુણે પાસ થનારને માન સન્માન સાથે આગળ ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક સહાય કરનાર દાતાઓની સંખ્યા મોટી છે.

ડાયાલિસીસ માટે આર્થિક સહાય અને કેન્સર ટ્રીટમેન્ટમાં કિમોથેરાપીમાં પણ મદદરૂપ થતી સંસ્થાઓ જોવા મળે છે. ઘણા લોકો બાળકોમાં રહેલી વિવિધ કલાને પ્રોત્સાહન કરીને તેને આગળ વધવા મદદ કરે છે.

**સેવા કરવી હોય તો સહયોગ મળી જ જશેઃ** આજે કોઈપણ જાતના સંસ્થાના બેનર વગર સેવા કરતા લોકોની સંખ્યા દિનપ્રતિદીન વધતી જાય છે. જો તમારે જરૂરિયાતમંદ લોકોની સેવા જ કરવી જ હોય તો તમને સમાજનો કે દાતાઓ સહયોગ મળી જ રહેવાનો છે. સરકાર બધે જ પહોંચી ન શકે ત્યારે આવી વ્યક્તિ-સંસ્થા કે ગૃપો જ લોકોને મદદ કરતા હોય છે. ઘણીવાર નાનકડું કાર્ય પણ કોઈકને જીવતદાન કે મુશ્કેલીમાંથી માર્ગ બતાવે છે.

### આ છે, નાના પણ 'મોટા' સેવા કાર્યો

- ધાબળા વિતરણ
- ચપ્પલ વિતરણ
- વસ્ત્રદાન
- રક્તદાન
- છાસ-સરબત કે ઠંડા પાણીનું પરબ
- દર્દીને દવા-ફ્રૂટ કે ભોજન
- એકલા રહેતા સિનિયરો માટે ઘેર બેઠા ટીફિન પ્રોજેક્ટ
- ગરીબ બાળકોને શૈક્ષણિક સહાય
- અનાથ કન્યાના સમુહલગ્ન
- ગરીબ પરિવાર કે વિધવાને રાશન કીટ વિતરણ
- બિન વારસી લાશને અગ્નિ સંસ્કાર

## સૂડોકુ -૧૪૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | | ૪ | | ૫ | | ૬ |
| | | ૪ | | | | ૨ | | |
| ૬ | | | ૨ | | | | | |
| | ૧ | | | | | | ૫ | ૯ |
| | | ૭ | | | | | | |
| | ૬ | | | ૧ | | ૮ | | ૭ |
| ૭ | ૨ | | | | ૩ | ૯ | | |
| | | | ૫ | | ૨ | | ૩ | ૮ |
| ૫ | | ૩ | ૭ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૩૯ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૪ | ૨ | ૮ |
| ૨ | ૯ | ૪ | ૭ | ૮ | ૧ | ૬ | ૫ | ૩ |
| ૬ | ૮ | ૫ | ૪ | ૩ | ૨ | ૭ | ૧ | ૯ |
| ૩ | ૬ | ૨ | ૫ | ૪ | ૭ | ૯ | ૮ | ૧ |
| ૪ | ૧ | ૮ | ૬ | ૯ | ૩ | ૨ | ૭ | ૫ |
| ૭ | ૫ | ૯ | ૨ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ |
| ૫ | ૨ | ૩ | ૧ | ૬ | ૪ | ૮ | ૯ | ૭ |
| ૮ | ૪ | ૧ | ૩ | ૭ | ૯ | ૫ | ૬ | ૨ |
| ૯ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૧ | ૩ | ૪ |

## અબતક પંચાગ

### તા.૨૭-૪-૨૦૨૫ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ચૈત્ર વદ અમાસ દર્શ અમાસ
**નક્ષત્ર** અશ્વિની
**યોગ** પ્રીતિ **કરણઃ** અનુષ્પાદ
**સુર્યોદય** ૬.૧૯ **સુર્યાસ્તઃ** ૭.૧૧
**ચંદ્ર રાશી** મેષ
**રાશિ અક્ષર** અ.લ.ઈ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૧ થી ૧.૧૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૨૬-૦૪-૨૦૨૫ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (પારસ પાઘી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બીરબલ કી સબ્જી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (હેલ્થી પેરગનેન્સી)
૦૪:૩૦ થી ૦૬:૦૦ ગુજરાતી નાટક (સુંદર બે બાયડીવાળા)
૦૬:૦૦ થી ૦૧:૦૦ ક્રિકેટ ટુર્નામેન્ટ વોયસ ઓફ લોર્યસ
**તારીખ ૨૭-૦૪-૨૦૨૫ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (૩ એક્કા)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ વડાપાઉં)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૧૩ ચાય પે ચર્ચા (ગાયનોકલોજીસ્ટ)
૦૪:૧૩ થી ૦૪:૩૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૪:૩૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૨૮-૦૪-૨૦૨૫ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારી બાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૭.૪.૨૦૨૫, રવિવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર વદ અમાસ, અશ્વિની નક્ષત્ર, પ્રીતિ યોગ, નાગ કરણ, આજે જન્મેલાંની ચંદ્રરાશિ મેષ (અ,લ,ઈ) રહેશે

**મેષ** (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો,દિવસ લાગણી સભર રહે.
**વૃષભ** (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાંથી માર્ગ મળે, મધ્યમ દિવસ.
**મિથુન** (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રૂકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહથી રસ્તા કાઢવા પડે.
**કર્ક** (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.
**સિંહ** (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે,લોકોની પ્રશંશા મળે,શુભ દિન.
**કન્યા** (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
**તુલા** (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
**વૃશ્ચિક** (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે,ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
**મકર** (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસઆનંદ પ્રમોદમાં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
**કુંભ** (ગ,સ,શ ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**મીન** (દ,ચ,ઝ,થ) : સામાજિક કૌટુંબિક કાર્ય થાય,પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકોને પ્રભાવિત કરી શકો.

## પિશાચયોગની અસરમાં ઘટનાક્રમ તેજીથી આગળ વધશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અત્રે લખ્યા મુજબ રાહુ અને શનિ જળતત્વની રાશિ મીનમાં જ છે અને તેની દ્રષ્ટિ કર્કના મંગળ પર અને વૃશ્ચિક રાશિ પર આવી રહી છે આમ રાહુની અસરમાં ત્રણે જળતત્વની રાશિ છે વળી શનિ રાહુ અને મંગળ જળતત્વથી આહત થાય છે જે જળતત્વને ડિસ્ટર્બ કરે છે જેના લીધે અગાઉ કોંગો નદીમાં મોટી નાવ દુર્ઘટના બની હતી અને દુર્ઘટના બની સબમરીન હવે સમુદ્રમાં યુદ્ધાભ્યાસ જારી છે વળી સિંધુ જળ સમજૂતી ભારતે સ્થગિત કરી છે આમ જળતત્વનું પ્રભુત્વ જોવા મળે છે વળી આગામી દિવસોમાં પણ જળને લગતી બાબતો નદી વિવાદ, ડેમ અને સમુદ્ર વિગેરેમાં ખુબ હલચલ રહેશે અને યુદ્ધ માટે પણ સમુદ્રનો વિશેષ ઉપયોગ થશે અને યુદ્ધપોતો પણ તેમાં સક્રિય ભૂમિકા નિભાવશે. પિશાચ યોગ વચ્ચે જળતત્વના પ્રભાવના કારણે ખાસ તકેદારી એ રાખવી પડશે કે આપણા પાણીના સ્ત્રોત્રમાં દુશ્મનો ઝહેર કે કેમિકલ નાખવાનો પ્રયત્ન ના કરે કેમ કે જલતત્વ દુષિત થઈ રહ્યું હોય આ પ્રકારની ઘટનાઓથી સાવચેતી રાખવાની વિશેષ જરૂર રહેશે. આ સમયમાં જળચરોને પણ તકલીફ પડતી જોવા મળે અને દરિયામાં પ્રદુષણ પણ જોવા મળે જે વિષે અત્રે લખી ચુક્યો ચુ વળી આગામી દિવસોમાં પિશાચયોગની અસર હોય ઘટનાક્રમ તેજીથી આગળ વધશે અને ભારત સ્વાભિમાનપૂર્વક પાકિસ્તાન પર ચોટ કરશે તેમાં શંકાને સ્થાન નથી!!

## ઉત્તમ સુવિધા, શ્રેષ્ઠ શિક્ષણ અને સંસ્કારોનો સુગમ સમન્વય એટલે ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલેન્સ

# ૩૨ ગુણ, ૬૪ કળા અને ૧૬ સંસ્કારો સાથે વિદ્યાર્થીઓ માટે અલાયદી શિક્ષણ વ્યવસ્થા

## ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલેન્સના સંચાલક ડો.મેહુલ રૂપાણીના આમંત્રણને માન આપી ‘અબતક’ મીડિયાના મેનેજીંગ તંત્રી સતિષભાઈ મહેતાએ સંસ્થાની મુલાકાત લઈ શિક્ષણ વ્યવસ્થા અંગે તલસ્પર્શી માહિતી મેળવીને તમામ સ્કૂલોએ આ પ્રકારના મોડેલની શરૂઆતનું કર્યું આહવાન


**અબતક, રાજકોટ**

શિક્ષણ એટલે સમગ્ર વ્યકિતત્વની એક એવી કેળવણી જેમાં માત્ર ભણતર નહીં, પરંતુ જીવન વિષયક બાબતોને પણ આવરી લેવામાં આવે. દરેક માતાપિતાનું સ્વપ્નું હોય છે કે, પોતાના સંતાનોને ભણતર સાથે ગણતર પણ મળે.ભણતર એટલે શિક્ષણ અથવા કેળવણી અને ગણતર એટલે અનુભવનું ભાથું અને કોઠાસૂઝ. અગાઉના જમાનામાં શિક્ષણ કે ભણતરનો આટલો વ્યાપ ન હતો તથા શિક્ષણને લગતી શાળા મહાશાળાઓ હતી નહીં. ભણતરનાં સાધનો બહું ટાંચા હતાં, પરંતુ તે વખતે આપણા પૂર્વજો, વડવાઓ તથા વડીલો પાસે અનુભવ, આત્મવિશ્વાસ તથા આગવી કોઠાસૂઝ હતી એને લીધે તેઓ તમામ કામ પાર પાડી શકતાં હતાં.આવી જ એક શૈક્ષણિક સંસ્થા ગુજરાત સ્કૂલ ઓફ એક્સિલેન્સ રાજકોટમાં બાળકોને મોજમાં રાખી બાળકોને અલગ જ પ્રકારનું શિક્ષણ પ્રદાન કરી રહી છે.


ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલેન્સના સંચાલક ડો.મેહુલ રૂપાણીના આમંત્રણને માન આપી ‘અબતક’ મીડિયાના મેનેજીંગ તંત્રી સતિષભાઈ મહેતાએ સંસ્થાની મુલકાત લઈ ત્યાની શિક્ષણ વ્યવસ્થા અંગે તલસ્પર્શી માહિતી મેળવી હતી અને સ્કૂલની વિચારધારા નો-બેગ સ્કૂલ, ૩૨ ગુણ, ૬૪ કળા અને ૧૬ સઁસ્કાર બાળકોમાં કઈ રીતે ડેવલોપ કરી શકાય, કુટુંબ ભાવનાથી કઈ રીતે કામ કરી શકાય, ભણતર-ગણતર અને સમજણ આ ફિલોસોફીથી ભણતરમાં એક્સિલન્સી કઈ રીતે મેળવી શકાય આ તમામ વિચારોથી સતીષભાઈ મહેતા માહિતીગાર થયા હતા બાળકોની સૂર્યોદય સભા નો લાઈવ શો પણ નિહાળ્યો હતો. સ્કૂલના સ્ટાફ, પરિવાર અને બાળકોની મહેનત જોઈ સતીષભાઈ મહેતાએ તમામ સ્ટાફને પ્રોત્સાહન આપ્યું હતું.રાજકોટ શહેરના પૂર્વમાં આવેલ ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલન્સ સિસ્ટમ ભારતની પ્રથમ કોન્સેપ્ટ સ્કૂલ છે. જે બાળકોના ૩૨ ગુણ, ૬૪ કળા અને ૧૬ સંસ્કાર પર કાર્ય કરે છે.ગુજરાતની એકમાત્ર સ્કૂલ જ્યાં ખરા અર્થમાં ભાર વગરનું ભણતર આપવામાં આવે છે. એક એવી સ્કૂલ જ્યાં માત્ર શિક્ષણ જ નહીં પરંતુ વિદ્યાર્થીઓને સ્કીલસમાં પણ પ્રારંગત બનાવવામાં આવે છે.ગુજરાત સકૂલ ઓફ એક્સેલન્સ અંતર્ગત વિદ્યાર્થીઓને એક વિશિષ્ઠ મેથોડોલોજીથી શિક્ષણ પીરસવા આવે છે. જેથી બાળખોને શ્રેષ્ઠ શિક્ષકોનું માર્ગદર્શન મળી રહે અને વિદ્યાર્થી જીવનપર્યત શિક્ષણ યાદ રાખી શકે. આ જ મેથોડોલોજી અંતર્ગત જીવનના ૩૨ ગુણ, ૬૪ કળા અને ૧૬ સંસ્કાર આવરી લેવામાં આવ્યા છે.ગુજરાત સ્કુલ ઓફ એકસેલન્સ વિદ્યાર્થીઓના શિક્ષણની સાથે સંસ્કારોનું પણ ઉત્તમ સિંચન થાય એ પ્રયત્ન કરતી રહે છે જે અંતર્ગત દરરોજ સવારે બધા જ વિદ્યાર્થીઓ સાથે મળી પ્રાર્થના કરે છે. એટલું જ નહી આજ કાલ ખુબ જ પ્રસિદ્ધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરના સારા મોટીવેશનલ વિડીયો વિદ્યાર્થીઓને બતાવી સોશિયલ મીડિયાનો સાચી દિશામાં ઉપયોગ શીખવવામાં આવે છે.ઉપરાંત જે વિદ્યાર્થીનો જન્મ દિવસ હોય એ વિદ્યાર્થીના માતા પિતા પણ સાથે હાજર રહી વિદ્યાના દેવી શ્રી સરસ્વતી માતાના આશીર્વાદ લેવામાં આવે છે અને સંપૂર્ણ પ્રાર્થના સભાએ વિદ્યાર્થીને તથાસ્તુ શબ્દ પ્રયોગ કરી બાળકની ઈચ્છા માટે શુભઆશિષ આપે છે. જેથી બાળક જીવન માં આશીર્વાદનું મહત્ત્વ સમજી શકે. અહિયાં, સ્કુલ પરિસરમાં ચાલવું એ ફક્ત ચાલવું નથી અર્થાત અહિયાં રસ્તા પર ચાલ્યાનો અહેસાસ અને શિસ્ત જોવા મળે છે.સ્કુલના દરેક ખૂણા માં ટ્રાફિક નિયમો માટેના અલગ અલગ ચિન્હો લગાવેલ છે જેથી બાળકમાં એક સારો નાગરિક બનવાની ભાવના પ્રગટ થાય. સાથે-સાથે બાળકોને રમત ગમત ક્ષેત્રે આગળ વધારવા માટે સચોટ તાલીમ અને સુવિધાઓ આપવામાં આવે છે. ૪ વિજ્ઞાનના પ્રયોગો માટે અલગ અલગ સુવિધાઓથી સક્ક્ષ સાયન્સ લેબ, જે અંતર્ગત ધોરણ ૬ થી વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ માં આવતા બધા જ પ્રેક્ટીકલ શીખવવામાં આવે છે. સ્માર્ટ કોમ્પુટર લેબ તો ખરી જ. જેમાં વિદ્યાર્થીઓને બેઝીક કોમ્પ્યુટર અને અભ્યાક્રમની સાથે કોડીંગ પણ શીખવવામાં આવે છે. વિદ્યાર્થીઓને સંગીત, ડાન્સ, આર્ટ અને માર્શલ આર્ટ જેવી સ્કીલમાં પણ પારંગત બનાવવામાં આવે છે. ગુજરાત સ્કૂલ ઓફ એકસેલન્સના માર્ગદર્શક અને મેન્ટર તરીકે નીતિનભાઈ ભારદ્વાજ અને ભુપતભાઈ બોદરની આગેવાનીમાં ટ્રસ્ટીઓ ડો. નેહલભાઈ શુકલ, ડો. મેહુલભાઈ રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી, સંજયભાઈ વાઘર, નિયંતભાઈ ભારદ્વાજ અને અંશભાઈ ભારદ્વાજ સ્કૂલની વિચારધારાને લીડ કરી રહ્યા છે. આ સ્કૂલને એનઈપી મુજબ ક્નસેપ્ટ સ્કૂલ તરીકે આકાર આપવામાં હર્ષદભાઈ પરમાર, આર.ડી. દિક્ષિત, દર્શિબેન વોરા, પ્રેક્ષા પરમાર, જ્યોતિ મકવાણા, મિત્તલ દોશી, ધારા મારુ, પ્રીતિ ગુપ્તા, મનીષ રાજાણી, બીજલ રાણપરા, હર્ષદ પંડ્યા અને મયંગ ગરાચ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.









### શા માટે ગુજરાત સ્કૂલ ઓફ એકસેલેન્સ?

૧. વિશિષ્ઠ મેથોડોલોજીથી શિક્ષણ પીરસાય છે
૨. દરેક લેક્ચર પછી મોજ બ્રેક નામના પાંચ બ્રેક જેમાં નાસ્તા સાથે અલગ વિષયનું જ્ઞાન આપવામાં આવે છે.
૩. લેક્ચર પૂરો થતા જ બેલની બદલે એક મંત્ર બોલાવાય છે.
૪. સવારે બધા જ વિદ્યાર્થીઓ સાથે મળી પ્રાર્થના કરે છે.
૫. વિદ્યાર્થીઓને મોટિવેશનલ વિડીયો બતાવાય છે.
૬. સ્કૂલના દરેક ખૂણામાં ટ્રાફિક નિયમોના અલગ ચિન્હો મુકાયા છે.
૭. વિદ્યાર્થીઓને ઉધોગ સાહસિક બનાવવા માટે વિવિધ વિષયોના લેક્ચર લેવાય છે.
૮. ભણતરની સાથે રસોઈ, ઈસ્ત્રી, કપડાં ઘડી કરવા, ઈલેક્ટ્રિક વર્ક સહિતના કામો શીખવવામાં આવે છે.
૯. રમત-ગમત અને કૃષિ ક્ષેત્રે આગળ વધારવા માટે સચોટ તાલીમ.
૧૦. વિદ્યાર્થીઓને બેઝિક કમ્પ્યુટર સાથે કોડિંગ પણ શીખવવામાં આવે છે.
૧૧. સંગીત, ડાન્સ, આર્ટ અને માર્શલ આર્ટ જેવી સ્કીલમાં પારંગત બનવવામાં આવે છે.

### યુપીએસસીની નિઃશુલ્ક તૈયારી કરાવાય છે

દર વર્ષે ૧૦ લાખથી વધુ ઉમેદવારો યુપીએસસી સિવિલ સર્વિસિસ પરીક્ષા માટે અરજી કરે છે પરંતુ તેમાંથી માત્ર ૧,૦૦૦ જ આ પરીક્ષા પાસ કરી અને સિવિલ સર્વન્ટની પોસ્ટ મેળવવા માટે સક્ષમ છે. જો કેગુજરાત સ્કૂલ ઓફ એક્સિલેન્સ બાળકો માટે નિઃશુલ્ક યુપીએસસીની તૈયારી ધોરણ પાંચથી જ શરૂ કરાવી દેવામાં આવે છે. જેમાં છ વર્ષનો યુપીએસસીનો અભ્યાસક્રમ બનાવાયો છે અને એક્સપર્ટને બોલાવીને યુપીએસસીની નિઃશુલ્ક તૈયારી થકી બાળકોને ભવિષ્ય માટે



તૈયાર કરાવામાં આવે છે. નાની ઉંમરથી જ બાળકોમાં દેશની સર્વોચ્ચ સેવા એટલે કે સિવિલ સર્વિસીસમાં બાળકો જોડાઈ તે માટે ધોરણ ૫ થી જ એ પ્રમાણેની તૈયારી કરાવવામાં આવે છે.

### પાંચ વિદેશી ભાષા શીખવી વિદ્યાર્થીઓને ગ્લોબલ એક્સપોઝર માટે તૈયાર કરવામાં આવે છે

યુવાનોમાં વિદેશમાં સ્થાયી થવાનો તેમજ ઉત્તમ કરિયર મેળવવાનો ક્રેઝ દિવસેને દિવસે વધી રહ્યો છે, તેથી તેઓ મેન્ડેરિયન, જાપાનીઝ, ફ્રેન્ચ, સ્પેનિશ અને જર્મન જેવી વિદેશી ભાષાઓનું જ્ઞાન મેળવી રહ્યા છે. ત્યારે ગુજરાત સ્કૂલ ઓફ એક્સિલેન્સ દ્વારા વિદ્યાર્થીઓને નાનપણથી જ વિદેશી પાંચ ભાષા શીખવવામાં આવે છે. જેથી ભવિષ્યમાં ફોરેન લેંગવેન્જ શીખીને વિદ્યાર્થીઓ ગ્લોબલ એક્સપોઝર માટે તૈયાર થઈ શકે.

### વિદ્યાર્થીઓ ઉધોગ સાહસિક બને તેની ટ્રેનિંગ અપાય છે

આજના સમયમાં યુવાઓ પોતે જ સ્વાવલાંબન બને તે જરૂરી બન્યું છે. ત્યારે વિદ્યાર્થીઓને અલગ અલગ ઉદ્યોગોનું જ્ઞાન મળે એક સફળ ઉદ્યમીની લાક્ષણિકતાઓનો વિકાસ થાય જે અંતર્ગત લેકચર આપવામાં આવે છે. વિદ્યાર્થીઓ જીવન દરેક કામો સારી રીતે શીખી શકે જેમકે રસોઈ બનાવતા, વસ્ત્રોને ઈસ્ત્રી કરતા, કપડા ઘડી કરતા, સાઈકલ રીપેરીંગ, ઈલેક્ટ્રિક વર્ક, પ્લમ્બિંગ વર્ક વગેરે આવુ ઘણું શીખવવામાં આવે છે. બાળકોમાં જવાબદારીનો ગુણ વિકસાવવા યુથ એસેમ્બલીની રચના કરવામાં આવી છે. જયા વિદ્યાર્થીઓને આપણા દેશમાં સંસદ કાર્ય કરે છે એ રીતે જ અલગ અલગ જવાબદારીઓ સોંપવામાં આવી છે.

## સ્કુલ વિશે વધુ માહિતી મેળવવા મો નં. ૯૮૫૧૫ ૯૮૫૧૫-૭૮૭૪૬ ૬૧૧૧૩ પર સંપર્ક કરવો: ગુજરાત સ્કૂલ ઓફ એક્સેલન્સની, ૧૦ શિવધારા રેસીડેન્સી, ૫૦ ફૂટ રોડ, કુવાડવા રોડ, રાજકોટ ખાતે મુલાકાત લઈ શકાશે

# મોંઘવારીને નાથવામાં ગુજરાત સફળ: ફુગાવાનો દર માત્ર ૨.૬૩ ટકા જ !

## રાષ્ટ્રીય સરેરાશ કરતા રાજયમાં ફુગાવાનો સરેરાશ દર ઓછો

### મોટા અને વિકસિત રાજ્યોની સરખામણીમાં ગુજરાતનું સારુ પ્રદર્શન

ગુજરાત દ્વારા કાર્યક્ષમ રીતે ફુગાવાના સંચાલનનું આ પરિણામ છે કે રાજ્યએ મોટા અને વિકસિત રાજ્યોની સરખામણીમાં ફુગાવાને નિયંત્રિત રાખવાની બાબતમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના લેટેસ્ટ આંકડાઓ મુજબ, ઉત્તરપ્રદેશ (૩.૦૧%), બિહાર (૩.૧૧%), મધ્યપ્રદેશ (૩.૧૨%), રાજસ્થાન (૨.૬૬%), છત્તીસગઢ (૪.૨૫%), પશ્ચિમ બંગાળ (૩.૧૭%), કર્ણાટક (૪.૪૪%), મહારાષ્ટ્ર (૩.૮૬%) અને તમિલનાડુ (૩.૭૫%) જેવા મોટા અને વિકસિત રાજ્યોની સરખામણીએ ગુજરાત ૨.૬૩ ટકાના દર સાથે ફુગાવા પર નિયંત્રણ મેળવવામાં અસરકારક રીતે સફળ રહ્યું છે. બીજી બાજુ કેરળ ૬.૫૯ ટકા ફુગાવાના દર સાથે દેશમાં સૌથી વધુ મોંઘવારી દર ધરાવતું રાજ્ય બન્યું છે.

**અબતક, રાજકોટ**

દુનિયા માટે મોંઘવારી એક ખૂબ જ મોટી સમસ્યા બની રહી છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતે ઝડપી આર્થિક વિકાસની સાથે ફુગાવાને નિયંત્રિત કરવામાં પણ મોટી સફળતા મેળવી છે. કેન્દ્ર સરકારના આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા આંકડાઓ અનુસાર, માર્ચ ૨૦૨૫ માટે કન્ઝ્યુમર પ્રાઇસ ઈન્ડેક્સ પર આધારિત ગુજરાતનો વાર્ષિક છૂટક ફુગાવાનો દર (રિટેઈલ ઈન્ફ્લેશન રેટ) ફક્ત ૨.૬૩ ટકા રહ્યો છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૩.૩૪ ટકા કરતા ૦.૭૧ ટકા જેટલો નોંધપાત્ર રીતે ઓછો છે. આ દર ઘણા મોટા અને વિકસિત રાજ્યો કરતા પણ ઓછો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર ‘વિઝન વિકસિત ગુજરાત કા, મિશન જનકલ્યાણ કા’ ની પ્રતિબદ્ધતા સાથે રાજ્યનો આધુનિક વિકાસ કરવાની સાથે જ ‘ઈઝ ઓફ લિવિંગ’ ની દિશામાં પણ કામ કરી રહી છે. એક બાજુ સરકાર વિકાસ અને રોકાણ વધારવા માટે નવા ઉભરી રહેલા ક્ષેત્રોમાં નવી નીતિઓ બનાવી રહી છે, જ્યારે બીજી બાજુ નાગરિકો માટે રોજબરોજની જીવનજરૂરી ચીજવસ્તુઓની કિંમતો સ્થિર કરવા માટે પણ વિશિષ્ટ પ્રયત્નો કરી રહી છે. ગુજરાત સરકારે નીતિગત પગલાંઓ દ્વારા ફુગાવાના દરને નિયંત્રિત કરવામાં સફળતા મેળવી છે, જેના પરિણામસ્વરૂપે માર્ચ ૨૦૨૫ માટે રાજ્યનો ફુગાવાનો દર ૨.૬૩ ટકા રહ્યો છે. ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ફુગાવાનો દર ૨.૬૧ ટકા રહ્યો, જ્યારે શહેરી વિસ્તારોમાં આ દર ગ્રામીણ વિસ્તારોની સરખામણીએ થોડો વધુ એટલે કે ૨.૭૦ ટકા રહ્યો. આ બંને આંકડાઓ રાષ્ટ્રીય ગ્રામીણ સરેરાશ ૩.૨૫ અને રાષ્ટ્રીય શહેરી સરેરાશ ૩.૪૩ ટકાની સરખામણીએ ઘણા ઓછા છે.

આ આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રામ વિકાસલક્ષી નીતિઓના કારણે રાજ્યના ગામડાઓમાં છુટ્ટક વસ્તુઓ સસ્તી થઈ છે અને ગામડાઓમાં શહેરો કરતા મોંઘવારી ઓછી છે. રાજ્ય સરકારની અનેક યોજનાઓ ખેડૂતલક્ષી તથા ગ્રામ વિકાસલક્ષી છે, જેના કારણે ગામડાઓ સમૃદ્ધિ તરફ આગળ વધી રહ્યા છે.

‘વિકસિત ગુજરાતથી વિકસિત ભારત’ ના વિઝન સાથે આર્થિક વિકાસની દિશામાં ઝડપથી આગળ વધી રહેલા ગુજરાત જેવા ઔદ્યોગિક રાજ્યમાં ફુગાવાનો દર નિયંત્રિક કરવો એ એક મોટો પડકાર છે. પરંતુ, સરકારની રાજકોષીય સમજદારી, પુરવઠા શૃંખલામાં સુધારા, સ્પર્ધાને પ્રોત્સાહન, કાર્યક્ષમ બજાર નિયમન અને લઘુત્તમ ટેકાના ભાવ અને જાહેર વિતરણ વ્યવસ્થા જેવી ખાદ્ય ભાવ વ્યવસ્થાપન પહેલોને કારણે ફુગાવો નોંધપાત્ર રીતે નિયંત્રણમાં રહ્યો છે. આ આંકડા દર્શાવે છે કે ગુજરાતે ભાવ સ્થિરતા તેમજ ઝડપી આર્થિક વિકાસના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં ઉત્તમ સંતુલન પ્રાપ્ત કર્યું છે.

પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન
સીસીટીવી અને બાયોમેટ્રિક પૂરું પાડવું અને ટેલિકોમ સુવિધાઓની જોગવાઈ
ટેન્ડર આમંત્રણ નોટિસ નં. - DRM-SnT-ADI-Tele01 OF 25-26 [illegible] ટેન્ડર નં. DRM-SnT-ADI-Tele01 OF 25-26 [illegible] તારીખ 22.05.2025, 15:00 [illegible] (1) કામનું નામ: [illegible] (2) કામની અંદાજિત ખર્ચ: ₹ 74712807.17/- [illegible] (3) અર્નેસ્ટ મની ડિપોઝિટ: ₹ 523600.00/- [illegible] (4) બંધ થવાની તારીખ અને સમય: 22.05.2025 ના 15:00 [illegible] (5) ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 22.05.2025 ના રોજ 15:30 [illegible] (6) ઈ-ટેન્ડરીંગની વેબ સાઈટ: www.ireps.gov.in
[illegible] facebook.com/WesternRly

### -:: જાહેર નોટીસ ::-

પરચૂરણ અરજી નં.૧૬૪/૨૦૨૫

શ્રી નરશીભાઈ આંબાભાઈ બાવળીયા
રહે.વિંછીયા તા.વિંછીયા
જિ.રાજકોટ .....અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી, વિંછીયા
તા.વિંછીયા .....સામાવાળા

**વિષય: જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારની પુત્રશ્રી ધીરજલાલ નરશીભાઈ બાવળીયાનો જન્મ તા.૧૫-૦૨-૧૯૬૮ના રોજ વિંછીયા તાલુકાના વિંછીયા ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ બપોરેના ૩:૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

### -:: જાહેર નોટીસ ::-

પરચૂરણ અરજી નં.૧૬૧/૨૦૨૫

શ્રી દિલીપભાઈ નાગરભાઈ વિરજા
રહે.પીપરડી તા.વિંછીયા
જિ.રાજકોટ .....અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી,પીપરડી
તા.વિંછીયા .....સામાવાળા

**વિષય: મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારની માતાશ્રી લલીતાબેન નાગરભાઈ વિરજાનો મરણ તા.૩૦-૦૮-૨૦૦૬ના રોજ વિંછીયા તાલુકાના પીપરડી ગામે થતાં તેના મરણની નોંધ જે તે સમય સામાવાળાના મરણ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ બપોરેના ૩:૦૦ કલાકે હાજર રહેવુ. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

### -:: જાહેર નોટીસ ::-

પરચૂરણ અરજી નં.૧૬૫/૨૦૨૫

શ્રી સોમાભાઈ નાથાભાઈ કોડીયા
રહે.સમઢીયાળા તા.વિંછીયા
જિ.રાજકોટ .....અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી-કમ-મંત્રીશ્રી, સમઢીયાળા
તા.વિંછીયા .....સામાવાળા

**વિષય: મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત**

આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોકત અરજદારની પિતાશ્રી નાથાભાઈ કપુરભાઈ કોકીયાનો મરણ તા.૨૦-૦૮-૧૯૮૦ના રોજ વિંછીયા તાલુકાના સમઢીયાળા ગામે થતાં તેના મરણની નોંધ જે તે સમય સામાવાળાના મરણ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૨૬/૦૫/૨૦૨૫ના રોજ બપોરેના ૩:૦૦ કલાકે હાજર રહેવું. તેમજ અરજદાશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધી કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

### -:: જાહેર નોટીસ ::-

પરચુરણ અરજી નં. ૧૬૨/૨૦૨૫

શ્રી રમેશભાઈ રાજાભાઈ ડાભી
રહે. ધોબણી નાકા, ૬૬ કેવીની સામે,
મું. તા. માંડવી જિ. સુરત .....અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી,
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી - કમ - મંત્રીશ્રી, પીપરડી
તા. વિછીંયા .....સામાવાળા

**વિષયઃ-જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત**

આ જાહેર નોટીસથી લાગતા વળતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રી રમેશભાઈ રાજાભાઈ ગઢવીનો જન્મ તા. ૦૧-૦૧-૧૯૭૦ ના રોજ વિછીંયા તાલુકાના પીપરડી ગામે થતાં તેના જન્મની નોંધ જે તે સમય સામાવાળાના મરણ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૦૦ કલાકે હાજર રહેવું. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધ કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

### -:: જાહેર નોટીસ ::-

પરચુરણ અરજી નં. ૧૬૦/૨૦૨૫

શ્રી ભરતભાઈ વાસ્કુરભાઈ મકવાણા
રહે. પીપરડી. તા. વિછીંયા
જિ. રાજકોટ .....અરજદાર

**વિરૂધ્ધ**

સબ રજીસ્ટ્રારશ્રી,
જન્મ અને મરણ નોંધણી અધિકારી અને
તલાટી - કમ - મંત્રીશ્રી, પીપરડી
તા. વિછીંયા .....સામાવાળા

**વિષયઃ- મરણની નોંધ કરવા હુકમ કરવા બાબત**

આ જાહેર નોટીસથી લાગતા વળતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારના પત્નીશ્રી ભાવનાબેન ભરતભાઈ મકવાણાનું મરણ તા. ૨૧૦૫-૨૦૧૩ ના રોજ વિછીંયા તાલુકાના પીપરડી ગામે થતાં તેના મરણની નોંધ જે તે સમય સામાવાળાના મરણ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોય તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા. ૨૬/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૦૦ કલાકે હાજર રહેવું. તેમજ અરજદારશ્રીએ દૈનિક પત્રમાં જાહેર પ્રસિધ્ધ કરાવી દૈનિક પેપરની નકલ સાથે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા. ૨૨/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપી.

કોર્ટનો સિક્કો — સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જસદણ

## તંત્રી લેખ

# આતંકના સફાયાથી ઓછું કંઈ ન ખપે: દેશવાસીઓ યુધ્ધ માટે તૈયાર

અત્યાર સુધી એવું કહેવામાં આવતું હતું કે આતંકવાદીઓનો કોઈ ધર્મ હોતો નથી. પરંતુ જમ્મુ-કાશ્મીરના પહેલગામના બૈસારનમાં નિર્દોષ પ્રવાસીઓને તેમના ધર્મ પૂછીને કમળ પઢાડી જે રિતે ગોળીઓથી વિંધી નાખવામાં આવ્યા તેનાથી ૧૪૦ કરોડ ભારતીયોના હૈયા અફાટ રૂધન કરી રહ્યા છે. ભારતની જનતાને હવે આતંક વાદના સફાયાથી ઓછું બીજુ કશું જ ખપે તેમ નથી. દેશવાસીઓએ યુધ્ધ માટે સંપૂર્ણ માનસિકતા કેળવી લીધી છે. હવે નેતાઓએ હિંમતની ગોળી ખાઈ યુધ્ધ જાહેર કરી દેવું જોઈએ.

કોઈપણ રાષ્ટ્ર માટે યુધ્ધ હિતાવહ હોતું નથી તે વાત ૧૦૦ ટકા સાચી છે. યુધ્ધમાં બન્ને તરફ ભારે ખુંવારી થતી હોય છે. પરંતુ ભારત વિશ્વનો એવો દેશ છે જેને 'આતંક' નો સૌથી વધુ સામનો કરવો પડયો છે. આતંકવાદીઓ પોતાના ના-પાક. ઈરાદાઓને પાર પાડવા માટે નિર્દોષ નાગરીકોના જીવન હણી લ્યે છે. લોહીની નદીઓ વહાવે છે. પહેલગામ હુમલામાં માનવતા સંપૂર્ણ પણે મરી પરવારી છે. પૃથ્વીના સ્વર્ગ ગણાતા કાશ્મીરમાં ફરવા આવેલા નિર્દોષ પ્રવાસીઓને તેઓના ધર્મ પુછયું હિન્દુ ધર્મ એવું કહેતાની સાથે જ ગોળીઓથી વિંધી નાંખવા તે શું સુચવે છે. કયાં સુધી સહન કરીશું. એકવાર સંપૂર્ણ પણે યુધ્ધ જાહેર કરી આનંકવાદ અને તેઓને પોષતા તેમના આકાઓને નર્ક ભેગા કરી દેવા જોઈએ. પહેલગામમાં આતંકી હુમલા બાદ દેશવાસીઓનો રોષ સાતમા આસમાને પહોંચી ગયો છે. ભારત સરકાર દ્વારા પણ અનેક આકરા પગલાઓ લેવામાં આવ્યા છે. પરંતુ દેશવાસીઓને એવું લાગી રહ્યું છે કે આ પગલા હજી અપુરતા છે. ભારતના તમામ રાજકીય પક્ષોએ આતંકી હુમલા બાદ કેન્દ્ર સરકાર જે કંઈ પગલા લ્યે તેને સમર્થન જાહેર કરી દીધું છે. દેશની જનતા પણ યુધ્ધ માટે સંપૂર્ણ પણે તૈયાર છે ત્યારે હવે આતંકવાદના ખાત્મા માટે 'યુધ્ધ એ જ કલ્યાણ'નું સુત્ર ભારતે અપનાવી લેવું જોઈએ.

આપણી પણ સુરક્ષામાં ચૂક રહી ગઈ છે. તેમાં બે મત નથી. દર વખતે આપણી સામાન્ય ચૂકનો આતંકીઓ ગેરલાભ ઉઠાવી જતા હોય છે. અને નિર્દોષ નાગરીકોના જીવ હણી લ્યે છે. ભારતના એક પણ પાડોશી રાષ્ટ્ર સારા નથી તે વાત દેશનો એક-એક નાગરીક જાણે છે તો હવે ભારતે પોતાના નાગરીકોની સુરક્ષા પર વધુ ધ્યાન કેન્દ્રીત કરયું પડશે. વિશ્વની સૌથી મજબૂત ત્રીજી અર્થ વ્યવસ્થા બનતા હજી પાંચ-દશ વર્ષ નીકળી જશે તો ચાલકે પરંતુ નિર્દોષ દેશવાસીઓના જીવ બચાવવા સરકારની એક પણ ચૂક એક સેકન્ડ પણ નહી ચાલે.

(હસ્તાક્ષર)

---

### મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના અંતર્ગત

# અમરેલીના જીરા ગ્રામ પંચાયતના સરપંચને 'જિલ્લાના શ્રેષ્ઠ સરપંચ'નો એવોર્ડ

## સાંસદ ભરતભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી, નિબંધ સ્પર્ધાના વિજેતાઓને પ્રમાણપત્ર એનાયત કરાયા

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ અને સાંસદ ભરતભાઈ સુતરિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત ખાતે રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ ૨૦૨૫ની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લા પંચાયતની વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યો, અધિકારીઓ, કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો પણ જોડાયા હતા.

જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) અર્પણ ચાવડાએ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષમાં જિલ્લાની તમામ પંચાયતની વર્તમાન વિકાસ સ્થિતિનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતુ.મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના અન્વયે સાવરકુંડલાના જીરા ગ્રામ પંચાયત સરપંચ શ્રી દક્ષાબેન ચોડવાડીયાને ઉત્તમ કામગીરી માટે જિલ્લા શ્રેષ્ઠ સરપંચનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. નિબંધ સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.પંચાયતી રાજ દિવસની ઉજવણી કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા.




જમ્મુ કાશ્મીર પહલગામમાં થયેલ આતંકી હુમલામાં મૃત્યુ પામનાર દેશના નાગરિકોને મૌન શ્રદ્ધાંજલિ પણ આ કાર્યક્રમના પ્રારંભે અર્પણ કરવામાં આવી હતી.જિલ્લા પંચાયત સભ્ય પ્રભાતભાઈ કોઠીવાળે પ્રેરક સંબોધનમાં કહ્યુ કે, પંચાયતી રાજ વ્યવસ્થાને વધુને વધુ સુદ્રઢ બનાવવા માટે સ્થાનિક સ્વરાજના પ્રતિનિધિઓ, અધિકારીઓ, અને કર્મચારીઓ વચ્ચેનું સુવ્યવસ્થિત સંકલન મહત્વનું હોય છે. તેમણે જિલ્લામાં ગ્રામ્ય સ્તરથી શહેર સ્તર સુધી છેવાડાના વિસ્તારોમાં છેવાડાના માનવી સુધી પાયાની મહત્વની સુવિધાઓ અને સરકારી યોજનાઓનો લાભ પહોંચી રહ્યો છે કે નહિ ? તે બાબતે વર્ષમાં બે વખત વિસ્તૃત સમીક્ષા બેઠક ગોઠવવાનો વિચાર રજૂ કર્યો હતો, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ આ વિચારને આવકાર્યો હતો.જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યાએ કહ્યુ કે, જિલ્લાના વિકાસ માટે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં સતત વિકાસ થાય તે જરુરી અને તેના માટે સૌનો સહિયારો પ્રયાસ જરુરી છે. દેશના ગામડાંઓ પણ શહેરીકક્ષાની સુવિધા મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. વિવિધ સરકારી યોજનાઓના સુદ્રઢ અમલીકરણને લીધે ગ્રામ્ય સ્તરે પણ સકારાત્મક પરિવર્તન આવ્યું હોવાનું નોંધી શકાય છે. પંચાયતી રાજ દિવસ-૨૦૨૫ની ઉજવણીના કાર્યક્રમમાં, અમરેલી જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ ચેરમેન ભીખાભાઈ, આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનભાઈ કુંજરીયા, જિલ્લા પંચાયત સભ્ય પ્રતાપભાઈ કોઠીવાળ, જીતુભાઈ ડેર, પ્રવીણભાઈ માંગરોળિયા, સરપંચો સહિતના પદાધિકારી, હોદ્દેદારો, નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) અર્પણ ચાવડા સહિતના અધિકારીઓ અને, કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

---

# વેરાવળમાં ઉદ્યોગકારો માટે ગુજરાત ગુણવત્તા યાત્રા ચર્ચા સત્રમાં નિષ્ણાંતોએ કર્યુ મનોમંથન

## ગુજરાતને ગુણવત્તા યુવક ઉત્પાદનોનુ હબ બનાવવા મુખ્યમંત્રીનું આહવાન

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત, ગતિશીલ ગુજરાતમાં ગુણવત્તાનો 'જી' જોડી દેશનું પ્રથમ વિકસિત રાજ્ય ગુજરાત બને તેવા સહિયારા સંકલ્પ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રેરક આહવાન કર્યુ છે.

જે અંતર્ગત વેરાવળ ખાતે ઉદ્યોગકારો માટે ગુજરાત ગુણવત્તા યાત્રાના વિવિધ ચર્ચાસત્ર યોજાયા હતાં.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે માર્ગદર્શન આપતાં ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પ્રાદેશિક કચેરીના સલાહકાર જગત પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં ડિજીટલ ઈન્ડીયા, સ્ટાર્ટઅપ ઈન્ડીયા, મેઈક ઈન ઈન્ડીયા, સ્કીલ ઈન્ડીયા જેવા અભિયાનોને વેગ મળ્યો છે, ત્યારે ગુજરાત ગુણવત્તા યાત્રા થકી ઝેડ.ઈ.ડી. અને લીન પ્રમાણપત્રો વિશે માર્ગદર્શન મેળવી સર્વસમાવેશક અને ટકાઉ ઔદ્યોગિક




વિકાસને ઉદ્યોગકારો વધુ વેગ આપી શકાશે.

ઉદ્યોગકારોના હેલ્થકેર, શિક્ષણ અને ઉદ્યોગને અનુરૂપ એન.એ.બી.એચ, એન.એ.બી. સી.બી, એન.એ. બી.ઈ.ટી, એન.બી. ક્યૂ.પી, પી.એ.ડી.ડી, પી.પી.આઈ. ડી સંસ્થાઓની કાર્યશૈલી અને વિવિધ પ્રમાણપત્રો વિશે ઉપસ્થિત સર્વેને અવગત કર્યા હતાં.

ટેકનીકલ એક્સપર્ટ જોગેન્દ્રસિંહ દ્વારા ઓર્ગેનાઈઝિંગ પાર્ટનર દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે ઝેડ.ઈ.ડી અને લીન પ્રમાણપત્રો પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના રિસોર્સ પર્સન અજય રામ દ્વારા મુખ્ય નિયમનકારી અનુપાલન વિશે વિગતો આપવામાં આવી હતી.

તજજ્ઞ હિરેનભાઈ વ્યાસે ઈન્ટરનેશનલ ઓર્ગનાઈઝેશન ફોર સ્ટાન્ડર્ડાઈઝેશનના વિવિધ ધોરણો જેવા કે ૯૦૦૧, ૧૪૦૦૧, ૫૦૦૦૧, ૪૫૦૦૧ વગેરે વિશે પ્રાથમિક માહિતી આપી અને આઈ.એસ.ઓ ધારાધોરણની અગત્યતા સમજાવી હતી.

આ યાત્રા દરમિયાન ગુણવત્તા રથ, જાગૃતિ અંગેના વર્કશોપ, વેબિનાર્સ થકી માર્ગદર્શન આપવામાં આવશે અને આવા જ વિવિધ આયોજનો થકી આ યાત્રાનું મિશન ગુણવત્તા વધારવી તેમજ માન્યતા અને પ્રમાણપત્રો થકી ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરું પાડવાનું છે.

આ ચર્ચાસત્રમાં ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સંયુક્ત નિયામક મોહિતસિંહ, ઉદ્યોગ વિભાગના સર્વે અધિકારી એચ.એમ.વાઘેલા, પી.એમ.પટેલ, ઓલ ઈન્ડિયા સી-ફૂડ એક્સપર્ટ એસોસિએશનના કેતન સુયાણી, વેરાવળ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સચિવ કિશોરભાઈ સહિતના અગ્રણીઓ અને જિલ્લાના ઉદ્યોગકારો ઉપસ્થિત રહ્યા હતાં.

---

# બગસરાના નાના મુંજિયાસર ગામે કિસાન પરિવાર આયોજિત ૧૨મો સમુહ લગ્નોત્સવ સંપન્ન



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરાના નાના મુંજિયાસર ગામે કિસાન પરિવાર દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન સમારોહ યોજાયો. જેમાં ૧૨ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. જેમાં સંતો મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

આ તકે તમામ નવ દંપતિઓને દાતાના સહયોગથી કરિયાવર આપવામાં આવ્યો હતો તેમજ આ સમારોહમાં આશરે ૩ હજાર લોકોએ પ્રસાદ લીધો હતો તેમજ દાતાઓને હાર તથા સાલ તથા મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. આ સમગ્ર સમુહ લગ્નનું આયોજન નાના મુંજીયાસર ગામના મનસુખભાઈ ક્યાડા તથા તેની ટીમ યુવાનો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું તથા સમગ્ર દાતાઓના સહયોગથી આ આયોજન કરવામાં આવ્યું હતું.

---

# ધ્રોલના લતિપર ગામે કાલે માતાજીનો નવરંગ માંડવો

**અબતક, સંજય ડાંગર,ધ્રોલ**

ધ્રોલ તાલુકાના લતિપુર ગામે શ્રી કાંઠાવાળી મેલડી માતાજીનો ૨૪ કલાકનો નવરંગ માંડાનું સમસ્ત ગામ તેમજ શ્રી કાંઠાવાળી મેલડી માતાજી સમિતિ ધ્વારા રવિવાર ને તા. ૨૭ના રોજ આયોજ કરવામાં આવેલ છે. આ અવસરે વિવિધ ધાર્મિક કાર્યકમોનું આયોજન હોય ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આ ધાર્મિક કાર્યક્રમનો લાભ લેશે.



ધ્રોલના લતિપર ગામે શ્રી કાંઠાવાળી મેલડી માતાજીના ૨૪ કલાક નવરંગ માંડવા દરમ્યાન તા. ૨૭ના રોજ વહેલી સવારે થાંભલી રોપણ, સાંજે ૪.૧૫ કલાકે માતાજીના સામૈયા અને સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આ માંડવામાં રાવળદેવ તરીકે હકાભાઈ માલણીયાત અને સાગરભાઈ માલણીયાત ઉપસ્થિત રહેશે અને સાથો સાથ પંચના ભુવાઓમાં શ્રી રામજીભાઈ વાઘેલા, સંતોષભાઈ સરવૈયા સહીતના ભુવાઓ હાજરી આપવામાં છે. ત્યારે આ માતાજીના માંડમાં ઉપસ્થિત રહેવા માટે ધર્મપ્રેમી જનતાને અનુરોધ કરવામાં આવેલ છે.

ભરતસિંહ જાડેજા, હસમુખભાઈ સરવૈયા (સરપંચ), શામજીભાઈ વાઘેલા, મનસુખભાઈ વાઘેલા, વિજયભાઈ વાઘેલા, બાપાલાલ જાડેજા, શૈલેષભાઈ કેશુર, કાનજીભાઈ ગોગરા, ગણેશભાઈ મુંગરા દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવ્યું હોવા નુ યાદીમા જણાવેલ.

---

# ઘોઘાના વાળુકડ આરોગ્ય કેન્દ્રમાં નિ:શુલ્ક એક્સ-રે કેમ્પ યોજાયો

**અબતક, આનંદ રાણા, સિહોર**

ઘોઘાના વાળુકડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે રક્તદાન શિબિર અને નિઃશુલ્ક એક્સ-રે કેમ્પ યોજાયો હતો. જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ચંદ્રમણી કુમાર પ્રસાદ અને તાલુકા આરોગ્ય અધિકારી ડો.જીતુભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ દરમિયાન ૩૧ બોટલ લોહી રક્તદાતાઓ દ્વારા આપવામાં આવ્યું હતું. જેમાં સર તખ્તસિંહજી હોસ્પિટલની બ્લડ બેન્ક દ્વારા કામગીરી કરવામાં આવી હતી. જ્યારે જીલ્લા ક્ષય કેન્દ્રની ટીમ દ્વારા ૩૧ શંકાસ્પદ ટીબી દર્દીઓના એક્સ-રે કરવામાં આવ્યા હતા. આ મહત્વપૂર્ણ પ્રયાસમાં જીલ્લા ટીબી અધિકારી



ડો. પી.વી. રેવર તેમજ તેમની ટીમ ખાસ ઉપસ્થિત રહી હતી અને રક્તદાન પણ કર્યું હતું.

આ બંને કાર્યક્રમોમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સબ સેન્ટરના તમામ સ્ટાફ તેમજ આશા બહેનો અને આશા ફેસિલિટેટર બહેનોએ સમર્પિત અને નિષ્ઠાપૂર્વકથી કાર્ય કર્યું હતું. તેમની તત્પરતા અને પ્રયાસોથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

આ પ્રસંગે તાલુકા પંચાયતના સભ્ય રામજીભાઈ પટેલિયા, અર્જુનસિંહ ગોહિલ તેમજ પૂર્વ તાલુકા પ્રમુખ મહાવીરસિંહ ગોહિલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમને જરૂરીયાતમંદ દર્દીઓ માટે રક્તદાન કરીને તેમનું સમાજપ્રેમ તથા આરોગ્યપ્રતિ અભિગમ પ્રદર્શિત કર્યું હતું. જેમાં રામજીભાઈ પટેલિયા દ્વારા ૭૫મી વખત રક્તદાન કરવામાં આવ્યું હતું.

---

# ધોરાજી શહેર ભાજપના નવ નિયુક્ત પદાધિકારીઓની કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયા સાથે શુભેચ્છા મુલાકાત



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી શહેર ભાજપમાં નવ નિયુકત પદાધિકારીઓએ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાની મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યું હતુ.

ધોરાજી શહેર ભાજપના મહામંત્રી તરીકે જેન્તીભાઈ કોયાણીની નિયુકિત કરવામાં આવી છે. જેઓને કેન્દ્રીયમંત્રી ડો.માંડવીયા દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ હતા. ધોરાજી શહેર ભાજપના નવનિયુકત મહામંત્રી જે-તીભાઈ કોયાણીએ પોરબંદરના સાંસદ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાની શુભેચ્છા મુલાકાત કરેલ હતી. નવનિયુકત મહામંત્રી જેન્તીભાઈ કોયાણી, શહેર ભાજપ પ્રમુખ કૌશીક વાગડીયાને શુભકામના પાઠવેલ હતી.

---

# પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાંટવા ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

**અબતક, જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદરના બાંટવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર ચાંપરડાના મહંતશ્રી મુક્તાનંદજી બાપુના ૬૭માં પ્રાગટ્ય દિવસ નિમિતે તેમના તથા તાલુકા હેલ્થ ઓફીસ માણાવદર તથા બાંટવા ગામના તેમજ તાલુકાના લોકોના સહયોગથી બ્લડ ડોનેસન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં કુલ ૪૫ દાતાઓએ બ્લડ ડોનેશન કરેલ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો.એ.બી.શ્રોફ, ચીફ ઓફિસ



બોરખતરીયા, પ્રમુખ સુનીલભાઈ જેઠવાણી તેમજ ડો.સુરેજા અને સુપરવાઈઝર આર.પી.બોરખતરીયા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાંટવાના તમામ સ્ટાફના પ્રયત્નોથીઆ કેમ્પને સફળ બનાવેલ હતો

---

# વેરાવળ: માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ આપ્યું માર્ગદર્શન

## સગીર વિદ્યાર્થીઓને વાહન ન ચલાવવા દેવા વાલીઓને અપીલ




**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જીલ્લામાં માર્ગ સલામતીના નિયમોનું પાલન અને વાહન અકસ્માતોની સંખ્યા ઘટાડવા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાએ માર્ગદર્શન આપ્યું હતું.

વેરાવળ પ્રાંત કચેરી ખાતે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને માર્ગ સલામતિ તેમજ દરિયાઈ સુરક્ષા અંગે બેઠક યોજાઈ હતી.

રોડ સેફટી કાઉન્સિલની બેઠકમાં કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ રોડ સેફટી સંલગ્ન કામગીરી સમીક્ષા કરી હતી તેમજ ગીર સોમનાથ જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા લેવાના થતા મહત્વના પગલાઓ વિશે મહત્વના વિભાગો સાથે ચર્ચા કરી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આર.ટી.ઓ અધિકારીશ્રી દ્વારા સગીર વિદ્યાર્થીઓ દ્વારા વાહન ચલાવવા, લાઈસન્સ વગર વાહન ચલાવવા, વાહન ચલાવતી વખતે હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ ન કરવો, ટ્રાફિક નિયમોનો ભંગ કરવા જેવી બાબતો પ્રત્યે કડક વલણ અપનાવવા તેમજ શાળા-કોલેજ કક્ષાએ વિદ્યાર્થીઓમાં જાગૃતિ સેમિનાર અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં આવતા ભારે/મધ્યમ માલવાહક વાહનો પર રિફ્લેક્ટર્સ, રિફ્લેક્ટિવ ટેપ્સ અને રિઅર માર્કિંગ પ્લેટ્સ જેવા સલામતિના ઉપકરણો લગાવેલા હોય તે સુનિશ્ચિત થાય તે અનુસાર કામગીરીની રૂપરેખા વર્ણવી હતી.

કોસ્ટલ સિક્યોરિટી અંતર્ગતની બેઠકમાં દરિયાઈ સુરક્ષા માટે માછીમારોને જાગૃત કરવા અંગે સેમિનારો, માઈગ્રેશન સર્ટિફિકેટ ચેકિંગ, પોર્ટની સુરક્ષા બાબતે ઓડિટ, ઓનલાઈન ટોકન મેનેજમેન્ટ સિસ્ટમ, લેન્ડિંગ પોઈન્ટ અને ફિશ લેન્ડિંગ પોઈન્ટ પર સી.સી.ટી.વી વગેરે સહિત વિવિધ મુદ્દાઓ પરત્વે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, જિલ્લા વિકાસ અધિકારી સ્નેહલ ભાપકર, નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર, પ્રાંત અધિકારી સર્વે વિનોદ જોશી, કે.આર.પરમાર, આર.ટી.ઓ અધિકારી યુવરાજસિંહ વાઘેલા, એન.જે.ગુજરાતી સહિત જી.એમ.બી. પોર્ટ, કસ્ટમ, ફોરેસ્ટ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

---

# અમરેલીના ગજેરા કેમ્પસમાં પુસ્તક દિવસની ઉજવણીમાં જિલ્લાના સાહિત્યકારોને યાદ કરાયા

## શિક્ષકોએ પોતે વાંચેલા પુસ્તકોની સમીક્ષા કરી વક્તવ્ય આપ્યું

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ ખાતે સ્ટાફ દ્વારા વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યકમની શરૂઆતમાં સરસ્વતી વંદના દ્વારા કરવામાં આવી. ત્યાર બાદ આ કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી અને તમામ વિભાગના સુપરવાઈઝર, પ્રિન્સિપાલ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી, બાલમંદિર થી ઉચ્ચતર માધ્યમિક વિભાગ, જ્ઞાન શક્તિ રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સિલન્સના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પુસ્તક દિવસ ઉજવવામાં આવ્યો. જેમાં વિશ્વના અને અમરેલી જિલ્લાના મહાન કવિ, લેખક વગેરેને



આ પ્રસંગે યાદ કરાયા, તમામ વિભાગમાંથી બે શિક્ષકોની ચિઠ્ઠી દ્વારા પસંદગી કરવામાં આવી અને તેઓ પોતે વાંચેલા પુસ્તકના પ્રારંભ પ્રસંગને અનુરુપ ઉત્સાહિત કરે અને શ્રોતાઓને વાંચવા પ્રેરે તેવું પાંચ મીનીટ વકતવ્ય સમીક્ષા કરવામાં આવ્યું

વક્તવ્ય આપનાર તમામ શિક્ષક મિત્રોને શાળા તરફથી પુસ્તક ભેટ આપી. સન્માનિત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા વાંચનનું જીવનમાં મહત્વ વિષય પર પ્રેરણાત્મક વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આ વ્યવસ્થા સંસ્થાની લાયબ્રેરી વિભાગ તરફથી કરવામાં આવેલ હતી.

# રાજકોટના નરેશભાઈ સોરઠીયાએ હનીટ્રેપમાં ફસાઈ રૂ.૧.૨૦ કરોડ ગુમાવ્યાં

## સોશિયલ મીડિયાથી સંપર્કમાં આવેલી યુવતીએ દ્વારકા મંદિરે દર્શન કરી સંબંધ શરૂ કરવાનું કહી ટ્રેપમાં ફસાવ્યા

**અબતક**
**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

રાજકોટના વેપારીને હનીટ્રેપમાં ફસાવીને રૂ.૧.૨૦ કરોડની માતબર રકમ પડાવી લેવાયાનો સનસનીખેજ બનાવ સામે આવ્યો છે. મામલામાં હનીટ્રેપ આચરનારી ટોળકી વિરુદ્ધ દ્વારકા પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, સોશિયલ મીડિયાથી સંપર્કમાં આવેલી યુવતીએ વેપારીને દ્વારકા મંદિરે દર્શન કરવા અર્થે બોલાવ્યા બાદ રસ્તામાં પોલીસનો વેશ ધારણ કરીને આવેલા શખ્સોએ ડ્રગ્સ કેસમાં ફસાવી દેવાની ધમકી આપી કરોડોની રકમ પડાવી લીધી હતી. બાદમાં યુવતીએ દુષ્કર્મના કેસમાં ફીટ કરવાની ધમકી આપી વધુ નાણાની માંગણી કરતા અંતે વેપારીએ દ્વારકા પોલીસ મથકમાં ગુનો ફરિયાદ નોંધાવી હતી.

મામલામાં રાજકોટ શહેરના કાલાવડ રોડ નજીક પંચવટી સોસાયટીમાં રહેતા ૬૪ વર્ષીય વૃદ્ધ વેપારી નરેશભાઈ દેવરાજભાઈ સોરઠીયાએ દ્વારકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું તથા મારો દીકરો ઈશાન જ્વેલરી ડિઝાઈન કરવાના ટુલ્સનું કારખાનું ચલાવીએ છીએ. વધુમાં વેપારીએ જણાવ્યું હતું કે, છેલ્લા દસ દિવસથી મારા મોબાઈલમાં ટીન્ડર નામની એપ્લિકેશનમાં નિકિતા નામની છોકરી મારી સાથે ચેટિંગ કરી રહી હતી. થોડા દિવસ ટીન્ડરમાં વાત કર્યા બાદ યુવતીએ મારો વોટ્સઅપ નંબર માંગ્યો હતો. જે બાદ વોટ્સઅપમાં કોલ અને મેસેજથી દિવસ અને રાત્રી દરમિયાન વારંવાર વાતચીત થતી હતી. બાદમાં યુવતીએ મને દ્વારકા મંદિરે દર્શન કરી અમારા સંબંધની શરૂઆત કરવા જણાવતા ગત તા.૨૩-૪-૨૦૨૫ ના રોજ હું અને નિકિતા રાજકોટ ખાતે પ્રથમ વખત રૂબરૂ મળેલ અને રાત્રે ૮:૩૦ વાગે રાજકોટ-જામનગર હાઈવે પર આવેલ ટીજીએમ હોટલમાં એક રૂમ ભાડે રાખી ત્યાં રોકાયેલ હતા. હોટલમાં રોકાણ દરમિયાન નિકિતાનું આધારકાર્ડ જોતા તેમાં આરસુસિંગ અને વડોદરાનું સરનામું જોવા મળ્યું હતું. જેથી મેં નિકિતાને પૂછતા તેણે કહેલ કે મારું નામ આરસુસિંગ છે પણ મને બધા નિકિતા કહીને જ બોલાવે છે.

### સેટિંગના નામે ૧૦ કરોડ માંગ્યા બાદ ૧.૨૦ કરોડ મેળવી રફુચક્કર થઇ ગયા

બાદ બીજે દિવસે સવારના નિકિતા સાથે દ્વારકા જવા માટે વેપારી પોતાની મર્સીડીઝ કાર જીજે-૦૩-એનકે-૭૪૦૭ લઈને નીકળતા આશરે અગિયાર વાગે દ્વારકા ઓખા મઢી ટોલનાકાથી પાંચ કિલોમીટર દૂર પહોંચતા એક નંબર પ્લેટ વિનાની સફેદ કલરની સ્વીફ્ટ કાર ધસી આવી હતી અને ઓવરટેક કરી કાર ઉભી રાખવાનો ઈશારો કરતા મેં કાર ઊભી રાખેલ હતી. બાદ સ્વીફ્ટ કારમાંથી પોલીસ ડ્રેસમાં બે શખ્સો ઉતર્યા હતા અને મારા કારની જડતી શરૂ કરી હતી. જેથી મેં તેમને તેમની ઓળખ આપવાનું કહેતા એક શખ્સે પોતાનું નામ સંજય કરંગીયા હોવાનું અને પોતે જામનગર પોલીસમાં નોકરી કરતા હોવાનું જણાવ્યું હતું. જ્યારે અન્ય શખ્સના યુનિફોર્મમાં લગાવેલ નેમપ્લેટમાં એસ.જે. સોલંકી નામ લખેલ હતું. બંને શખ્સોએ શરૂ કરેલ ચેકિંગમાં નિકિતાના બેગમાંથી સફેદ કલરની પાવડરની પડકી મળી આવતા બંને શખ્સોએ કહ્યું હતું આ તો ડ્રગ્સ છે, ગુનો દાખલ થશે. જેથી આ પડીકી મારી નથી તેમ કહેતા બંને શખ્સો મને ધમકાવા લાગેલ હતા કે, આ દેશદ્રોહનો ગુનો છે તમને જામીન પણ મળશે નહીં અને પોલીસ સ્ટેશન આવવું જ પડશે.

બાદમાં બંને શખ્સો અમારી કારમાં બેસી ગયેલ હતા અને પોલીસ સ્ટેશન ખાતે કાર લઈ લો તેવી વાત કરતા મે કાર દ્વારકા પોલીસ સ્ટેશન તરફ હંકારી હતી. દરમિયાન નિકિતાએ બંનેને કહેલ કે કંઈક સેટિંગ કરો અમને જવા દો અમારે દ્વારકા દર્શને જવું છે તેમ કહેતા બંનેએ કોઈક સાથે ફોનમાં વાત કર્યા બાદ મને કહેલ કે, દસ કરોડ રૂપિયા આપશો તો તમને જવા દઈએ. બાદમાં મેં તેમને આટલા બધા રૂપિયા મારી પાસે નથી કહેતા તેમણે મને તાત્કાલિક પૈસાની વ્યવસ્થા કરવાનું કહ્યું હતું. જેથી મે મારા પુત્ર ઈશાનને ફોન કરતા તેણે ઘરેથી તેમજ અમારા સગા સંબંધી પાસેથી ઉછીના રૂપિયા ભેગા કરી કુલ રૂ. ૧.૨૦ કરોડ દ્વારકા આંગડિયા મારફત મોકલેલ હતા. બાદમાં હું નિકિતા અને બે પોલીસકર્મીઓ દ્વારકા સ્થિત પીએમ આંગડિયા પેઢીએ પૈસા લેવા ગયા હતા અને ત્યારબાદ પૈસા લઈને ખંભાળિયા તરફ વાહન ચલાવતા ઓખામઢી નજીક કાર ઉભી રખાવી પૈસા લઈને બંને શખ્સોં પોતાની સ્વીફ્ટ કાર લઈને નાસી ગયા હતા.

### રસ્તામાં પોલીસનો વેશ ધારણ કરી ધસી આવેલા બે શખ્સોએ યુવતીના બેગમાંથી સફેદ પાવડરની પડીકી કાઢી દેશદ્રોહનો ગુનો બનશે કહી ધમકાવ્યા

### એ બંને પોલીસકર્મીઓ મારા જ મિત્રો હતા, હવે આઠ કરોડ આપ નહીંતર દુષ્કર્મનો કેસ કરીશ

બંને શખ્સોં રૂ. ૧.૨૦ કરોડ લઈને નાસી ગયા બાદ નિકિતા અને વેપારી બંને જામનગર તરફ જતાં હતા ત્યારે પુત્ર ઈશાનને વેપારીએ ફોન કરી બનાવ અંગે જાણ કરતા તેણે નિકિતાની સંડોવણીની આશંકા દર્શાવતા યુવતીને કારમાંથી ઉતરવા દેતા નહિ જણાવ્યું હતું. આ વાત નિકિતા સાંભળી ગઈ હતી બાદ નિકિતાએ કહેલ કે, જે બે પોલીસોવાળા તમારી પાસેથી પૈસા લઈ ગયેલ છે તે મારા જ મિત્રો છે, હવે તું નક્કી થયા મુજબ બાકીના આઠ કરોડ રૂપિયા નહીં આપે તો તારી વિરુદ્ધ બળાત્કારનો કેસ કરી તને જેલ ભેગો કરાવી દઈશ તેવી ધમકી આપી કાર ઊભી રાખવા દબાણ કરી ઝપાઝપી કરી હતી.

### મેરી બહેન કો છોડ દે નહિ તો તુજે ગોલી માર દૂંગા: આર્મીમેનના નામે પણ ધમકી

વેપારીએ કાર ઉભી નહિ રાખતા નિકિતાએ કહેલ કે મારો ભાઈ પર્વત ફોજમાં છે તેને ફોન કરું તેમ કહી પર્વત નામના શખ્સને ફોન કરી સ્પીકરમાં રાખતા સામેવાળી વ્યક્તિએ મારી સાથે હિન્દીમાં વાત કરતા કહ્યું હતું કે, મેં પર્વત બોલ રહા હું, મેરી બહેન કો છોડ દે નહીં તો મેં તુજે ગોલી માર દુંગા તેમ કહી જાનથી મારી નાખવા ધમકી આપી હતી. બાદ નિકિતા ભાગવા માટે મારી સાથે ઝપાઝપી કરવા લાગતા કાર ધીમી પડતા નિકિતા ચાલુ વવાહને નીચે ઉતરી ગઈ હતી.

---

ખંભાળીયા-પોરબંદર હાઈવે માર્ગ પર

# ટ્રક-બાઈક વચ્ચે અકસ્માતમાં બે યુવકના મોત

**અબતક**
**વિનાયક ભટ્ટ, ખંભાળીયા**



ખંભાળીયા - પોરબંદર હાઈવે રોડ પર આજે વહેલી સવારે એક ટ્રક તથા બાઈક વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં બન્ને બાઈકસવાર યુવાનોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મૃત્યુ નિપજયા હતા. ઘટના સ્થળે દોડી આવેલ પોલીસે હેવી ટ્રકની નીચે ફસાયેલા બન્ને મૃતદેહોને ત્રણ કલાકની જહેમત બાદ બે ક્રેન તથા એક જેસીબીની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. અને નવા તથીયા ગામના ૪૦ વર્ષીય જીવાભાઈ સવાભાઈ કરમુર તથા આંબરડીના ૩૫ વર્ષીય સોમાત ભીખા ડોડીયા નામના બન્ને વ્યકિતઓના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડયા હતા.

---

# મુળી ખંપાળીયા ગામે ૧૧ કુવામાંથી ગેરકાયદે ખનન ઝડપાયું

### ૨૦૦ મેટ્રીક ટન કોલસો, ૭-ચરખી, ટ્રેકટર, બકેટ, કંમ્પ્રેસર સહિત કુલ રૂ.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે: ચોટીલા પ્રાંત અધિકારીની ટીમે રેઈડ કરતા ખનન માફીયાઓમાં ફફડાટ



**અબતક, રણજીતસિંહ ધાંધલા, ચોટીલા**

મુળી તાલુકાના ખંપાળીયા ગામની સીમમાં થોડા દિવસો પહેલા ચોટીલા પ્રાંત અધિકારી સહિત મામલતદારની ટીમે રેઈડ કરી ગેરકાયદેસર કાર્બોસેલનું ખનન ઝડપી પાડ્યું હતું અને ભુમાફીયાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી જે અંતર્ગત અગાઉના દરોડામાં બાકી રહી ગયેલ ખાનગી માલીકીની જમીનમાં ખાતેદારો ગેરકાયદેસર કાર્બોસેલનું ખનન કરતા હોવાની ફરિયાદોના આધારે રેઈડ કરી હતી જેમાં ગેરકાયદેસર કાર્બોસેલનું ખનન કરતા ખોડાભાઈ લીંબાભાઈ રબારી ૦૨-કુવા, આલાભાઈ લીંબાભાઈ રબારી ૦૨-કુવા, પ્રભુભાઈ ઘુઘાભાઈ કોળી ૦૨-કુવા, હરજીભાઈ રંગપરા ૦૧-કુવો, ખીમાભાઈ મેરૂભાઈ રબારી ૦૨-કુવા, ગોવિંદભાઈ લખાભાઈ ૦૨-કુવા સહિતકુલ ૧૧ કુવામાંથી ગેરકાયદેસર કાર્બેર્બોસેલનું ખનન થતું ઝડપાયું હતું અને સ્થળ પરથી અંદાજે ૨૦૦ મેટ્રીક ટન કોલસો, ૭-ચરખી, ૧૪-બકેટ, ૧-ટ્રેકટર, ૧-કંમ્પ્રેસર મળી કુલ રૂા. ૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને જમીન ખાલસા કરવા તેમજ ગેરકાયદેસર કરેલ ખનન અને વેચાણ વસુલાતની કાર્યવાહી હાથ ધરી હતી જ્યારે ચોટીલા પ્રાંત અધિકારીની રેઈડ થી ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

---

# અંજાર પંથકમાં તરખાટ મચાવનાર રાજસ્થાનની બાવરી ગેંગ ઝડપાઈ

### પાંચ ચોરીનો ભેદ ઉકેલી સોના-ચાંદીના ઘરેણા સહિતના મુદામાલ કબ્જે

**અબતક,ભારતી માખીજાણી, ગાંધીધામ**



પી.આઈ. એ.આર. ગોહિલ સહિતના સ્ટાફને મળી સફળતા

અંજાર શહેર અને મેઘપર બોરીચી, કુંભારડીની સોસાયટીઓમાં ધોળા દિવસે તાળાં તોડી લાખોની મત્તા ચોરી કરનારા શખ્સોને પોલીસે ઝડપી લીધા હતા. આ ટોળકી પાસેથી ચોરીમાં ગયેલા દાગીના જપ્ત કરી રિમાન્ડ સહિતની આગળની કાર્યવાહી કરવામાં આવી છે. અંજારના લુણંગનગરમાં બે, મેઘપર બોરીચી અને કુંભારડીની ત્રણ એમ પાંચ ચોરીના બનાવોને ઉપરાઉપરી અંજામ આપીને તસ્કરોએ પોલીસને દોડતી કરી મૂકી હતી.

દરમ્યાન લુણંગનગરમાં થયેલ ચોરીના આરોપીઓ અંજારના રેલવે મથક નજીક આવેલા ખુલ્લા મેદાનમાં હાજર હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસ અહીં દોડી ગઈ હતી. આ જગ્યાએ હાજર ચાર શખ્સ પાસે રહેલા થેલાની તલાશી લેવાતાં તેમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ, મોબાઈલ મળી આવ્યા હતા.

તેઓ ભાંગી પડયા હતા અને અંજારની બે તથા મેઘપરની ત્રણ એમ પાંચ ચોરી પોતે કરી હોવાની કેફિયત આપી હતી. દરમ્યાન રાજસ્થાન કોટાના વીક્કી પપ્પુ બાવરી, ભગીરથ તીરથ બાવરી નામના શખ્સો તથા કાયદાના સંઘર્ષમાં આવેલા બે કિશોરની અટક કરવામાં આવી હતી. આ શખ્સો રાજસ્થાનથી અહીં આવી જુદી-જુદી સોસાયટીઓમાં દિવસ દરમ્યાન ભંગાર વિણવા કે ફૂલ વેચવાના બહાના હેઠળ ફરતા અને બંધ મકાનને નિશાન બનાવતા હતા. જેમાં એકાદ શખ્સ બહાર નજર રાખતો, જ્યારે અન્ય શખ્સો તાળાં તોડી અંદર ઘૂસી હાથ મારીને નાસી જતા હતા. આ ટોળકીએ ભચાઉમાંથી એક મોબાઈલની ચોરી પણ કરી હતી. પકડાયેલા શખ્સો પાસેથી સોનાની ચેઈન, વીંટી, દાણા, ડીસ્કો, દાર, કાંપ, સાંકળા, ખીરોલ, નજરિયાં, સોનાનો ઓમ, ગણપતિવાળું પેન્ડલ, બંગડી, કડાં, ઝેરની જોડી, ચાંદીની ગાય, રોકડ રૂા. ૪૮,૦૦૦, મોબાઈલ વગેરે લાખોનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. આ ટોળકીએ અન્ય કોઈ બનાવને અંજામ આપ્યો છે કે કેમ તથા અન્ય કોઈ સામેલ છે કે કેમ ? તેમજ સ્થાનિકે કોને માલ વેચ્યો હતો, તે સહિતની આગળની તપાસ માટે તેમને રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરાશે તેવું પત્રકાર પરિષદમાં પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારે જણાવ્યું હતું.આ કામગીરીમાં પ્રો.આઈ. પી.એસ વિકાસ યાદવ, અંજાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એ.આર.ગોહીલ, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એસ.જી. વાળા, સી.એમ. ચૌધરી તથા સાથે અંજાર પોલીસ સ્ટાફના માણસો સાથે રહ્યા હતા.

---

# પડધરી: પારસ સોસા.ના સાર્વજનિક પ્લોટ પર દબાણ કરનાર સામે લેન્ડ ગ્રેબીંગ હેઠળ અરજી

### જિલ્લા કલેકટરે મામલતદાર અને પોલીસને આપ્યા તપાસના આદેશ



**અબતક**
**ભૌમિક તળપદા, પડધરી**

પડધરી ખાતે આવેલી પારસ સોસાયટીનો સાર્વજનીક પ્લોટ પાડોશી યોગેશ્વર સોસાયટીના રહીશ દ્વારા દબાણ કરતા લેન્ડ ગ્રેબીંગ હેઠળ કલેક્ટરમાં ફરીયાદ કરતા જિલ્લા તંત્ર દ્વારા મામલતદાર અને પોલીસને તપાસનો હુકમ કર્યો. પડધરી ગામે બિનખેતી રેવન્યુ સર્વે નંબર ૨૧૬ પૈકીની જમીન ૬ એકર બિનખેતી રહેણા હેતુ માટે મંજુર થયેલ હોય જેમાં સાર્વજનિક પ્લોટ ચોરસ વાર આશરે ૧૦૮૪/૬ આવેલ હોય જેમાં બાજુની સોસાયટીમાં રહેતા મધુબેન મોહનભાઈ પરમાર દ્વારા મંદિર સિવાયની ખુલ્લી જમીનમાં ગેરકાયદે રીતે ફેન્સીંગ કરી દબાણ કરેલ હોય અને પ્લોટ પચાવી પાડવા માંગતા હોય અને આ સાર્વજનિક પ્લોટ નો સોસાયટીના લોકો સરા તથા નરસા પ્રસંગે ઉપયોગમાં લેવામાં આવતો હોય તેમ છતાં પારસ સોસાયટીના રહીસોની કોઈપણ સંમતિ વગર યોગેશ્વર સોસાયટીમાં રહેતા મધુબેન મોહનભાઈ પરમાર દ્વારા સદરહું સોસાયટીમાં આવેલ સાર્વજનિક પ્લોટ માં ફેન્સીંગ કરી દબાણ કરેલ હોય તેથી સોસાયટીના રહીશ કેતનભાઈ ત્રિભુવનદાસ રામાનુજ દ્વારા રાજકોટ કલેક્ટર ને ઓનલાઈન લેન્ડગ્રેબિંગ ની ફરિયાદ યોગેશ્વર સોસાયટીમાં રહેતા મધુબેન મોહનભાઈ પરમાર વિરુદ્ધ કરેલ છે જેની કલેક્ટર સદરહું ફરિયાદને ધ્યાને લઈ પડધરી મામલતદાર તથા પોલીસને તપાસના હુકમ કરેલો છે.

---

# જસદણના સાણથલીના વ્યાજખોર યુવરાજ વાળા પાસા તળે જેલ હવાલે

### આટકોટ પોલીસે અને એલસીબીએ વોરંટની બજવણી કરી મહેસાણા જેલમાં ધકેલ્યો

**અબતક, રાજકોટ**



રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના સાણથલી ગામના યુવરાજ બાબુભાઈ વાળા નામના વ્યાજખોર સામે પાસાનું શસ્ત્ર ઉગામી આટકોટ પોલીસે હુકમની ભજવણી કરી યુવરાજ વાળા ને મહેસાણાની જેલમાં ધકેલવા તજવીજ કરી હતી. વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને વ્યાજના દૂષણને ડામી દેવા એસપી હિમકરસિંહ એ આપેલી સૂચનાને પગલે જસદણ તાલુકાના સાણથલી ગામે રહેતા યુવરાજભાઈ બાબુભાઈ વાળા સામે આટકોટ પોલીસ મથકમાં બે વ્યાજની ફરિયાદ નોંધાયેલી તેની સામે પાસાની કરેલી દરખાસ્તને જિલ્લા કલેક્ટર પ્રભવ જોષી એ મંજૂરીની મહોર મારતા જે વોરંટ ની એલસીબીના પીઆઈ વી વી ઓડેદરા, જસદણ પોલીસ મથકના પીઆઈ ટીબી જાની, આટકોટ પોલીસ મથકના આર એસ સાકરીયા અને પી એસ આઈ એબી કાકડીયા અને એએસઆઈ અમિતસિંહ જાડેજા સહિતના સ્ટાફે વોરંટની બજવણી કરી યુવરાજ વાળા ની અટકાયત કરી મહેસાણા ની જેલમાં ધકેલવામાં આવ્યો છે. ગોંડલ, જસદણ, જુનાગઢ, દ્વારકા અને વડીયા પોલીસ મથકના ચોપડે દારૂના ગુનામાં ચડી ચૂક્યો છે.

---

# અંજાર: ચોરીના ગુનામાં વોન્ટેડ તસ્કર નવ વર્ષે પકડાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**




પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમાર તથા નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી અંજાર વિભાગની સૂચના અને માર્ગદર્શન આધારે નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સૂચના કરેલ હોવાથી અંજાર પીઆઈ એ.આર.ગોહીલની સુચના આધારે અંજાર પોલીસ સ્ટાફ દ્વારા છેલ્લા નવ વર્ષથી ચોરીના ગુનામાં નાસતા ફરતા આરોપી ખુશાલ ઉર્ફે મુન્નો ઈશ્વરભાઈ ચાવડાને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરી અંજાર પીઆઈ એઆર ગોહિલ અને સ્ટાફ દ્વારા કરવામાં આવી છે.

---

# આદિપુર: પાંચ શખ્સ જુગાર રમતા ઝડપાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



આદિપુર પીઆઈ એમ.સી.વાળાના માર્ગદર્શન મુજબ પો.સબ.ઈન્સ આર.એમ.ડુવા તથા આદિપુર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમા હતા ત્યારે પો.હેડ કોન્સ સંજયભાઈ તુલશીભાઈ તથા પો.હેડ કોન્સ. રઘુરામભાઈ દેશરાભાઈને ખાનગી રાહે બાતમી હકીક્ત મળી કે નવવાડી વિસ્તારમાં જાહેરમાં અમુક ઈસમો જુગાર રમે છે જેથી પોલીસે જુગાર રમતા પાંચ જુગારીઓ સુરેશભાઈ રીજુમલ સતલાણી, પ્રદીપ જેઠાનંદ મોહીનાણી, હરેશ ઉર્ફે કાલુ પ્રેમચંદ મોહીનાણી, ગુરમુખદાસ વિરુમલદાસ સતવાણી અને રાજુભાઈ લીલાધર ભાવસારને રોકડા રૂ.૨૭,૨૭૦ સાથે ઝડપી જુગાર ધારા કલમ મુજબનો ગુન્હો નોંધી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે. આ કામગીરી આદિપુર પીઆઈ એમ.સી. વાળા, પીએસઆઈ આર.એમ. ડુવા તથા આદિપુર સર્વેલન્સ પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવેલ છે.

---

# આદીપુર: ચોરાઉ બાઈક સાથે બાળ આરોપી ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



આદિપુર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન એચ.સી.ભાવીનભાઈ બાબરીયા તથા પી.સી.અમરીશભાઈ ચાવડાને ચોકકસ બાતમી તથા હ્યુમનસોર્સ આધારે મો.સા ચોરીના ગુનામા સંડોવાયેલ બાળ કિશોરને પકડી પાડી ચોરીમાં ગયેલ ૯૬,૦૦૦ કિંમતનું બાઈક રિકવર કરી અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

આ કામગીરી આદિપુર પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.સી વાળા, પો.સબ.ઈન્સ આર.એમ ડુવા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ છે.

---

# જામજોધપુર: આખલાએ યુવાનનો ભોગ લીધો



**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુરમાં વિજયનગરમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા આનંદભાઈ મનસુખભાઈ સંતોકી નામના ૩૭ વર્ષના પટેલ યુવાન ગઈકાલે રાત્રિના નવેક વાગ્યાના અરસામાં સમાણાંથી જામજોધપુર તરફ પોતાનું બાઈક લઈને જઈ રહ્યા હતા, તે દરમિયાન રસ્તામાં ગોળાઈમાં અચાનક એક ખુટીયો આડો ઉતર્યો હતો અને તેના બાઈક સાથે અથડાતાં પટેલ યુવાનનું બાઈક સ્લીપ થયું હતું. જેમાં આનંદભાઈ ગંભીર સ્વરૂપે ઘાયલ થયા હતા અને તેઓને સારવાર માટે જામજોધપુરની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના મોટાભાઈ ચિરાગભાઈ મનસુખભાઈ સંતોકીએ પોલીસને જાણ કરતાં જામજોધપુરના પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.કે. કંડોરીયા બનાવના સ્થળે તેમજ સરકારી હોસ્પિટલમાં દોડી ગયા હતા અને આનંદભાઈના મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવને લઈને મૃતકના પરિવારમાં ભારે શોકમગ્ન વાતાવરણ બની ગયું છે.

### મોડી રાત્રે આખલા સાથે બાઈક અથડાતા સર્જાયેલા અકસ્માતમાં ચાલકનું મોત નિપજતા પરિવારમાં શોક

# વાંકાનેર: હાઈવે પર ઝાડને પાણી પાતા ટેન્કર પાછળ ટ્રક અથડાતા ચાલકનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના માહિકા ગામ નજીક હાઈવે પર ડિવાઈડરમાં ઝાડોને પાણી પાતી વખતે એક ટેન્કરની પાછળ આઈસર વાહન જોરથી અથડાતા, આઈસર ગાડીના ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. હાલ વાજબેર તાલુજ પોલુસે ટેન્કર ચાલકની ફરિયાદને આધારે મૃતક આઈસર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી જીતેન્દ્રસિંહ માનસિંહ જાડેજા ઉવ.૪૧ રહે. વાંકાનેર પરશુરામ પોટરી સામેની શેરી મૂળ વતન ભાતેલ, જી. દેવભૂમિ દ્વારકા વાળા વિજયલક્ષ્મી કન્ટ્રકશન (વિશાખાપટનમ) હેઠળ નકુલભાઈ આહિરની માલિકીનું જીજે-૧૨-બીવાય-૯૦૪૭ નંબરનું ટેન્કર ટ્રક ચલાવે છે. તેઓ વાંકાનેરના વઘાસીયા ટોલટેક્ષ હદ વિસ્તારમાં હાઈવે ડિવાઈડરમાં ઝાડવાઓને પાણી પાવાનું કામ કરે છે. ત્યારે ગઈ તા.૧૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે સાડા આઠેક વાગ્યે તેઓ નિયમિત કામગીરી માટે ટોલટેક્ષ વિસ્તારમાં પહોચ્યા હતા. સવારે ટેન્કરમાં પાણી ભરી તેઓ હાઈવેના ૨૦૨થી ૧૯૦ ચેનલ સુધીના ડિવાઈડરમાં પાણી પાવાનું કામ કરી રહ્યા હતા ત્યારે વાંકાનેરના માહિકા ગામ નજીક બપોરે ત્રણેક વાગ્યે અચાનક પાછળથી પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને આવતા આઈસર ટ્રક રજી.નં. જીજે-૦૧-ડીયુ-૧૫૯૭ના ચાલક વિપુલભાઈ સરવણભાઈ રાઠોડ (રહે. જસદણ) વાળાએ ટેન્કરના પાછળના ભાગે પોતાના હવાલા વાળું વાહન અથડાવતા આઈસરની કેબીનમાં ચાલક વિપુલભાઈ ફસાઈ ગયા હતા, તતારે સ્થાનિકોએ આઈસર ચાલક વિપુલભાઈને ડ્રાઈવર કેબિનમાંથી બહાર કાઢી સારવારમાં ૧૦૮માં રવાના કર્યા હતા, જેઓને પ્રથમ વાંકાનેર સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. ત્યાંથી વધુ સારવાર માટે તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેઓએ ૧૪ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સારવાર દરમ્યાન દમ તોડી દીધો હતો. સનાગર અકસ્માતમાં મૃત્યુના આ બનાવ બાબતે ટેન્કર ચાલકની ફરિયાદને આધારે પોલીસે મૃતક આઈસર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેર: પશુને ગાડી અડી જતા માલધારી સમાજના બે જૂથ વચ્ચે સશસ્ત્ર અથડામણ

## બન્ને પક્ષે મળી બે મહિલા સહિત ૨૧ શખ્સો સામે નોંધાતો ખુનો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેરના અમરસર ગામે બજારમાં ભેંસને ગાડી અડી જતા તેમજ અગાઉની અદાવતમાં માલધારી સમાજના બે જૂથો આમને સામને આવી ગયા હતા અને સશસ્ત્ર ધીંગાણું ખેલાયું હતું, જેમાં બંને પક્ષોએ લાકડીઓ, લોખંડના પાઈપ સહિતના ઘાતક હથિયારો સાથે એકબીજાઓ ઉપર તૂટી પડ્યા હતા, પોલીસે બે મહિલા સહિત કુલ ૨૧ આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વાંકાનેરના અમરસર ગામે રહેતા વિપુલભાઈ વિભાભાઈ ફાગલીયા ઉવ.૨૫ એ આરોપી ભાયાભાઈ ઝાલાભાઈ ગમારા, મહીપાલ ભાયાભાઈ ગમારા, સુનીલ ભાયભાઈ ગમારા, ઝાલાભાઈ ઉકાભાઈ ગમારા, ગોવીદભાઈ ઝાલાભાઈ ગમારા, પરબતભાઈ ઝાલાભાઈ ગમારા, હીન્દુભાઈ ધોધાભાઈ ગમારા, ભીખુભાઈ ઝાલાભાઈ, દેવાભાઈ ચકુભાઈ ગમારા, રાજુબેન ભીખુભાઈ તથા મોધીબેન ભાયાભાઈ રહે.બધા અમરસર તા.વાંકાનેર વાળા વિરુદ્ધ ફરિયાદમાં જણાવ્યું કે ગઈકાલ તા.૨૫/૦૪ ના રોજ ફરીયાદી વિપુલભાઈએ એ આરોપી ભાયાભાઈને તેના માલઢોર બજારમા નહી રાખવાનુ કહેતા ઉપરોક્ત આરોપી ભાયાભાઈ સહિતના તમામ આરોપીઓએ વિપુલભાઈ અને સાહેદો ઉપર લાકડીઓ અને પાઈપ વડે હુમલો કરી, માથામાં અને શરીરે ઈજાઓ પહોંચાડી હતી.

જ્યારે સામાપક્ષે, ફરિયાદી મહિપાલભાઈ ભાયાભાઈ ગમારા એ સામી ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી વિપુલભાઈ વિભાભાઈ ફાગલીયા, વિભાભાઈ વેલાભાઈ ફાગલીયા, ભગવાનજીભાઈ મચ્છાભાઈ ફાગલીયા, સુરેશભાઈ મચ્છાભાઈ ફાગલીયા, વિક્રમભાઈ વિભાભાઈ ફાગલીયા, દશરથભાઈ ભગવાનજી ફાગલીયા, પ્રકાશભાઈ ભગવાનજીભાઈ ફાગલીયા, સંજયભાઈ ભગવાનજીભાઈ ફાગલીયા, પબાભાઈ મચ્છાભાઈ ફાગલીયા તથા કાનાભાઈ પબાભાઈ ફાગલીયા રહે.તમામ અમરસર તા.વાકાનેર વાળાઓને અગાઉ ખેતરમા ભેસો ગયેલ હોય જે બાબતે બોલતા ચાલતા ન હોય અને ગઈકાલે આરોપીઓની ભેસ સાથે ગાડી અડી જતા જે બાબતે બોલાચાલી થઈ હતી, ત્યારે તમામ આરોપીઓએ આરોપીઓએ લોખંડના પાઈપ તથા લાકડીઓ લઈ આવી મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી મકાનની બારી તથા મોટર સાયકલમાં નુકશાન કરી જતા રહેલ હતા.

હાલ વાંકાનેર સીટી પોલીસે બન્ને પક્ષોની ફરિયાદને આધારે બે મહિલા સહિત કુલ ૨૧ આરોપીઓ સામે બીએનએસ ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તમામ આરોપીઓની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

# મોરબીવાસીઓએ પાકિસ્તાની ધ્વજના ચિત્ર પર ચાલીને કર્યુ અનોખુ વિરોધ પ્રદર્શન

## વ્યાવસાયિક સંગઠનો એસોસીયેશનો તબીબો વેપારીઓ કાળી પટ્ટી બાંધી ફરજ બજાવશે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરમાં પાકિસ્તાન વિરુદ્ધ ભારે રોષ ફાટી નીકળ્યો છે. શહેરીજનો અને વિવિધ સંગઠનો દ્વારા જાહેર સ્થળોએ પાકિસ્તાની ધ્વજના ચિત્ર બનાવી, તેના પર ચાલીને અને વાહનો ચલાવી પોતાનો ગુસ્સો વ્યક્ત કરવામાં આવશે, આ ચિત્રો શહેરના નવા બસસ્ટેન્ડ, નહેરુગેટ ચોક અને વીસીપરાના નાકા જેવી ત્રણ મુખ્ય જગ્યાએ બનાવાયા છે, જેના ઉપરથી મૌન રેલી પણ પસાર થશે.



કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા હિન્દૂ પર્યટકોને તેમના ધર્મ પૂછીને કરવામાં આવેલી હત્યાની ઘટના સામે લોકોમાં ગુસ્સાની લાગણી ઉભી થઈ છે. જેના વિરોધમાં અનેકો સ્થળોએ વિરોધ-પ્રદર્શન કાર્યક્રમના ભાગરૂપે મોરબી શહેરમાં મૌન રેલી યોજાશે જેમાં નહેરુગેટથી શરૂ થતા પ્રદર્શનમાં લોકો પાકિસ્તાની ધ્વજના ચિત્ર પરથી ચાલીને પસાર થશે. રેલીના અંતે નહેરુગેટ ચોક ખાતે પાકિસ્તાનનો પૂતળાદહન કરવામાં આવશે. ત્યારે આ મૌન રેલીને મોરબીના વિવિધ વ્યાવસાયિક સંગઠનો, એસોસિયેશનો, તબીબો, વેપારીઓનું વિશાળ સમર્થન મળ્યું છે. તબીબો કાળી પટ્ટી બાંધીને પોતાની ફરજ બજાવશે જ્યારે વેપારીઓએ પોતાની દુકાનો અડધા દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

# હળવદના દિઘડીયા ગામે વડીલો પાર્જીત જમીનના ભાગ મામલે હુમલો, બે ગંભીર

## કુટુંબી ભાઈઓ વચ્ચે જમીન વિવાદના પગલે ધારીયા, પાવડા અને લાકડી વડે મારમાર્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ તાલુકાના દીઘડિયા ગામે કુટુંબી ભાઈ ઉપર ઘાતકી હુમલાનો બનાવ સામે આવ્યો છે, જેમાં વડીલો પાર્જીત જમીનના ભાગ પાડવાની વાત કરવા ગયેલા કુટુંબી ભાઈ અને તેની સાથેના સાહેદો ઉપર કુટુંબી ભાઈ તથા ભત્રીજાઓએ ધારીયા, પાવડા અને લાકડી વડે હિંસક હુમલો કર્યો હતો, જેમાં બે લોકોને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા હાલ સારવાર ચાલુ હોય, ત્યારે સમગ્ર માર મારવાની ઘટનામાં કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.હળવદ પોલીસ મથકમાં ફરિયાદી રાજુભાઈ રણછોડભાઈ નંદેસરીયા ઉવ.૩૮, રહે. દિઘડીયા ગામના રહેવાસીએ આરોપી શંકરભાઈ પ્રભુભાઈ નંદેસરીયા, બાબુભાઈ પ્રભુભાઈ નંદેસરીયા, જગદીશભાઈ બાબુભાઈ નંદેસરીયા તથા સંજયભાઈ બાબુભાઈ નંદેસરીયા રહે બધા-ગામ દિઘડીયા તા.હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદી રાજુભાઈ તથા ઉપરોકત આરોપીઓની સહીયારી વડીલો પાર્જીત જમીન આવેલ હોય, જે જમીનના ભાગ પાડવા બાબતે ફરીયાદી રાજુભાઈ તથા સાહેદ સંજયભાઈ આરોપીઓ પાસે વાતચીત કરવા ગયેલ ત્યારે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદને ગાળો આપી ઢીકાપાટુનો તેમજ ધારીયા, પાવડા તથા લાકડી જેવા હથીયાર ધારણ કરી આરોપીઓએ માથામા ઈજા કરી તથા આરોપી નંબર (૪) નાએ સાહેદ સંજયભાઈને માથામા તથા શરીરે આડેધડ માર મારી, ફરીયાદીને બન્ને પગમા તથા ખંભામા ફેકચર જેવી ઈજા કરી તથા સાહેદ સંજયભાઈને માથામા હેમરેજ જેવી ગંભીર પ્રકારની ઈજા પહોચાડી તથા અન્ય સાહેદ રમેશભાઈ તથા હરેશભાઈને ઈજાઓ કરી આરોપીઓએ ગુન્હામા એકબીજાની મદદગારી કરી હતી. હળવદ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માટેલ નજીક ચારિત્ર્યની શંકા રાખી પત્નીને લાકડીઓ ફટકારી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકાના માટેલ નજીક આવેલ સંસ્કાર સીરામીક ટાઈલ્સના કારખાનામાં કામ કરતા શ્રમિકને પોતાના દામ્પત્ય જીવનમાં ઉભી થયેલી શંકાને લીધે પત્નીને માર માર્યો હતો, જેમાં પત્ની પરપુરુષ સાથે વાત કરે છે તેવી શંકા રાખી, પત્નીને લાકડીઓ ફટકારી મારઝૂડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા પતિ વિરુદ્ધ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં ભોગ બનનાર પત્નીએ ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી પતિ સામે ગુનો દાખલ કર્યો છે.

વાંકાનેર તાલુકાના ઢુવા વિસ્તાર માટેલ રોડ ઉપર સંસ્કાર ટાઈલ્સ કંપનીમાં બનેલ બનાવની મળતી માહિતી મુજબ, મધ્યપ્રદેશના જાંબુઆ જીલ્લાના મવડિપાડા ફલીયા ગામના વતની હાલ વાંકાનેર તાલુકાના માટેલ ગામ નજીક સંસ્કાર સીરામીક કંપનીના લેબર ક્વાર્ટરમાં રહેતા રાજેશ મકના અમલીયારએ પોતાની પત્ની નીરુબેન રાજેશ અમલીયાર ઉવ.૩૫ ને શંકા રાખી બેફામ રીતે માર માર્યો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. જેમાં પીડિતા નિરુબેને નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર ગઈ તા.૧૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે આરોપી પતિએ તેને બીજા પુરુષ સાથે વાત કરે છે એવી શંકા રાખી ગંદી ગાળો આપી, લાકડીઓ ફરકારી અને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ત્યારબાદ જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરાર થયો હતો. હાલ વાંકાનેર તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર નજીક ૨૨૦ કેવી સબ સ્ટેશનમાંથી કેપેસીટરના રીયકટરની ચોરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેરના ધમલપર ગામ નજીન આવેલ જેટકોના ૨૨૦ કેવી. સબ સ્ટેશનમાં ખુલ્લી જગ્યામાં રાખવામાં આવેલ કેપેસીટર બેંકના એક રીયકટર વજન ૩૦૦ કિલો કિ.રૂ. ૫૦ હજારની કોઈ ચોરી કરી લઈ ગયા હોવાની અત્રેના સીટી પોલીસ મથકના ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ચોરી થયા અંગેની પ્રાપ્ત વિગતો મુજબ, વાંકાનેર ધમલપર નજીક આવેલ જેટકોના ૨૨૦ કેવી. સબ સ્ટેશનના ઈન્ચાર્જ નાયબ ઈજનેર નિકુંજભાઈ ભવાનભાઈ રામાણી ઉવ. ૩૬ રહે. બ્લોક નં-૧૮ પુષ્કરધામ એવન્યુ-૨ મોરબી રોડ રાજકોટ વાળાએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં જણાવ્યા અનુસાર, ગઈ તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સવારે તેમને જુનિયર ઈજનેર ચિરાગભાઈ સુમનાણીએ ફોન કરી જણાવ્યું કે સબ સ્ટેશનમાં કેપેસિટર બેંકના ત્રણ રીયકટર પૈકી એક રીયકટર ગાયબ હોય, જેનું વજન આશરે ૩૦૦ કિ.ગ્રા હોવાનું અને તેની કિંમત આશરે રૂ. ૫૦,૦૦૦ હોય તે ગાયબ છે. ત્યારબાદ નિકુંજભાઈએ સ્થળ પર જઈ તપાસ કરી ત્યારે એક રીયકટર નહિ મળી આવતા, સિક્યુરિટી સહિતના સબ સ્ટેશન સ્ટાફ પાસે વિગતો માંગતા, ૨૮ ફેબ્રુઆરી રાત્રીના ૧ વાગ્યા સુધી રીયકટર હતા, જે બાદ તેની ચોરી થઈ હોય. જે મુજબની ફરિયાદને આધારે હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.

# વાંકાનેર: વિજય સરઘસમાં ફટાકડા ફોડવાનો ખાર રાખી યુવક પર હુમલો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર નગરપાલિકા ચૂંટણીના વિજય સરઘસમાં ફટાકડા ફોડવા બાબતનો ખાર રાખી બે ભાઈઓએ પાન અને કોલ્ડ્રિંક્સની દુકાનના વેપારી યુવકને ગાળો આપી, ઢીકાપાટુનો માર મારી માથામાં લોખંડનો પાઈપ ફટકારી ગંભીર ઈજા પહોંચાડી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારે વેપારી યુવકે વાંકાનેર તથા રાજકોટ સારવાર લીધા બાદ અત્રેના પોલીસ મથકમાં આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મળતી વિગતો અનુસાર, વાંકાનેર દિવાનપરા શેરી નં.૧ માં રહેતા કેવલભાઈ રાજેશભાઈ સુરેલા ઉવ.૨૫ ગઈ તા.૨૪/૦૪ ની રાત્રીએ પોતાના મિત્ર સાથે વાંકાનેર માર્કેટ ચોકમાં સોડા પીવા જતા હોય ત્યારે જલારામ ગોલાની દુકાન પાસે અમિત સેજપાલ અને વિશાલ સેજપાલ બેઠા હતા, જેને કેવલભાઈને જોઈને ગાળો આપવા લાગ્યા હતા, જેથી કેવલભાઈએ ગાળો કેમ આપો છો ? તેમ કહેતા તુરંત બંને ભાઈઓએ કેવલભાઈને ઢીકા પાટુનો માર મારી લોખંડનો એક પાઈપ ફટકારી બોલવા લાગ્યા કે ગઈ નગરપાલિકાની ચૂંટણીમાં માર્કેટ ચોકમાં નીકળેલ વિજય સરઘસમાં ઉત્સાહમાં આવી ફટાકડા ફોડેલ, હવે આવી ખોટી હોશિયારી કરવી નહીં તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, હાલ કેવલભાઈએ વાંકાનેર સીટી પોલીસ મથકમાં આરોપી અમિત જયસુખભાઈ સેજપાલ અને વિશાલ જયસુખભાઈ સેજપાલ બંન્ને રહે. વાંકાનેર સરકારી હોસ્પિટલ સામે જડેશ્વર રોડ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિસાવદર મુની આશ્રમે પક્ષી માટે પાણીની કુંડી સાથે ‘પરબ’ ખુલ્લુ મુકાયું

## ગણપતિ ઉત્સવ સમિતિ અને પોલીસ પરિવારનું સંયુકત સેવાયજ્ઞ

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર ગણપતિ ઉત્સવ સમિતિ તથા વિસાવદર પોલીસ ના સંયુક્ત ઉપક્રમે મુનિ આશ્રમ રોડ ઉપર વિસાવદરનાએ.એસ.પી. રોહિતકુમાર ડાંગર તથા વિસાવદરના પી.આઈ. રાણા દ્વારા ગણપતિ ઉત્સવ સમિતિના ગિજુભાઈ વિકમા, સુરેશભાઈ સાદરાણી તથા વિસાવદરના જાણીતા એડવોકેટ નયનભાઈ જોશી દ્વારા આવતા જતા અરજદારો તથા અને રાહદારીઓ માટે આજરોજ મુનિઆશ્રમ રોડ ઉપર પક્ષીઓને



પીવા માટે પાણીના કુંડા તથા પાણીની નાઈન્દો મૂકી લોકોને તથા પંખીઓને પીવાનું પાણી મળી રહે તે માટે વ્યવસ્થા ગોઠવી આપેલ છે અને આ પ્રસંગે પી.એસ.આઈ.લાલકા તથા વિસાવદર ના પી.આઈ.રાણા હાજર રહેલા હતા.

# સિહોરમાં વરતેજ-ઢસા રોડ પર સીસી રોડ કામ સબબ ડાયવર્ઝન કઢાયું

## એક મહિના સુધી વાહનોને હાઈવે પર જવા શહેર મધ્યથી માર્ગ અપાયો

**અબતક, આનંદ રાણા, સિહોર**

શિહોર શહેર ખાતે રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૫૧ વરતેજ-શિહોર-ઢસા રોડ પર સી. સી. રોડનું કામ ચાલુ કરવાનું હોવાથી ઢસા તરફથી ભાવનગર તરફ આવતા વાહનો માટે સિહોર સિટીમાં ટાણા ચોકડીની સામે નેશનલ હાઈવે પર આવવા માટેનું વૈકલ્પિક રૂટ અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરી ડાયવર્ઝન કાઢવામાં આવ્યું છે.

૨૬/૪/૨૦૨૫ થી તા. ૨૫/૦૫/૨૦૨૫ સુધી ઢસા તરફથી ભાવનગર તરફ આવતા તમામ પ્રકારના વાહનો માટે સિહોર શહેર ખાતે બંધ કરવા તેમજ ડાયવર્ઝન રૂટ જેમાં ઢસા તરફથી ભાવનગર જતાં તમામ વાહનો માટે સિહોર સિટીમાં ટાણા ચોકડીની સામેથી અંદર જઈ નગરપાલિકા કચેરીની પાછળ થઈ સિહોર પોસ સ્ટેશન સામે નેશનકલ હાઈવે પર નીકળવાનું રહેશે.

# મોરબી: કારખાનામાં કોઈ પ્રવાહી પી લેતા બાળકીનું મોત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના જાંબુડીયા ગામની સીમમાં ફોરેન ડેકોર નામના કારખાનાના લેબર ક્વાર્ટરમાં રહેતા મૂળ મધ્યપ્રદેશના વતની ધર્મેન્દ્રસિંહ માંગીલાલજી માલવીય નામના સીરામીક શ્રમિક પરિવારની ૧૯ માસની બાળકી લક્ષ્મીબેન ગઈકાલ તા. ૨૪/૦૪ના રોજ કારખાનામાં હોય તે દરમિયાન રમતા રમતા કોઈ પ્રવાહી પી ગઈ હતી, ત્યારે માસુમ બાળકીને મોરબી સિવિલ હોસ્પિટલમાં સારવારમાં લાવવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવારમાં માસુમ બાળકીનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું, હાલ તાલુકા પોલીસે મૃત્યુના બનાવની અ. મોતની એન્ટ્રી કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તળાજા આઈટીઆઈ ખાતે સોમવારે યોજાશે ભરતી મેળો

## રિઝ્યુમની પાંચ નકલ સાથે યુવાનોને હાજર રહેવા અનુરોધ

**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લા રોજગાર વિનિમય દ્વારા તા.૨૮ એપ્રિલને સોમવારે સવારે ૧૧:૦૦ કલાકે આઈ. ટી.આઈ, તળાજા ખાતે ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં આઈ.ટી.આઈ., સ્નાતક તેમજ ધો.૦૫ પાસ થી ૧૦ પાસ, ૧૨ પાસની લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ખાનગીક્ષેત્રનાં અંદાજિત ૦૪ એકમ (કંપની)માં બ્રાન્ચ મેનેજર, આસી. બ્રાન્ચ મેનેજર, રીંગ ફ્રેમ પ્રીસર સેલ્સ એક્સિક્યુટિવ, બીમા સખી એન્ડ આરસીએ વગેરે જગ્યાઓ ભરવાની છે.

નિયત કરેલી શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુઓને ભરતીમેળામાં રૂબરૂ મુલાકાત તેમજ ઈન્ટરવ્યુ માટે રિઝ્યુમની ૫ નકલ સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવા તેમજ નોકરીદાતા, જગ્યા અને જરૂરી લાયકાત અંગેની વિસ્તૃત માહિતી માટે જિલ્લા રોજગાર કચેરીની ટેલિગ્રામ ચેનલ એમ્પલોયમેન્ટ ઓફિસ-ભાવનગર (જીઓજી)ની મુલાકાત લેવા રોજગાર કચેરી,ભાવનગરની અખબારી યાદીમાં જણાવ્યું

# વાંકાનેર: વ્યસન મુકિત અંતર્ગત આજે ભવ્ય લોક ડાયરાનું આયોજન

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરમાં યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ગાંધીનગરના સહયોગ થકી જનહીત જાગૃતિ માટે આજરોજ વાંકાનેરમાં સરકારી હોસ્પિટલ પાસે આવેલ ચોપાટી ગ્રાઉન્ડ ખાતે આજે રાત્રે ૧૦ કલાકે લોકડાયરાનું આયોજન ધર્મેન્દ્રસિંહ ઝાલા (વ્યસન મુકિત) તથા તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

આ લોક ડાયરામાં ખાસ કરી યુવા પેઢીને વ્યસન મુકિતનો સંદેશ ફેલાવવા ખાસ આયોજન કરવામાં આવેલ છે. તો વાંકાનેર શહેરની સંતવાણી પ્રેમી જાહેર જનતાને જાહેર આમંત્રણ આપવામા આવેલ છે.

આ તકે રાજયસભાના સાંસદ અને રાજવી કેશરીદેવસિંહજી ડી. ઝાલા સહિત અનેક મહાનુભાવો, આમંત્રીત મહેમાનો ખાસ ઉપસ્થિત રહેશે.

# દ્વારકામાં જગત મંદિરે ગુજરાત ટુરીઝમ વિભાગનાં સેક્રેટરી ડો. રાજેન્દ્રકુમારે શિશ ઝુકાવી ધન્યતા અનુભવી



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ગુજરાત રાજયના ટુરીઝમ વિભાગના ટુરીઝમ, દેવસ્થાનમ મેનેજમેન્ટ અને સીવીલ એવીએશન એન્ડ પીલગ્રીમેજ વિભાગના સેક્રેટરી ડો.રાજેન્દ્ર કુમાર (આઈ.એસ.એસ.) એ યાત્રાધામ દ્વારકા ખાતે જગતમંદિરની મુલાકાત લઈ દ્વારકાધીશને શીશ ઝુકાવ્યું હતુ. બાદમાં દેવસ્થાન સમિતિ કચેરી ખાતે એસ.ડી.એમ્ અમોલ આવટે તથા મંદિર વહીવટદાર હિમાંશુ ચૌહાણ સાથે વિશેષ મુલાકાત કરવામાં આવી હતી જયાં તેઓનું દ્વારકાધીશનું ઉપરણું ઓઢાડી છબી અર્પણ કરી સન્માન કરાયું હતું. બાદમાં તેઓએ રૂમક્ષ્ણી મંદિર પાસેના હેલીપેઈડ ગ્રાઉન્ડ તથા શિવરાજપુર બીચની પણ વીઝીટ કરી આધિકારીક ચર્ચાઓ કરી હતી. થોડા સમય પૂર્વે દ્વારકા કોરીડોર પ્રોજેકટનો ત્રણ તબકકે વિકાસ થવાના સમાચારો વહેતા થયા બાદ ઉચ્ચ અધિકારીની આજની વિઝીટથી આગામી જન્માષ્ટમી સુધીના સમયમાં કોરીડોર પ્રોજેકટનો શુભારંભ થઈ શકે તેવા સંકેતો સાથેના તર્ક - વિતર્ક વહેતા થયા છે. જોકે આ અંગે હજુ સુધી કોઈ જ આધિકારીક ઘોષણા કરવામાં આવી નથી.

# રાજુલામાં મલેરિયા વિરોધી માસની ઉજવણી: જનજાગૃતિ રેલી યોજાઇ

## રાજુલામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૩૯૪૩૩ લોહીના નમુના સામે ફકત ૪ મલેરીયાના કેસ જ નોંધાયા

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

તાલુકા આરોગ્ય કચેરી રાજુલા તળેના આરોગ્ય કેન્દ્રો દ્વારા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.રશ્મિકાંત જોષી અને ડીએમઓ ડો.એ.કે.સિંઘના માર્ગદર્શન હેઠળ દર વર્ષે ૨૫મી એપ્રિલના રોજ વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવે છે.જેમા રાજુલામા વર્ષ ૨૦૨૪ દરમિયાન લીધેલ ૩૯૪૩૩ લોહીના નમુના સામે ફક્ત ૦૪ મેલેરિયાના કેસ નોંધાયેલ જે અગાઉના વર્ષો કરતા નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે અને મેલેરીયા નિયંત્રણમાં પણ મોટી સફળતા મળી છે.



ગુજરાત સરકારે ૨૦૧૭ સુધીમા અને ભારત સરકારે ૨૦૩૦ સુધીમાં મેલેરીયા મુક્ત થવાના લક્ષ્યને સિધ્ધ કરવા માટે રાજુલા તાલુકાના ૩૧ આરોગ્ય કેન્દ્રો,૨૫ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અને ૧૨૨ આશા બહેનો દ્વારા મેલેરીયા નિયંત્રણ માટે તાવના કેસની ૩૯૪૩૩ બ્લડ સ્લાઈડ કલેકશન, પોરાનાશક કામગીરી,પાણીના સ્ત્રોતોમાં દવાનો છટકાવ,ગપ્પી માછલીઓનો ઉપયોગ,ફોગિંગ સ્પ્રે અને મચ્છરદાની વિતરણ જેવા પગલાનો સમાવેશ થાય છે જે પ્રયાસોના કારણે તાલુકામાં મેલેરીયાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.રાજુલા તાલુકામાં મેલેરિયાના નિદાન માટે બે પ્રકારનું સર્વેલન્સ ચાલે છે.પેસીવ સર્વેલન્સ જેમા આરોગ્ય કેન્દ્રોમા આવતા તાવના દર્દીઓની તપાસ કરવામાં આવે છે.જ્યારે એક્ટિવ સર્વેલન્સમાં આરોગ્ય કર્મચારીઓ ઘરે ઘરે જઈને તપાસ કરે છે.તેમજ દર વર્ષે વર્ષાઋતુમાં ઉપરોક્ત કામગીરીને ઝડપી અને ધનિષ્ઠ બનાવવા માટે શહેરી અને અર્બન વિસ્તારમાં ખાસ વેક્ટર કંટ્રોલ ટીમો દ્વારા ચાર મહિના સુધી સઘન નિયંત્રણ કામગીરી આરોગ્ય કેન્દ્રોના મેઈલ સુપરવાઈઝરો દ્વારા મોનીટરીગ અને સુપરવિઝન હેઠળ કરવામાં આવતી હોવાનુ તાલુકા આરોગ્ય અધિકારી ડો.એન.વી.કલસરીયા દ્વારા જણાવેલ.

રાજુલા તાલુકામાં જન ભાગીદારી અને સહકાર પ્રાપ્ત કરવા માટે મેલેરીયા વિશે જનજાગૃતિ રેલી,શાળાઓના બાળકો અને લોકોને મેલેરીયા વિશે સમજણ,પત્રિકા વિતરણ, ભીતસુત્રો વિગેરે પ્રચાર - પ્રસાર ઝુંબેશ દ્વારા તાલુકા આરોગ્ય અધિકારી ડો.નિલેશ કલસરીયા, સુપરવાઈઝર સંજયભાઈ દવે,આરોગ્ય અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરાઈ હતી અને લોકોમા જાગૃતતા લાવવા માટેના પ્રયત્નો કરવામા આવ્યા હતા જે યાદીમા જણાવેલ છે.

# બગસરા એસટી ડેપોમાં ગંદકીના ગંજથી લોકો ત્રાહિમામ

## છેલ્લા ચાર દિવસથી બસ સ્ટેન્ડમાં સોચાલયમાં પાણી ન આવવાથી મુસાફરો ત્રાહીમામ

**અબતક, સમીર વિરાણી, બગસરા**

હાલમાં બગસરામાં એસટી ડેપોનું કથળતો વહીવટ સામે આવી રહ્યો છે ત્યારે ઠેર ઠેર ગંદકીના ગંજ તેમજ સંડાશ બાથરૂમ ની સફાઈ થતી ન હોવાથી તેમજ હાલમાં પાણી પણ ન આવતું હોવાથી ફરિયાદ સામે આવી છે. ત્યારે છેલ્લા ચાર દિવસથી ગંદકીથી ખદબદતું યુરીનલથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે.જ્યારે અહીંયા આવતા મુસાફરોને આ યુરીનલની સફાઈ ન થતા ભયંકર દુર્ગંધ નો સામનો કરીને પણ ડેપોની અંદર બેસવું પડે છે.



અહીંના ડેપો મેનેજરને પણ પેસેન્જર દ્વારા તેમજ જાગૃત નાગરિક દ્વારા અનેક વખત રજૂઆત કરવામાં આવી છતાં સફાઈના નામે ફક્ત કાગળ ઉપર રૂપિયા ઉતારી સફાઈ કરવામાં આવે છે. પરંતુ વાસ્તવમાં આ યુરીનલમાં સફાઈના નામે મીંડું વાળી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. જ્યારે આ જાગૃત નાગરિક દ્વારા છેવટે હાઉસકીપિંગ સફાઈ કામગીરી બાબતે વિભાગીય કચેરી અમરેલીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે.ત્યારે તેમના દ્વારા સફાઈના નિયમો અને સફાઈના એગ્રીમેન્ટની કરાર કોપી આ નાગરિકને પાઠવવામાં પણ આવી છે.પરંતુ હાઉસકીપિંગ તેમજ સફાઈની કામગીરીના માસિક બિલો તો ઉધારવામાં આવી રહ્યા છે પરંતુ સફાઈના નામે મીંડુ વાળી રહ્યા છે.

# કચ્છમાં રિજિયોનલ ફાયર ઓફિસરની નિમણુંક કરવા ચેમ્બરની મુખ્યમંત્રીને રજૂઆત

## કચ્છ માટે ફાયર સલામતીના પ્રશ્ને જયાં ઉદ્યોગો ધબકે છે ત્યાં સુરક્ષા શીથીલ ન રહી શકે: ચેમ્બરની રજૂઆતમાં પાયાની વાત

**અબતક, ભારતી માખાજાણી, ગાંધીધામ**

ગુજરાતના સૌથી વિશાળ અને ઔધોગિક રીતે પ્રગતિશીલ જિલ્લામાં આગમુક્તિ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના હેતુસર ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજ્યના મુખ્યમંત્રી સમક્ષ ખાસ રજૂઆત કરાઈ છે. ઉધોગસહાયક અને સરહદી સંવેદનશીલતા ધરાવતો કચ્છ જિલ્લો. ગુજરાતના અન્ય જિલ્લાઓ કરતાં લગભગ પાંચ ગણો વિસ્તાર ધરાવે છે અને આ પ્રદેશે આજે ઔધોગિક ઊર્જાનો નવો મંચ ઉભો કર્યો છે. ત્યારે ગાંધીધામ ચેમ્બરે, રાજ્ય સરકારને એક વિહંગાવલોકન પત્ર પાઠવીને, કચ્છ જિલ્લામાં ક્ષેત્રિય અથવા ચીફ ફાયર ઓફિસરની ખાસ નિમણૂક કરવા વિનંતી કરી છે,

જેથી આગ જેવી આકસ્મિક ઘટનાઓ સામે તાત્કાલિક અને અસરકારક પ્રતિસાદ શક્ય બને, મુંદ્રા, કંડલા અને તુણા ટેકરા જેવા મહાપોર્ટ્સ, વિશાળ SEZ, ઉર્જા ક્ષેત્રે અગ્રેસર કંપનીઓ અને અવિરત ઊભરાતા GIDC વિસ્તારોની વચ્ચે આગમુક્તિ્ત વ્યવસ્થા આજની ઘડીએ એક નીતિગત મુદ્દો બની છે. જેને અનુલક્ષીને, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને સચોટ લેખિત રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બર પ્રમુખ મહેશ પુજે નિવેદન કરતાં જણાવ્યું હતું કે, ''કચ્છ આજે માત્ર ઔધોગિક વિકાસમાં જ નહીં પણ, રાજ્યના ને દેશના નાણાકીય નકશામાં પણ કેન્દ્રસ્થાને છે. ત્યારે સુરક્ષાની પાયાની વ્યવસ્થાઓમાં ખાસ કરીને, આગમુકિતના સંદર્ભમાં, વહીવટી વ્યવસ્થા મજબૂત થાય એ માટે ચેમ્બરે આ રજૂઆત કરી છે. પોર્ટ્સ, SEZ, ગોડાઉન, લોજિસ્ટિક ઝોન વગેરે જેવી જગ્યાઓમાં દરરોજ સંભવિત જોખમ સામે જણાઈ રહ્યા છે. ત્યારે આવા સંજોગોમાં ચીફ અથવા રિજનલ ફાયર ઓફિસરની હાજરી ન હોવી, એ આર્થિક અને માનવીય સુરક્ષા માટે ખતરાની ઘંટડી સમાન છે.

તેમણે ઉમેર્યું હતું કે, ''ગુજરાતના અન્ય મોટા શહેરોમાં આ પ્રકારના હોદા નિમાયેલ છે. ત્યારે કચ્છ જેવો વ્યૂહાત્મક અને ઔધોગિક દ્રષ્ટિએ અગ્રગણ્ય જિલ્લો એમાંથી બાકાત રહે, એ ઊંડા વિચારને પાત્ર છે.માનદ મંત્રી મહેશ તિર્થાણીએ સંલગ્ન દ્રષ્ટિકોણ સાથે જણાવ્યું હતું કે, કચ્છ એક સરહદી જિલ્લો છે. અહીં સર્જાતી કોઈ પણ અગ્નિકાંડ સ્થિતિની ગંભીર અસરો અને પરિણામો સામાજીક, ઔધોગિક કે નાગરિક સ્તરે સંભવી શકે છે. ચીફ કાયર ઓફિસર હોવાનો અર્થ માત્ર એક અધિકારી નહિ, પણ આગમુક્તિ માટે સંકલિત પ્રતિસાદ, ઝડપી નિર્ણયશક્તિ અને પરિપૂર્ણ માનવસંસાધન તથા સાધન વ્યવસ્થાનું સુદ્ઢ માળખું છે. તેમ જણાવી તેમણે ઉમેર્યુ હતું કે, ''વિશાળ ટિમ્બર માર્કેટ, ઓઈલ પીએસયુઝ, કેમિકલ કારખાનાં જેવા અગ્નિસંવેદનશીલ સ્થળોએ એડવાન્સ ફાયર રિસ્પોન્સની સૌથી વધુ જરૂર છે, જે માત્ર હાઈકવોલિફાઈડ અધિકારીના નેતૃત્વમાં જ શક્ય બની શકે તેમ છે.''

મહેશ તિર્થાણીએ પણ ઉમેર્યુ હતું કે, *રાજ્યના મુખ્ય શહેરો જેમ કે અમદાવાદ, ગાંધીનગર, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ, વગેરેમાં ફકત સાત જગ્યા એ જ આવા હોદ્દાની નિમણૂક થઈ છે, તો કચ્છ જેવો મહત્વપૂર્ણ જિલ્લો તેમાંથી અવગણવામાં ન આવે એ ચેમ્બરની સદંતર અને ન્યાયસંગત માંગ છે.''

# રાજુલા: ટેકાના ભાવે ચણાની ખરીદીનો પ્રારંભ કરાવતા ધારાસભ્ય સોલંકી



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા સેન્ટર ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ના માર્ગ દર્શન નીચે,રાજુલા યાર્ડ ના ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલ ના આદેશ મુજબ રાજુલા-ખાભા તાલુકા સંઘ ધ્વારા સંઘના પ્રમુખ રમેશભાઈ ડોબરીયા એ સંઘ ના અને યાર્ડ ના ડાયરેક્ટર ની ઉપસ્થિતિ મા ટેકાના ભાવે ચણા રવિ -૨૦૨૫ ની ખરીદી નો શુભારંભ કરવામા આવેલ હતો.

# ધ્રાંગધ્રા: ખેલ મહાકુંભમાં કરાટે સ્પર્ધામાં તપોવન વિદ્યાલયના બે વિદ્યાર્થી ઝળકયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તપોવન વિદ્યાલયના વિદ્યાર્થી દ્વારા રાજ્ય કક્ષાએ ખેલ મહાકુંભ કરાટે અન્ડર-૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તમામ સ્પર્ધકોને શિક્ષકો દ્વારા આશીર્વચન આપ્યા હતા અને રમતની શરૂઆત કરાવી હતી. જેમાં ખેલાડીઓને ખેલદિલીથી રમવા અને સ્વસ્થ સ્પર્ધાત્મક ભાવના સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી ત્યારે ધાંગધ્રા તપોવન વિદ્યાલયના બે વિદ્યાર્થીઓએ કરાટે સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કર્યો હતો.



ગુજરાત સરકાર દ્વારા સમગ્ર રાજ્યની અંદર ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્ય કક્ષાથી ગ્રામ્ય સ્તર સુધીની રમતગમત પ્રતિભાઓને આગળ લાવવાની તક પ્રદાન કરે છે ત્યારે આણંદ ખાતે રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ કરાટે અન્ડર-૧૭ સ્પર્ધાનું આયોજનમાં ધ્રાંગધ્રા તપોવન વિદ્યાલયના બે વિદ્યાર્થીઓ દેવેન્દ્ર ધામેચા અને રાતડીયા હરદીપ (અંડર-૧૭)માં રાજ્ય કક્ષાએ ત્રીજા ક્રમે રહીને સમગ્ર રાજ્ય કક્ષાએ કરાટે સ્પર્ધામાં નંબર પ્રાપ્ત કર્યો હતો ત્યારે શાળાના સંચાલક વિપુલભાઈ દલસાણીયા અને પંકજભાઈ લોરિયા તેમજ સમગ્ર તપોવન પરિવાર તરફથી ખૂબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# રાજુલા: ભેરાઈ ગામે પંચાયતીરાજ દિવસ ઉજવાયો

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા ના ભેરાઈ ગામે ગ્રામ પંચાયત દ્વારા પંચાયતી રાજ દિવસની ઉજવણીના ભાગ રૂપે ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યું આ તકે ઉપસ્થિત સરપંચ વાલાભાઈ રામ,ઉપસરપંચ રસિકભાઈ બાંભણિયા તેમજ માજી ઉપસરપંચ શીવાભાઈ રામ અને તલાટી કમ મંત્રી નકુમભાઈ તેમજ શાળાના પ્રિન્સિપાલ અને આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમજ પીજીવીસીએલનો સ્ટાફ અને ફોરેસ્ટ વિભાગ નો સ્ટાફ, પોસ્ટ ઓફિસ વિભાગ, આંગણવાડી નો સ્ટાફ તેમજ સરકારી અધિકારીઓ હાજર રહીને વિકાસના કામોની



ચર્ચાઓ કરવામાં આવી આમ પંચાયતી રાજના દિવસે ભેરાઈ ગ્રામ પંચાયત દ્વારા મીટીંગ યોજીને ગ્રામસભા કરવામાં આવી હતી.

### તેરા તુજકો અર્પણ અંતર્ગત

# સામખીયાણી પોલીસે આઠ મોબાઈલ શોધી મુળ માલીકને પરત કર્યા



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારએ તેરા તુજકો અર્પણ અંતર્ગત મુળ માલીકને મુદ્દામાલ પરત કરવા આપેલ સુચના અને માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક ભચાઉ વિભાગ સાગર સાંબડા અને પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે.ગઢવીના માર્ગદર્શન મુજબ સામખીયાળી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલ મોબાઈલ ફોન નંગ-૦૮ કુલ (કિંમત રૂપિયા ૧,૦૫,૮૯૮) CEIR પોર્ટલની મદદથી શોધી તેના મુળ માલીકને સામખીયાળી પોલીસ સ્ટેશન ખાતે બોલાવી પરત કરવામાં આવેલ છે.

આ કામગીરી પોલીસ ઈન્સપેક્ટર વી.કે.ગઢવી તથા બિ.હ.લો.ર, કિરણકુમાર દ્વારા કરવામાં આવેલ છે.

# વિસાવદર પોલીસ સ્ટેશનમાં પાણીની નાંદ-કુંડા મુકાયા

## એએસપી રોહીતકુમાર ડાંગર દ્વારા પહેલ

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદરના ચાપરડા ખાતે એ.એસ.પી.ની કચેરી ખાતે આવતા અરજદારો તથા આશ્રમ માં આવતા લોકો હોસ્પિટલમાં આવતા લોકો અને રાહદારીઓ માટે આજરોજ ચાપરડા ખાતે તથા વિસાવદર પોલીસ સ્ટેશનમાં આવતા અરજદારો માટે પાણીની નાઈન્દો મૂકી લોકોને પીવાનું પાણી મળી રહે તે માટે તથા આ કાળઝાળ ગરમીમાં પંખીઓ માટે પાણીના કુંડાની વ્યવસ્થા ગોઠવી આપેલ છે.



### વિશ્વ પૃથ્વી દિવસ નિમિતે

# ભાવનગરમાં રેડક્રોસ દ્વારા સ્વચ્છતા અભિયાન



**અબતક, આનંદ રાણા, સિહોર**

વિશ્વ પૃથ્વી દિવસ નિમિત્તે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર દ્વારા અલંગ રેડક્રોસ હોસ્પિટલ ના બન્ને વિભાગો ના સ્ટાફ અને સ્વંયસેવકો દ્વારા હોસ્પિટલ અને આસપાસ ના વિસ્તારમાં સ્વચ્છતા કાર્યક્રમ અને પ્લાસ્ટિક મુક્ત પૃથ્વી નો સંદેશો આપવા માટે વેસ્ટ પ્લાસ્ટિક કલેક્શન નું અભિયાન કરવા માં આવ્યું હતું કુદરતી સંપત્તિ ના સંરક્ષણ દ્વારા પૃથ્વી નું જતન કરવા નો સંદેશ આપી ને આ આદતો ને નિયમિત અપનાવવા માટે લોકો ને અપીલ કરી હતી આ આયોજન માં રેડક્રોસ સંચાલિત હોસ્પિટલ ના સ્ટાફ અને સ્વંયસેવકો એ જોડાઈ ને હોસ્પિટલ આસપાસ ના વિસ્તારમાં સફાઈ અભિયાન કર્યું હતું. આ કાર્યક્રમ માં જીએમબી નો સહકાર સાંપડ્યો હતો.

# પાલીતાણામાં જગતગુરૂ વલ્લભાચાર્યનો ૫૪૮મો પ્રાગટય મહોત્સવ ધામધુમથી ઉજવાયો

## મહાપ્રસાદ અને સત્સંગથી હજારો વૈષ્ણવો થયા 'અભિભૂત'

**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

વીવાયઓ પાલીતાણા દ્વારા જગતગુરુ વલ્લભાચાર્ય મહાપ્રભુજી નો ૫૪૮ મો પ્રાગટ્ય ઉત્સવ ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો સૌપ્રથમ તો વીવાયઓ પાલીતાણા ના ત્રણેય વીંગના કમિટી મેમ્બરો સાથે મળીને સવારે ૬:૪૫ કલાકે મુરલીધરજી ની હવેલી થી શરૂ કરી અને શ્યામલાલજીની મોટી હવેલી સુધી પ્રભાતફેરી કીર્તનો સાથે કરી શ્યામલજી ની હવેલીએ દરેક વૈષ્ણવો એ મંગળા દર્શન આરતીનો લાભ લીધો તેમાં બહોળી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા વીવાયઓ પાલીતાણા દ્વારા બન્ને હવેલી ખાતે ધોતી - ઉપરણા નાળિયેર



અને સાકરપડો મહાપ્રભુજીની ધરવામાં આવ્યો અને બંને હવેલી ખાતે તે ઉત્સવ નિમિત્તે વીવાયઓ દ્વારા રાજભોગ ની સેવા પણ કરવામાં આવી હતી. ત્યારબાદ સાંજે સર્વોદય સોસાયટીમાં ભગિની મિત્ર મંડળ ખાતે ૭ થી ૯ કલાકે વીવાયઓના ત્રણેય કમિટી મેમ્બરોને ફેમિલી સાથે અને વૈષ્ણવો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ રાત્રે ૯ કલાકે મહાસત્સંગનું આયોજન કરેલ હતું તેમાં કીર્તનોની રમઝટ બોલાવવા માટે કૌશિકભાઈ દેવલુકના કલાવૃંદો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતુ તેમાં બહોળી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહી મહાપ્રસાદ અને મહાસત્સંગનો લાભ લઈ ખૂબજ ધન્યતા અનુભવી હતી સમગ્ર દિવસ નાં દરેક કાર્યક્રમ આયોજનબધ્ધ અને સમયસર ખૂબ જ આનંદ અને ઉત્સાહ સાથે સંપન્ન થયો હતો તે બદલ વીવાયઓ પ્રેસિડેન્ટ શૈલેષભાઈ લંગાલીયા એ ત્રણેય કમિટીના કારોબારીના મેમ્બર્સ નો આભાર વ્યક્ત કર્યો હતો

# ભાવનગર જિલ્લાના બાગાયતદારોને સરકારી યોજનાનો લાભ લેવા અરજીની ૩૧-મે સુધી મહેતલ

## ૩૧-મે સુધી અરજી માટે આઇ-ખેડૂત પોર્ટલ-૨.૦ ખુલ્લુ રહેશે

**અબતક, આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લાના બાગાયતદારો માટે બાગાયત ખાતાની સહાયલક્ષી યોજનાઓ માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું છે. યોજના હેઠળના વિવિધ ઘટકની સહાય માટે નવા આઈ ખેડૂત પોર્ટલ ૨.૦ ને તા.૨૪ એપ્રિલ થી તા.૩૧ મે સુધી ખુલ્લું મુકવામાં આવ્યું છે. જે અંતર્ગત સહાયનો લાભ લેવા માંગતા બાગાયતદરોએ www.ikhedut.gujarat.gov.in વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

જેમાં લાભ લેવા માંગતા ખેડૂતોએ અરજી કરતાં પહેલા આઈ- ખેડૂત પર નોંધણી કરવી ફરજિયાત છે. તેમજ અરજીમા જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રીન્ટ લઈ ખેડુતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે. જેની નકલ મંજુરી મળ્યા બાદ ક્લેઈમ (બીલ ફાઈલ) સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનીક કાગળો સહિત નાયબ બાગાયત નિયામકની કચેરી, નવાપરા,ભાવનગર ખાતે બિનચૂક જમા કરાવવાની રહેશે.

બાગાયતી યોજનામાં શાકભાજી પાકો માટે કાચા, અર્ધપાકા અને પાકા મંડપ માટે સહાય, આંબા તથા જામફળ પાકમાં ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, સહાય માટે અરજી કરી શકાશે.

વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામક, સરકારી ટેકનીકલ સ્કુલ કમ્પાઉન્ડ, નવાપરા, ભાવનગરનો રૂબરૂ અથવા ટેલીફોન નંબર ૦૨૭૮-૨૪૨૦૪૪૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરું છું કે મેં મારું નામ નેમિશ રમેશભાઇ ધડુક બદલી ને નૈમીષ રમેશભાઇ ધડુક કરેલ છે અને હવે પછી હું નૈમીષ રમેશભાઇ ધડુક તરીકે ઓળખાઇશ. જેની સૌ કોઇએ નોંધ લેવી.
સરનામું : શ્રી દાસીજીવણ કૃપા, 11-કૈલાસબાગ, ગોંડલ જી. રાજકોટ
પિન : 360311 (ગુજરાત)ભારત

## આજે વિશ્વ બૌદ્ધિક સંપતિ દિવસ

# વૈશ્વિકરણના યુગમાં પેટન્ટ, ટ્રેડમાર્ગ, કોપીરાઈટ્સનું મહત્વ સમજનાર જ સફળ વ્યવસાયી-ઉદ્યોગપતિ બની શકે

## વિશ્વ બૌદ્ધિક સંપતિ દિવસની ઉજવણી સર્જક અને સર્જકતાને ઉજાગર કરે છે: સી.એસ. એટર્ની દર્શિત આહ્યા

**અબતક, રાજકોટ**

વૈશ્વિકરણના યુગમાં પેટન્ટ, ટ્રેડમાર્ગ અને કોપીરાઈટ્સનું મહત્વ સમજનાર ઉદ્યોગપતિ, વ્યવસાયકારો વિશેષ સફળ બની શકે છે. જાણીતા સી.એસ. એટર્ની દર્શિત આહ્યાએ ટ્રેડમાર્ગ, પેટન્ટ, કોપીરાઈટ્સ જેવા પરિમાણો અંગે સમજણ વિકસાવવા અપિલ કરી છે.

દર વર્ષે ૨૬ એપ્રિલના સમગ્ર વિશ્વમાં વિશ્વ બૌદ્ધિક સંપત્તિ દિવસની ઉજવણી થાય છે - જેનો મુખ્ય ઉદ્દેશ વિશ્વભરના સર્જકો, સંશોધકો, ઉદ્યોગસાહસિકો અને સ્ટાર્ટઅપ્સને એ સમજાવવાનો છે કે તેમના વિચારો, શોધો અને સર્જનાઓને કાનૂની રીતે કેવી રીતે સુરક્ષિત બનાવવી. આ ખાસ દિવસે ગુજરાતમાં જે સંસ્થા અને વ્યક્તિનું નામ શ્રદ્ધાથી લેવાય છે, તે છે જીએસ (એડવોકેટ) દર્શિત આહ્યા



અને તેમની પ્રતિષ્ઠિત કાનૂની ફર્મ ડી.એન.આહ્યા એન્ડ કો.

આ સંસ્થાની વિશેષતા માત્ર કાગળી કાર્યવાહી સુધી સીમિત નથી - તેઓએ અત્યારસુધીમાં અનેક જટિલ અને વિવાદાસ્પદ ટ્રેડમાર્ક કેસોમાં સફળતાપૂર્વક વકીલાત કરી છે. તેઓ આજે માત્ર ગુજરાત પૂરતા નથી રહ્યા, પણ મુંબઈ અને દિલ્હી હાઈકોર્ટમાં પણ પ્રતિનિધિત્વ આપી રહ્યા છે.

તેમની ફર્મ દ્વારા અનેક એવા ટ્રેડમાર્ક અને કોપીરાઈટ નોંધાયા છે, જેને અગાઉ રજિસ્ટર કરાવવી અસંભવ જેવી ગણાતી હતી.

તેમની ટીમ માત્ર આઈ.પી.રજીસ્ટ્રેશન પૂરતી નહીં રહેતી, પણ વ્યવસાયની શરૂઆતથી, બ્રાન્ડ બનાવવામાં, માર્કેટપ્લેસમાં ઓળખ ઉભી કરવામાં અને કોર્ટમાં વિવાદ ઉકેલવામાં સંપૂર્ણ સહાય આપે છે.

તેમની સેવાઓમાં સમાવિષ્ટ છે. ટ્રેડમાર્ક, ડિઝાઈન અને કોપીરાઈટ રજીસ્ટ્રેશન, કાનૂની નોટિસ અને પ્રતિસાદ તૈયાર કરવી, આઈપી લિટિગેશન અને કોર્ટ કેસ, સ્ટાર્ટઅપ અને આરઓસી કન્સલ્ટિંગ, ટેક્નોલોજી આધારિત આરઓસી સેવાઓ અને વિસ્તૃત પહોંચ, તેઓએ સમયની સાથે ચાલતા, ટેક્નોલોજી આધારિત પદ્ધતિ અપનાવી છે આજે તેઓ ગુજરાતની બહાર પણ અનેક સ્ટેટ્સમાં સક્રિય સેવાઓ આપી રહ્યા છે.

સી.એસ.(એડવોકેટ) દર્શિત આહ્યા આ દિવસે જણાવ્યું હતું કે ''જો તમારૂં વિચાર નવતર છે, તો એને સાચવવું તમારી ફરજ છે. તમારા બ્રાન્ડ, લોગો કે કન્ટેન્ટ પર તમારું અધિકાર તેટલું જ મહત્વપૂર્ણ છે જેટલું એનો વિકાસ. આઈ.પી.એ બિઝનેસની બાઉન્ડ્રી છે - જે બંધાવીએ તો વૃદ્ધિ નક્કી છે.''

આજના વૈશ્વિકીકરણના યુગમાં બૌદ્ધિક મિલ્કત અધિકાર અર્થતંત્રના વિકાસ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત જે રીતે એક નવીનતા આધારિત અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યું છે, તેવા સમયમાં આઈપીઆરએ રોકાણ, ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ માટે મજબૂત આધાર બની રહ્યું છે.

બૌદ્ધિક મિલ્કત સુરક્ષાના માધ્યમથી નવી શોધો, ટેક્નોલોજી, બ્રાન્ડ, ડિઝાઈન અને સાહિત્યિક કૃતિઓને માન્યતા અને રક્ષણ મળે છે. આ રક્ષણ કારણે નિર્માતા પોતાની મહેનત અને સર્જનાત્મકતાનો ન્યાય મેળવતા થાય છે અને નવીનતા માટે પ્રોત્સાહન મળે છે.

ભારતમાં ટ્રેડમાર્ક, પેટન્ટ, કોપિરાઈટ અને ડિઝાઈન રજીસ્ટ્રેશન જેવી સેવાઓ ઉદ્યોગો માટે સ્પર્ધાત્મક લાભ લાવે છે. આઈપીઆરના મજબૂત અમલથી વિદેશી અને સ્થાનિક રોકાણકારો માટે વિશ્વાસ જગાય છે, જેનો સીધો ફાયદો રોજગારની તક, ટેક્નોલોજી ટ્રાન્સફર અને નવિન ઉદ્યોગોના વિકાસમાં થાય છે.

વધુમાં, ભારતીય સ્ટાર્ટઅપ એકોઝિસટમમાં આઈપીઆરનું મહત્વ બહુ મોટું છે. નવી શોધ અને વિચારોને બૌદ્ધિક મિલ્કતના સ્વરૂપે સુરક્ષિત કરીને સ્ટાર્ટઅપ્સ પોતાનું માર્કેટ મૂલ્ય અને રોકાણકારોનું આકર્ષણ વધારી શકે છે.

આ રીતે, બૌદ્ધિક મિલ્કત અધિકાર માત્ર સર્જનાત્મકતા અને શોધને જ નહીં, પણ દેશના કુલ આર્થિક વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. વિશ્વસ્તરે ભારતની પ્રતિષ્ઠા વધારવામાં અને આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરવામાં આઈપીઆર કેન્દ્રસ્થાને છે.

આજનો વિચાર - સર્જનાની સુરક્ષાએ વિકાસની ધોરી છે. તમારા વિચારોને આજે જ કાનૂની ઢાલ આપો.

### બૌદ્ધિક સંપત્તિ - આધુનિક યુગની આવશ્યકતા

આજના સમયમાં જ્યાં નવીન વિચાર અને બ્રાન્ડનો ઝડપથી નકલ થઈ શકે છે, ત્યાં એ વિચારને ટ્રેડમાર્ક, કોપીરાઈટ, ડિઝાઈન રજીસ્ટ્રેશન અથવા પેટન્ટ દ્વારા સુરક્ષિત કરવો હવે વૈકલ્પિક નથી, પણ આવશ્યકતા બની ગયું છે. બૌદ્ધિક સંપત્તિ એ વેપારનું મૌલિક સ્વરૂપ છે, જે કોઈપણ બ્રાન્ડને નકલમુક્ત ઓળખ આપે છે અને બજારમાં તેની મજબૂત સ્થાપના સુનિશ્ચિત કરે છે.

### બૌદ્ધિક હક્કોના સચોટ લડવૈયા: સી.એસ. દર્શિત આહ્યા

સમર્પણ અને કાનૂની કુશળતા સાથે વર્ષોથી ગુજરાતના બૌદ્ધિક સંપત્તિ ક્ષેત્રમાં કાર્યરત સી.એસ.(એડવોકેટ) દર્શિત આહ્યાએ ગુજરાત અને સૌરાષ્ટ્રના સાનુકૂળ અને કઠિન કેસોમાં પોતાની આગવી છાપ છોડી છે. તેઓ બી.કોમ., એફસીએસ, એલ.એલ.બી. શિક્ષણ ધરાવે છે, રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક એજન્ટ છે, તથા ફોરેન્સિક ઑડિટ અને ફાઈનાન્સિયલ વેલ્યુએશન ક્ષેત્રે પણ નિષ્ણાત છે.તેમના માર્ગદર્શન હેઠળ ડી.એન. આહ્યા એન્ડ કો.એ અસંખ્ય સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગસાહસિકોને ટ્રેડમાર્ક, કોપીરાઈટ, ડિઝાઈન રજીસ્ટ્રેશન તથા ઈંડ લિટિગેશન જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં સફળતા અપાવી છે.

## જામનગર ક્રાઈમ ડાયરી

### દરેડમાં ઊંટગાડીની રેસનો જુગાર રમતા ચાર પકડાયા: ચાર ફરાર

**અબતક, જામનગર**

જામનગર નજીક લાલપુર હાઈવે રોડ પર દરેડ પાસે ઊંટગાડીની રેસ કરીને જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે પંચકોષી બી. ડિવિઝન પોલીસે દરોડો પાડી ને રેસનો જુગાર રમી રહેલા ચાર શખ્સોને રૂપિયા ૩૦ હજારની રોકડ સાથે પકડી પાડ્યા છે. ઉપરાંત અન્ય ચારને ફરારી જાહેર કરાયા છે.



જામનગરના પંચકોષી બી. ડિવિઝનના પી.આઈ. વીરેન રાઠોડ અને તેઓની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગર લાલપુર રોડ પર કેટલાક શખ્સો દ્વારા નજીકના વિસ્તારમાં ઊંટગાડીની રેસ લગાવીને તેના પર જુગાર રમાડાઈ રહ્યો છે, જે બાતમીના આધારે લાલપુર હાઈવે રોડ પર પોલીસે દરોડો પાડ્યો હતો, અને જુગાર રમી રહેલા રમેશ દેવાભાઈ ચાવડા ઉપરાંત ઊંટગાડીવાળા સુલેમાન ઈબ્રાહીમભાઈ સમા, તેમજ લાલો ભાનુશાળી ઉર્ફે લાલજી નરશીભાઈ મંગેની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી હતી, અને તેઓ પાસેથી રૂપિયા ૩૦,૦૦૦ ની રોકડ રકમ કબજે કરાઈ હતી.

પોલીસના દરોડા સમયે આ જુગારમાં જોડાયેલા મહેબૂબ ઈબ્રાહીમ ખફી, અશરફ ખફી, અને અકબર ઉમરભાઈ ખફી પોલીસને જોઈને ભાગી છૂટ્યા હોવાથી તેઓને ફરારી જાહેર કરાયા છે, અને તેઓની શોધખોળ ચલાવાઈ રહી છે.

### હાપા રેલવે કોલોની વિસ્તારમાં યુવાનનો આપઘાત

**અબતક, જામનગર**

જામનગર નજીક હાપા રેલવે કોલોની પાસે આવેલી જ્યોતિ સોસાયટીમાં રહેતા ભગવતસિંહ ભીખુભા જાડેજા નામના ૩૦ વર્ષના યુવાને ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણસર પંખાના હુકમાં ચુંદડી બાંધી ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

આ બનાવ અંગે મૃતકના સસરા કુંવરસિંહ મુળુભા ગોહિલે પોલીસને જાણ કરતાં પંચકોશી એ. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ભાવેશ લાંબરીયા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જ્યારે તેણે કયા સંજોગોમાં આત્મહત્યા કરી લીધી છે, તે જાણવા માટે ઉંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

## મોજેશ્વર નેશની વીજ પુરવઠાની સમસ્યાનો ઉકેલ લાવતા ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયા

### ઉપલેટાના ખાખીજાળીયા નેશ વિસ્તારનો જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવેશ કરાયો

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ખાખીજાળીયા ગામ ખાતે પી.જી.વી.સી.એલ. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ)ની રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી દ્વારા ખાખીજાળીયા નેસ વિસ્તારનો 'જ્યોતિગ્રામ યોજના' હેઠળ સમાવેશ કરવાનો ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાના હસ્તે શુભારંભ કરાયો હતો.



ખાખીજાળીયા ગામના મોજેશ્વર નેસ વિસ્તારના પેટા પરામાં રહેતા ૧૫ પરિવારોને ઘર વપરાશ માટે લાંબા સમયથી ખાખીજાળીયા ખેતીવાડી ફીડરમાંથી વીજ પુરવઠો પૂરો પાડવામાં આવતો હતો. ખેતીવાડીના હેતુસર ફીડર હોવાથી થ્રી ફેઈઝ પાવર સપ્લાય ૦૮ કલાક માટે આપવામાં આવતો હતો. જે સંદર્ભે ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાના પ્રયાસો અને પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓની ભાગીદારીથી વાડલા જે.જી.વાય. ફીડરમાંથી ૨૪ કલાકનો ગુણવત્તાભર્યો અને નિયમિત વીજ પુરવઠો મળી રહે, તે આશયથી એનર્જી અને પેટ્રોકેમિકલ્સમાંથી જરૂરી મંજૂરી મેળવીને તેની શરૂઆત કરી હતી. આ તકે ધોરાજી અને ઉપલેટાના ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું હતું કે ''મોજેશ્વર નેસ વિસ્તારના નિવાસીઓની સમસ્યાઓને ધ્યાનમાં લઈને પી.જી.વી.સી.એલ. સાથે આ સમસ્યા બાબતે સંવાદ કર્યો હતો અને ગાંધીનગરમાં ઉર્જા વિભાગને રજૂઆત કરી હતી. જેથી, સમયસર મંજૂરી મળ્યેથી પેટા પરા વિસ્તારમાં ૧૧ કે.વી. વાડલા જે.જી.વાય. ફીડરમાંથી ૨૪ કલાકનો વીજ પુરવઠો શરૂ થયો છે. પી.જી.વી.સી.એલ. અધિકારીઓની મહેનતથી જ આ શક્ય બન્યું છે. જેનાથી લોકોની મૂળભૂત સમસ્યા હલ થવાથી તેમના જીવનધોરણમાં પણ સુધારો થશે.''

આ તકે પી.જી.વી.સી.એલ.ના અધિકારીઓએ મોજેશ્વર નેસ વિસ્તારના લોકોને ભવિષ્યમાં પણ વીજ પુરવઠો અવિરત અને ગુણવત્તાપૂર્ણ રીતે મળતો રહેશે, તેવી ખાતરી આપી છે. આ કાર્યક્રમમાં પી.જી.વી.સી.એલ.ના અધિક્ષક ઈજનેર ઉપાધ્યાય, કાર્યપાલક ઈજનેર રાડા, નાયબ ઈજનેર સી. ડી. મકવાણા, નાયબ કલેક્ટર, મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારી ઉપસ્થિત રહ્યાં હતાં.

## જેતપુરમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

### રોકડ અને મોબાઈલ મળી, રૂ.૧૬ હજારનો મુદ્દા માલ એલસીબીએ કર્યો કબજે: ત્રણ શખ્સોની શોધખોળ

**અબતક, રાજકોટ**

જેતપુરમાં ફૂલવાડી વિસ્તારમાં આવેલા સ્મશાન રોડ પરથી મોબાઈલમાં હાલમાં ચાલતા આઈ પી એલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શખ્સને રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે ઝડપી લઈ, રોકડ અને મોબાઈલ મળી રૂ.૧૬ હજારનો મુદ્દામલ કબજે કર્યો છે. જ્યારે અન્ય ત્રણ શખ્સોની સંડોવણી ખૂલતા ત્રણેય શખ્સોની શોધ ખોળ હાથ ધરી છે. રાજકોટ જિલ્લામાં દારૂ - જુગારની બદી સંપૂર્ણ પણે દામી દેવા જિલ્લા પોલીસ અધિક્ષક હીમકર્સિંહે આપેલી સૂચનાના પગલે ગ્રામ્ય એલસીબીની ટીમે પેટ્રોલિંગ હાથ ધર્યું, જેમાં તેઓને બાતમીમળી હતી કે ફૂલવાડી વિસ્તારમાં સ્મશાન રોડ પર એક શખ્સ તેના મોબાઈલમાં હાલમાં ચાલતા ચેનાઈ સુપરકિંગ અને હૈદરાબાદ સનરાઈઝ વચ્ચે ચાલતા ૨૦- ૨૦ મેચ પર ચિઠ્ઠીઓ લખી રન ફેરનો સટ્ટો રમી રહ્યો છે. એલસીબીની ટીમ બાતમી મળેલા સ્થળે પહોંચી ઓનલાઈન સટ્ટો રમતા શખ્સને ઝડપી તેની પાસે રહેલો મોબાઈલ અને કાગળની ચિઠ્ઠીઓ કબ્જે કરી, જેતપુરના જુના પાંચ પીપળા રોડ પર રહેતો અરવિંદ જેસુખલાલ પડીયા નામના શખ્સને રોકડ અને મોબાઈલ મળી, રૂ ૧૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે ઝડપાયેલા શખ્સ ની પૂછ પુરછ કરતા તે તેના મોબાઈલમાં જેતપુર માર્કેટિંગ યાર્ડ પાસે રહેતો ભરત ભરવાડ, સોનાની ભઠ્ઠી પાસે રહેતો પ્રકાશ મકવાણા અને ચાંદની ચોકમાં રહેતો તનાજ લુંલાણીયા નામના શખ્સો સાથે રનફેરનો જુગાર રમતો હતો. પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી શોધ ખોલ હાથ ધરી છે. દરોડાની કામગીરી એલસીબી પીઆઈ વી વી ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ સી ગોહિલ, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ,અને દિવ્યેશભાઈ સહિતના સ્ટાફે કરી હતી.

(પહેલા પાનાનું ચાલું)

### બાંગ્લાદેશી...

યથાવત છે. જ્યાં શંકાસ્પદ ૪૫૭ ઘુસણખોરોને પકવામાં આવ્યા છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. તમામ ઘુસણખોરોને ફૂટબોલ ગ્રાઉન્ડ ખાતે ભેગા કરાયા છે. ઘૂસણખોરો બાંગ્લાદેશના છે કે પછી અન્ય દેશના છે અને અન્ય દેશના બાંગ્લાદેશથી ઘૂસણખોરી કરી છે કે નહીં તેની પણ તપાસ શરૂ કરાઈ છે.

બીજી બાજુ સુરત પોલીસ દ્વારા પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરમાંથી ૧૩૨ શંકાસ્પદ શખ્સોંની બઅટકાયત કરવામાં આવી છે. સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજી દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં પોલીસે સર્ચ કર્યું છે. બોગસ ડોક્યુમેન્ટના આધારે ભારતમાં રહેતા મહિલા સહિત પુરુષ બાંગ્લાદેશીઓની અટકાયત કરાઈ છે. સુરતમાંથી ૧૩૨ બાંગ્લાદેશી ઝડપાયા છે. ૮૮ પુરુષ, ૪૪ મહિલા બાંગ્લાદેશી ઝડપાયા છે. સુરતના ઊન પાટિયા અને ભીંડી બજાર વિસ્તારમાંથી બાંગ્લાદેશી ઝડપાયા છે. આખી રાત ઓપરેશન ચાલ્યું હતું.

ગુજરાત સરકારે રાજ્યના મોટા શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં ગેરકાયદે રહેતા વિદેશી નાગરિકોને તાત્કાલિક પકડવા અને તેમની સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. આ માટે પોલીસે પહેલેથી જ ગુપ્ત યોજના તૈયાર કરી હતી. અમદાવાદ અને સુરતમાં પોલીસની વિવિધ ટીમોને રાત્રે ૨ વાગ્યે ક્રાઈમ બ્રાન્ચની કચેરીઓમાં એકઠા થવાની સૂચના આપવામાં આવી. આ ઓપરેશનને ગુજરાત પોલીસે વિદેશી નાગરિકો સામેનું અત્યાર સુધીનું સૌથી મોટું અભિયાન ગણાવ્યું છે. પોલીસની આ કાર્યવાહી પહેલગામ હુમલા બાદ વધતી સુરક્ષા ચિંતાઓ અને આતંકવાદી ગતિવિધિઓની શક્યતાને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવી.

સુરતમાં પોલીસે ઉન, સચિન, લિંબાયત, લાલગેટ, સલાબતપુરા સહિતના વિસ્તારોમાંથી ૧૦૦થી વધુ બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી. આ કાર્યવાહી માટે પોલીસે ૬ અલગ-અલગ ટીમો બનાવી હતી, જેણે શહેરના વિવિધ ભાગોમાં એકસાથે રેડ કરી હતી. આ વિસ્તારો ખાસ કરીને ઔદ્યોગિક અને ગીચ વસ્તીવાળા હોવાથી, અહીં ગેરકાયદે રહેતા વિદેશી નાગરિકોની હાજરીની શંકા વધુ હતી. સુરત પોલીસે આ ઓપરેશનને ઝડપથી અને ગુપ્ત રીતે અંજામ આપ્યો, જેથી કોઈ અફરાતફરી ન ફેલાય.

### ગરીબી રેખા...

વધુમાં, ભારતમાં રોજગાર વૃદ્ધિ હવે દેશની કાર્યકારી વયની વસ્તી કરતા વધુ ઝડપી છે, જે કોઈપણ વિકાસશીલ દેશ માટે સકારાત્મક સંકેત છે.

વિશ્વ બેંકના તાજેતરના અહેવાલ મુજબ, ભારતે ૨૦૧૧ થી ૨૦૨૨-૨૩ દરમિયાન ૧૭૧ મિલિયન લોકોને અત્યંત ગરીબીમાંથી બહાર કાઢ્યા છે આનાથી ભારત માત્ર નીચલા-મધ્યમ આવક વર્ગમાં જ નહીં, પણ વૈશ્વિક ગરીબી નાબૂદીના ક્ષેત્રમાં પણ અગ્રણી તરીકે ઉભરી આવ્યું. ગ્રામીણ વિસ્તારોમાં ગરીબી ૧૮.૪% થી ઘટીને ૨.૮% અને શહેરી વિસ્તારોમાં ૧૦.૭% થી ઘટીને ૧.૧% થઈ ગઈ, જેના કારણે ગ્રામીણ-શહેરી તફાવત માત્ર ૧.૭% રહ્યો. ૩.૬૫ ડોલર પ્રતિ દિવસના દરે, ગરીબી દર ૬૧.૮% થી ઘટીને ૨૮.૧% થયો, જેના કારણે ૩૭૮ મિલિયન લોકો ગરીબીમાંથી બહાર આવ્યા.

વિશ્વ બેંકના જણાવ્યા મુજબ, બહુપરીમાણીય ગરીબી (જેમાં શિક્ષણ, પાણી, સ્વચ્છતા જેવા પાસાઓનો સમાવેશ થાય છે) પણ ૨૦૦૫-૦૬ માં ૫૩.૮% થી ઘટીને ૨૦૨૨ માં ૧૫.૫% થઈ ગઈ છે. ભારતનો ગિની ઈન્ડેક્સ (નાણાકીય અસમાનતાનું માપ) પણ ૨૦૧૧-૧૨ માં ૨૮.૮ થી ઘટીને ૨૦૨૨-૨૩ માં ૨૫.૫ થયો છે. આ પ્રગતિ કેન્દ્ર અને રાજ્ય સરકારોની યોજનાઓ, આર્થિક સુધારાઓ અને સામાજિક વિકાસ કાર્યક્રમોનું પરિણામ છે. વિશ્વ બેંકે કહ્યું છે કે ભારત આ દિશામાં વિશ્વ માટે એક ઉદાહરણ બની ગયું છે.

### વકફ બોર્ડ...

વધારો થયો છે. તમિલનાડુમાં ૨૦૧૩ માં ૪૩,૬૨૩ વકફ મિલકતો હતી, જેમાં આગામી ૧૨ વર્ષમાં ૨૨,૪૬૯ નો વધારો થયો છે.

ઉત્તર પ્રદેશમાં સુન્ની વકફ મિલકતો ૨૦૧૩ માં ૧૨,૯૧૪ થી વધીને ૨૦૨૫ માં ૨,૧૭,૧૬૧ થઈ ગઈ છે, જ્યારે પશ્ચિમ બંગાળમાં આ આંકડો ૨૦૧૩ માં ૧૭,૯૪૬ થી વધીને ૨૦૨૫ માં ૮૦,૮૦૮ પર પહોંચ્યો છે. ગુજરાતમાં વકફ મિલકતો ૨૦૧૩ માં ૩,૦૭૪ થી વધીને ૨૦૨૫ માં ૩૯,૯૪૦ થઈ ગઈ છે. આંધ્ર પ્રદેશમાં પણ મોટો વધારો જોવા મળ્યો છે, જ્યાં મિલકતો ૨૦૧૩ માં ૩૯૦ થી વધીને ૨૦૨૫ માં ૧૪,૬૮૫ થઈ ગઈ છે.

નોંધણી વગરની વકફ મિલકતોમાં ચિંતાજનક વધારો અને બોર્ડ દ્વારા મિલકતને વકફ તરીકે ઘોષણા કરવાની પ્રક્રિયાને ધ્યાનમાં લેતા, કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે ૨૦૨૫નો સુધારો ''દેશમાં વકફ બોર્ડ યોગ્ય રીતે સંચાલિત થાય અને પારદર્શિતા સાથે કાર્ય કરે તે સુનિશ્ચિત કરશે, તેમજ વકફ કાયદાના વારંવાર થતા દુરુપયોગને અટકાવશે જેના પરિણામે વ્યક્તિઓની વ્યક્તિગત મિલકતો છીનવાઈ જાય છે અને સરકારી જમીન પર અતિક્રમણ થાય છે.''

સરકારે વધુમાં જણાવ્યું હતું કે દેશભરમાં એવા ઘણા દસ્તાવેજીકૃત કિસ્સાઓ સામે આવ્યા છે જ્યાં વકફ બોર્ડે કોઈ ડીડ, સર્વેક્ષણ અથવા નિર્ણય વિના સરકારી જમીન, જાહેર ઉપયોગિતાઓ અને સંરક્ષિત સ્મારકો પર માલિકીનો દાવો કર્યો હતો, અને આ દાવાઓ ફક્ત બોર્ડના એકપક્ષીય રેકોર્ડ પર આધારિત હતા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ...

કરાચીમાં ઈમરજન્સી સ્ટોપ આપવામાં આવતો હતો અને બન્ને દેશો વચ્ચે આ બાબતે જરૂરી નિયમો સાથે કરાર થયા હતાં. પરંતુ હાલની સ્થિતિ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલા બાદ જ્યારે ભારત અને પાકિસ્તાન એક બીજા ઉપર કેટલાક નિયંત્રણો લગાડવામાં આવ્યા છે. ત્યારે હવે દિલ્હીથી દૂબઈ જતી આ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું સ્ટોપ ઓવર ક્યાં આપવું તે બાબતની ચર્ચા બાદ વિદેશ મંત્રાલય અને ભારતીય નાગરિક ઉડયન મંત્રાલય દ્વારા ચર્ચા કર્યા બાદ આ આંતરાષ્ટ્રીય ફ્લાઈટનું સ્ટોપ ઓવર એટલે કે ઈમરજન્સી ઉતરાણ રાજકોટ હિરાસર આંતરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેને લઈને રાજકોટ હિરાસર આંતરાષ્ટ્રીય એરપોર્ટના જવાબદાર અધિકારીઓને જરૂરી સુચના આપવામાં આવી છે.

### સરકારી બાબુઓ...

**(૩) સરકારી સેવા વિતરણ પોર્ટલોને સિટિઝન ફ્રેન્ડલી બનાવવા:** તમામ સરકારી સેવાઓ માટે સિંગલ સાઈન-ઓન બનાવવાની ભલામણ કરવામાં આવેલ છે જેથી કાર્યક્ષમ ઈન્ટર ઓપરેબિલિટી સુનિશ્ચિત કરીને નાગરિકોને કોઈપણ સરકારી યોજના અથવા કાર્યક્રમનો લાભ એક જ જગ્યાએથી ઉપલબ્ધ થઈ શકે. વધુમાં, નાગરિકને વિવિધ લાભો મેળવવા માટે સમાન પ્રકારની ડેમોગ્રાફિક અને ઓળખ અંગેની માહિતી અલગથી દાખલ કરવાની પ્રક્રિયામાથી મુક્તિ મળશે.

**(૪) ટેક્નોલોજી દ્વારા સરકારી પ્રમાણપત્રોની ચકાસણી થઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવી:** સરકારના પારદર્શિતા અને એકાઉન્ટેબિલિટીના અભિગમને ધ્યાનમાં રાખતા સરકાર દ્વારા બહાર પાડવામા આવેલ સત્તાવાર પ્રમાણપત્રો, લાઈસન્સ, મંજૂરીઓ અને અન્ય દસ્તાવેજોની અધિકૃતતા ચકાસવા માટે સરકારે ટેક-ઈનેબલ્ડ ક્યુઆર-આધારિત પદ્ધતિ વિકસાવશે.

**(૫) ફરિયાદ નિવારણ પ્લેટફોર્મને સંકલિત, નાગરિક-કેન્દ્રિત અને વ્યાપક બનાવવું:** હાલના સ્વાગત પ્લેટફોર્મને વધુ વ્યાપક બનાવીને સરકાર વિવિધ ફરિયાદ નિવારણ પદ્ધતિઓને એકીકૃત કરશે. આ એકીકૃત પ્લેટફોર્મ નાગરિકોને તેમની ફરિયાદો નોંધાવવા માટે બહુવિધ ચેનલો પ્રદાન કરશે. ઉદાહરણ તરીકે, ઈમેઈલ, વોટ્સએપ, ફોન કોલ્સ, ઓનલાઈન પોર્ટલ, વગેરે.

**(૬) અસરકારક જ્ઞાન વ્યવસ્થાપન દ્વારા સંસ્થાકીય જ્ઞાનને મજબૂત બનાવવું:** સરકાર 'નોલેજ ટ્રાન્સફર પ્રોટોકોલ' વિકસાવશે જે અનુસાર બધા કર્મચારીઓ (ટ્રાન્સફર થઈ રહ્યા હોય અથવા નિવૃત્ત થઈ રહ્યા હોય) ને અન્ય આવનાર કર્મચારીને નોલેજ ટ્રાન્સફર દસ્તાવેજ રજૂ કરવાનો રહેશે જેથી સસ્થાકીય જ્ઞાનને વધુ સુદ્રઢ કરી શકાય. આ ઉપરાંત સરકારના વિભાગો અને કચેરીઓ તેઓની કચેરી દ્વારા કરવામાં આવતી કામગીરી સંદર્ભે ''નો યોર ડિપાર્ટમેન્ટ'' ના થીમ પર મલ્ટીમીડિયા સામગ્રી વિકસાવવાની રહેશે જેથી નાગરિકોને સરકારી કામગીરી સમજવામાં મદદરૂપ થઈ શકે.

**(૭) સરકારી વાહનો માટે વાહન નિકાલ પ્રોટોકોલ:** સરકારી વિભાગો દ્વારા ઉપયોગમાં લેવાતા જૂના વાહનોના નિકાલ માટે સરકાર વાહન નિકાલ પ્રોટોકોલ નક્કી કરશે અને બિન-ઉપયોગી વાહનોના નિકાલ માટેની હાલની વ્યવસ્થાને વધુ સરળ બનાવવા અંગેની ભલામણ પણ કરવામાં આવી છે.

**(૮) બધી જાહેર કચેરીઓ માટે બિન-ઉપયોગી ફર્નિચરના નિકાલ માટેનો પ્રોટોકોલ:** સરકાર આગામી છ મહિનાની અંદર તમામ જાહેર કચેરીઓમાં ફર્નિચર નિકાલ પ્રોટોકોલ વિકસાવશે અને તે અનુસાર બિનઉપયોગી ફર્નિચરનો નિકાલ કરવા અંગે પણ આ અહેવાલમાં સુચવાયુ છે.

**(૯) શૈક્ષણિક સંસ્થાઓ સિવાયની કચેરીઓ માટે કચેરી સમય સવારે ૯:૩૦ થી સાંજે ૫:૧૦ કરવો, જેથી અસરકારક કાર્યદિવસ વ્યવસ્થાપન દ્વારા ઉત્પાદકતામાં વધારો લાવી શકાય:** કાર્યક્ષમતા વધારવા અને વર્ક - લાઈફ બેલેન્સના અભિગમે ધ્યાનમા રાખતા જઈને સરકારની ક્ષેત્રીય કચેરીઓ સહિત તમામ સરકારી કચેરીઓ-સંસ્થાઓના સત્તાવાર કાર્ય સમયને સવારે ૦૯:૩૦ થી સાંજે ૦૫:૧૦ વાગ્યાનો રાખવાની ભલામણ આ અહેવાલમાં કરવામાં આવી છે.

**(૧૦) સરકાર દ્વારા સોશિયલ મીડિયાનો અસરકારક ઉપયોગ:** સરકાર સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ્સના માધ્યમથી સરકાર દ્વારા કરવામાં આવતી રોજિંદી પ્રવૃત્તિઓ તેમજ સ્થાનિક સ્તરે વિવિધ યોજનાઓ, સક્સેસ સ્ટોરીને લગતા ઈન્ફોગ્રાફિક્સ, સમજૂતી વાળા વિડિઓઝ વગેરેના જનતા સુધી સરળતાથી પહોંચે તે મુજબના પગલા લેશે. આ માટે સરકાર સોશિયલ મીડિયા હેન્ડલિંગ માર્ગદર્શિકા બનાવશે અને દરેક વિભાગ અને તેમની સંબંધિત ક્ષેત્રીય કચેરીઓમાં, પાયાના સ્તરે, સોશિયલ મીડિયા આઉટરીચ વધારવા માટે એક વિશિષ્ટ કાર્યબળ પણ સ્થાપિત કરવાની ભલામણ કરી છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# જસદણ મુસ્લીમ સમાજ દ્વારા પહેલગામના હતભાગીઓને આપ્યા શ્રધ્ધાસુમન

## કેન્ડલ માર્ચ સાથે આતંકીઓને આકરી સજાની કરી માગ



**અબતક, હિતેષ ગોસાઈ, જસદણ**

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં ગત મંગળવારે ઝેરથી ભરેલા આંતકવાદીઓએ દેશના વિવિધ રાજ્યોના નિર્દોષ ૨૭ નાગરિકોને કારણ વગર ફાયરિંગ કરી મોતને ઘાટ ઉતારી દીધા એ પડઘા વિશ્વભરના અનેક દેશોમાં પડ્યાં છે અને ક્યારેય માફ નહીં કરી શકાય એવા આ કિસ્સામાં સૌરાષ્ટ્રભરમાંથી દેશપ્રેમી મુસ્લિમ સમાજમાં આ ઘટના રોષપૂર્ણ વખોડાય છે અને સરકાર પણ જાગી કઠોર કાર્યવાહી હાથ ધરી છે ત્યારે જસદણ શહેરના નાના મોટેરા તમામ મુસ્લિમ બિરાદરોએ આંતકવાદી સામે રોષ પ્રગટ કરી શુક્રવારે સાંજે શહેરના જુના બસ સ્ટેન્ડ પર આંબેડકરજીની પ્રતિમા પાસે હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ નાગરિકો પ્રત્યે દિલસોજી વ્યક્ત કરી કેન્ડલ માર્ચ યોજી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા લાગણી વ્યક્ત કરી હતી મુસ્લિમ સમાજએ જણાવ્યું હતું કે કોઈ ધર્મમાં નિર્દોષ માણસોને મારી નાખવા તે લખ્યું નથી આ નાપાક કૃત્ય કોઈ કરે નહી તે માટે સરકારે જે ઘટનાના જવાબદાર છે તેમને આવનારી પેઢીઓને યાદ રહી જાય એવી સજા આપવી જોઈએ.

# ગોંડલ વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગદળે પહેલગામના દિવંગતોને આપી શ્રધ્ધાંજલી

## માંડવીચોકમાં ધર્મસભા- પુતળાદહન કરાયું



**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

જમ્મુ - કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલ આતંકી હુમલામાં ઘટના બાદ દેશ આખો સ્તબ્ધ બની ગયો છે. પહેલગામમાં આતંકી હુમલામાં ૨૬ પ્રવાસીઓના મોત નિપજ્યા હતા. ત્યારે મૃતકોની પુણ્ય સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ દ્વારા માંડવી ચોકમાં યોજવામાં આવ્યો હતો. સાથે પ્રતિકારક સભા ત્યારબાદ આતંકીઓના પૂતળા દહનનો કાર્યક્રમ યોજાયો હતો.

ગોંડલ મંડવીચોકમાં યોજાયેલ પ્રતિકારક સભામાં ઉપસ્થિત આગેવાનો દ્વારા પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ પર આતંકી હુમલાને કાયરતા ગણાવી હતી. પ્રતિકારક સભામાં સંતો તેમજ સામાજિક સંસ્થાના આગેવાનો સાથે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ દ્વારા મંડવીચોકમાં પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલ આતંકી હુમલામાં મૃતકોની પુણ્ય સ્મૃતિમાં બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ સાથે પુષ્પાંજલિ પાઠવવામાં આવી હતી. માંડવી ચોકમાં આતંકીઓના પોસ્ટર સાથે પૂતળા દહન કરવામાં આવ્યું હતું સાથે પાકિસ્તાન મુર્દાબાદ ના નારા લગાવી આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ તકે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળના પિયુષભાઈ ગજેરા, હિરેનભાઈ ડાભી, કનુભાઈ લાલ, ધર્મેન્દ્રભાઈ રાજાણી, પુ.આનંદ સ્વામી, હિન્દુ ઉત્સવ સમિતિના પ્રમુખ ગોપાલભાઈ ટોળીયા, એશિયાટિક કોલેજના ચેરમેન ગોપાલભાઈ ભુવા, સમાજ નાં પ્રમુખ જીતુભાઈ આચાર્ય, ડો. નિર્મલસિંહ ઝાલા, મહેશભાઈ ગોહીલ, હરદેવભાઈ આહીર સહિત ગોંડલના નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# લખતરમાં પહેલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં કેન્ડલ માર્ચ - નાપાક પુતળાનું દહન

## હિન્દુ-મુસ્લીમ-વ્હોરા સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના લખતર ખાતે યુવા ગૃપ દ્વારા આતંકવાદી હુમલાના વિરોધમાં પાકિસ્તાનના પુતળાનું દહન કર્યું હતું તેમજ કેન્ડલ માર્ચ યોજી હુમલાના મૃતકોના આત્માને શાંતિ માટે પ્રાર્થના કરી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી જેમાં દરેક સમાજના લોકો સહિત યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

જમ્મુ અને કાશ્મીરમાં થયેલ આતંકવાદી હુમલાનો ઠેરઠેર વિરોધ થઈ રહ્યો છે ત્યારે લખતર ખાતે પણ વિરોધ પ્રદર્શન સાથે કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લખતરના ઉગમણા દરવાજેથી કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી જેમાં પાકિસ્તાનના પુતળાને પણ સાથે રાખવામાં આવ્યું હતું અને કેન્ડલ સળગાવી આતંકવાદી હુમલાના મૃતકોને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી. લખતરના મુખ્ય માર્ગો પર કેન્ડલ માર્ચ યોજયા બાદ આથમણા દરવાજા પાસે પાકિસ્તાનના પુતળાને સળગાવી વિરોધ કર્યો હતો તેમજ આતંકવાદીઓને ઝડપી પાડવાની માંગ કરી હતી અને આતંકીઓને આશ્રય આપી રહેલ પાકિસ્તાન સામે પણ કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુસ્લીમ સમાજ તેમજ દાઉદી વ્હોરા સમાજના યુવાનો તેમજ દરેક જ્ઞાતિના આગેવાનો અને લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા જ્યારે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો.

# સાવરકુંડલાની મસ્જીદોમાં આતંકવાદી હુમલાનો રોષ પૂર્ણ વિરોધ

## ધર્મગુરૂ મુનીરબાપુ કાદરીએ કાળી પટ્ટી બાંધી નમાજ પઢાવી



**અબતક, સોહીલ શેખ, સાવરકુંડલા**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં કાયરતાની હદ વટાવી નિર્દોષો નાગરીકોને મોતને ઘાટ ઉતારવાની ઘટનાનો સાવરકુંડલાની મસ્જીદો માં ભારે રોષ વ્યકત કરાયો છે. મુસ્લીમ ધર્મગુરુ મુનીરબાપુ કાદરી એ કાળી પટ્ટી પહેરી વિરોધ નોંધાવ્યો હતો.

મસ્જિદોમાં નમાઝી ભાઈઓએ કાળી પટ્ટી પહેરીને આંતકવાદી કૃત્યનો વિરોધ કર્યા હતો.

જુમ્મા મસ્જિદના પેસ ઈમામ હાફિઝ સાદીકે આંતકવાદી કૃત્યને સખ્ત શબ્દોમાં વખોડ્યું હતું. આંતકવાદીઓ સામે એકજૂથ થઈને સરકાર નક્કર પગલા ભરવાની માંગ કરી જણાવ્યું હતું કે ઈસ્લામ ધર્મ એકતા અને ભાઈચારાના સંદેશમાં માને છ આંતકવાદના વિરોધમાં સાવરકુંડલા સમસ્ત મુસ્લિમ સમાજે કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો.

# ગાંધીધામમાં ભાજપ દ્વારા પહેલગામ હુમલામાં મૃતકોને આપી શ્રધ્ધાંજલી



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

જમ્મુ કાશ્મીરમાં પહેલગામમાં થયેલ આતંકી હુમલામાં મૃત્યુ પામેલા મૃતકો માટે ભાજપ પરિવાર દ્વારા આજરોજ ગાંધીધામ મેઈન માર્કેટ ખાતે શ્રદ્ધાંજલીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.જેમાં ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, કચ્છ જિલ્લા મહામંત્રી ધવલભાઈ આચાર્ય,ગાંધીધામ શહેર અને ગાંધીધામ તાલુકા આવતા ભાજપના પ્રદેશ હોદ્દેદાર,જિલ્લા હોદ્દેદાર,મંડળ હોદ્દેદાર, મોર્ચાના હોદ્દેદારો, પાર્ટી ના વડીલ આગેવાનો,ચુંટણી લડેલા પ્રતિનિધિઓ,શહેર અને તાલુકા પ્રભારીઓ, શક્તિકેંદ્ર સંયોજકો, બુથ પ્રમુખો,તમામ કાર્યકર્તાઓ તથા ગાંધીધામ વ્યાપારી મંડળના ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગરમાં મુસ્લીમ સમાજ દ્વારા આતંકવાદી હુમલાનો કરાયો વિરોધ

## મુસ્લીમ સમાજના પીરે તરીકત દ્વારા પણ પાકિસ્તાન સાથે તમામ સબંધો તોડી નાંખવાની સરકારને અપીલ કરી



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

જમ્મુ અને કાશ્મીરમાં થયેલ આતંકવાદી હુમલાનો ઠેર ઠેર વિરોધ કરવામાંઆવી રહ્યો છે ત્યારે સુરેન્દ્રનગર ખાતે મુસ્લીમ સમાજ દ્વારા પણ હુમલાના બનાવને વખોડી કાઢવામાં આવ્યો હતો જેમાં શહેરની મધ્યમાં આવેલ જુમ્મા મસ્જીદ ખાતે મુસ્લીમ સમાજ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જમ્મુ કાશ્મીરના પહેલગાવમાં આતંકવાદીઓ દ્વારા ૨૮ જેટલા ભારતીય પર્યટકો પર હુમલો કરી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે જેનો સમગ્ર દેશમાં વિરોધ થઈ રહ્યો છે ત્યારે સુરેન્દ્રનગર શહેરની મધ્યમાં આવેલ જુમ્મા મસ્જીદ ખાતે પણ મુસ્લીમ સમાજ દ્વારા આતંકવાદી હુમલાનો વિરોધ કરાયો હતો જેમાં સાંજની નમાજ બાદ મુસ્લીમ બિરાદરો દ્વારા કેન્ડલ સળગાવી મૃતકોની આત્માને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી આવી ઘટના ફરી વખત ન બને તે માટે હુમલો કરનાર આતંકવાદીઓને ઝડપી પાડી કડક સજા આપવામાં આવે તેવી સરકારને અપીલ કરવામાં આવી હતી. મુસ્લીમ સમાજના પીરે તરીક્ત સૈયદ હાજી યુસુફબાપુ તેમજ શહેર કાજી હનીફબાપુ દ્વારા આતંકવાદને પ્રોત્સાહિત કરતા અને સાથ આપતા પાકિસ્તાન સાથેના સબંધો પણ તોડી નાંખવાની અપીલ કરવામાં આવી હતી.

# ધ્રાંગધ્રા શહેર કોંગ્રેસે દ્વારા કેન્ડલ માર્ચ યોજીને શ્રદ્ધાંજલિ અર્પણ




**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

પહલગામ જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાના વિરોધમાં ધ્રાંગધ્રા શહેર રાજકમલ ચોક ખાતેથી ગ્રીન ચોક સુધી શહેર કોંગ્રેસે દ્વારા કેન્ડલ માર્ચ યોજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી જેમાં સંગઠનના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા..

ધ્રાંગધ્રા શહેરમાં રાજકમલ ચોક થી ગ્રીન ચોક સુધી શહેર કોંગ્રેસ દ્વારા હાથમાં મીણબત્તી અને બેનરો લઈને જમ્મુ કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલામાં પ્રવાસીઓ પર ગોળીબાર કરવામાં આવ્યો હતો ત્યારે મૃત્યુ પામેલા પરિવારજનોને ન્યાય મળે અને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજકમલ ચોક થી ગ્રીનચોક સુધી શહેર કોંગ્રેસી દ્વારા ટેન્ડલ માર્ચ યોજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી જેમાં શહેર કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

# પહેલગામની હિચકારી ઘટનાને પગલે સૌરાષ્ટ્ર-કચ્છમાં પરશુરામ જયંતિની સાદગીપૂર્ણ ઉજવણી કરવા અપીલ

## સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજ પ્રમુખ વિજય બુજડનો જ્ઞાતિજનોને અનુરોધ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે તાજેતરમાં આતંકવાદી હુમલામાં થયેલ નિદોર્ષ નાગરીકોની હત્યાના શોકમાં આ વર્ષે આગામી પરશુરામ જયંતિ પર્વની સાદાઈથી ઉજવણી કરવા અને મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવી માત્ર આરતી ઉતારી સાદગીપૂર્ણ ઉજવણી કરવા સૌરાષ્ટ્ર-કચ્છ બ્રહ્મસમાજના પમુખ વિજય બુજડ દ્વારા સર્વે ભૂદેવોને અપીલ કરાઈ છે.

# પહેલગામમાં થયેલા આંતકવાદી હુમલા પગલે વેરાવળ: રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને ભીડભાડ સ્થળે સઘન ચેકીંગ



**અબતક, જયેશપરમાર, સોમનાથ**

તાજેતરમાં જમ્મુ કાશ્મીરના પહેલગામ ખાતે આંતકવાદી હુમલો થયેલ હોય અને ગીર સોમનાથ જીલ્લામાં ઝેડ પ્લસ સુરક્ષા ધરાવતુ સોમનાથ મંદીર આવેલ હોય જેથી વેરાવળ રેલ્વે સ્ટેશન તેમજ બસ સ્ટેશને જસ્રૂરી ચેકીંગ રાખી તકેદારી રાખવા જુનાગઢ રેન્જ *પોલીસ મહાનિરીક્ષકશ્રી નિલેશ જાજડીયા સાહેબ* તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર સાહેબ* નાઓ દ્વારા સુચના થઈ આવેલ હોય જે અનુસંધાને.

આજરોજ વેરાવળ સીટી પો.સ્ટે. પોલીસ ઈન્સપેકટર એચ.આર.ગોસ્વામી તથા બી.ડી.ડી.એસ. સ્કોડ ગીર સોમનાથ સાથે વેરાવળ રેલ્વે સ્ટેશન ખાતે આર.પી.એફ. તથા જી.આર.પી.એફ. સાથે સયુકતમાં ચેકીંગ હાથ ધરવામાં આવેલ તેમજ વેરાવળ સીટી પોલીસ દ્વારા બસ સ્ટેશન તથા ભીડભાડ વાળી જગ્યાએ ચેકીંગ તેમજ વાહન ચેકીંગ હાથ ધરવામાં આવેલ.

જો કોઈ શંકાસ્પદ વ્યક્તિ કે વસ્તુ દેખાઈ આવે તો તાત્કાલીક પોલીસનો સંપર્ક કરવો.

# વિસાવદર સિવિલ કોર્ટમાં પહેલગામના દિવ્યાત્માઓને અપાયા શ્રદ્ધાસુમન

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**

જમ્મુ કાશ્મીરના પહેરગામમાં આતંકવાદી હુમલાના દિવ્યાત્માઓને શ્રદધાંજલી આપવાનો વિસાવદર સિવીલ કોર્ટમાં કાર્યક્રમ યોજાયો હતો.

જમ્મુ - કાશ્મીરમાં થયેલ ગુજરાત હાઈકોર્ટની સૂચના મુજબ વિસાવદર કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ એસ.એસ.ત્રિવેદીની સૂચના અને માર્ગદર્શન મુજબ આ આતંકી હુમલામાં શહીદ થયેલા દિવાંગતનાં આત્માઓના દિવ્ય કલ્યાણ અર્થે એક શોક સભાનું આયોજન તા.૨૪/૪/૨૫ ના સવારના ૧૧-૦૦ કલાકે કોર્ટ બિલ્ડીંગ ખાતે કરવામાં આવેલ હતું. જેમાં બાર એસોસિ. વિસાવદર તથા કોર્ટ સ્ટાફની હાજરીમાં બે મિનિટનું મૌન પાળી આતંકી હુમલામાં શહીદ થયેલા લોકોના આત્માના કલ્યાણ અર્થે પ્રાર્થના કરીને શ્રધ્ધાંજલી પાઠવવામાં આવેલ હતી જેમાં વિસાવદર કોર્ટના મુખ્ય ન્યાયાધિશ એસ.એસ.ત્રિવેદી તથા બાર એસોસિયેશન ના તમામ સદસ્યો તથા કોર્ટ સ્ટાફ ઉપસ્થિત રહયા હતા.

# આતંકી કાશ્મીરના હુમલાના વિરોધમાં ધ્રાંગધ્રા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા કેન્ડલ માર્ચ રેલી યોજાઈ




**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ મૃત્યુ બાદ દેશભરમાં શોક અને ગુસ્સાની લહેર છે દરેક જગ્યાએ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે અને સરકાર પાસેથી કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી રહી છે ત્યારે ધાંગધ્રા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા શુક્રવારે સાંજે ૭:૦૦ કલાકે જુમ્મા મસ્જીદ થી ગ્રીન ચોક સુધી ટેન્ડલ માર્ચ યોજીને સખત વિરોધ કરી પોસ્ટર પકડીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી.

કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ મૃત્યુ બાદ દેશભરમાં શોક અને ગુસ્સાની લહેર છે. કાશ્મીરથી કન્યાકુમારી સુધી દરેક જગ્યાએ વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે અને સરકાર પાસેથી કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી રહી છે ત્યારે શુક્રવારે સાંજે ૭:૦૦ કલાકે ધાંગધ્રા સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા જુમ્મા મસ્જીદ થી ગ્રીન ચોક સુધી ટેન્ડલ માર્ચ યોજીને સખત વિરોધ કરી પોસ્ટર પકડીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી ધાંગધ્રા મુસ્લિમ સમાજ તરફથી એવો સંદેશ પણ આપવામાં આવ્યો હતો કે ભારતનો દરેક નાગરિક, પછી ભલે તે હિન્દુ હોય, મુસ્લિમ હોય, શીખ હોય કે ખ્રિસ્તી હોય, આતંકવાદ સામે એકજૂથ છે. પહેલગામ હુમલામાં શહીદ થયેલા ૨૮ નિર્દોષ લોકોના પરિવારો પ્રત્યે લોકોએ સંવેદના વ્યક્ત કરી કેન્ડલ માર્ચ યોજીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને તેમને ન્યાય મળે તેવી માંગ કરી હતી.

# પાટડીની બજારો પહેલગામ આતંકી હુમલાના વિરોધમાં રહી ‘સજજડ બંધ’

## દિવંગતોને શ્રધ્ધાસુમન અપર્ણ કરી આતંકીઓને ઝડપી લેવા માંગ



**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં પણ જમ્મુ અને કાશ્મીરમાં થયેલ આતંકવાદી હુમલાના ઘેરા પ્રત્યાઘાતો જોવા મળી રહ્યા છે ત્યારે પાટડી ખાતે પણ આતંકવાદી હુમલાના વિરોધમાં તેમજ મૃતકોને શ્રધ્ધાંજલી અર્પણ કરવાના ઉદ્દેશથી બંધનુ એલાન આપવામાં આવ્યું હતુ જેના ભાગરૂપે પાટડી શહેરની તમામ બજારો સજ્જડ બંધ રહી હતી.

જમ્મુ અને કાશ્મીરના પહેલાગાવમાં થયેલ આતંકવાદી હુમલાના વિરોધમાં સમગ્ર દેશમાં વિવિધ કાર્યક્રમો આપવામાં આવી રહ્યાં છે અને હુમલો કરનાર આતંકવાદીઓને ઝડપી પાડી કડક સજાની માંગ ઉઠવા પામી છે ત્યારે પાટડી ખાતે વિવિધ હિન્દુ સંગઠનો દ્વારા આ બનાવને વખોડી કાઢી બંધનું એલાન આપવામાં આવ્યું હતુ જેના ભાગરૂપે સવારથી જ પાટડીની મુખ્ય બજાર, આંબલી બજાર, દાણાપીઠા, વિજય ચોક ચાર રસ્તા સહિત કોમર્શીયલ કોમ્પલેક્ષ, એપીએમસી, પાંચ હાટડી, કલાડા દરવાજા સહિતના તમામ વિસ્તારોમાં દુકાનદારો અને વેપારીઓએ પોતાનો ધંધો અને રોજગાર સ્વૈચ્છીક બંધ રાખી આતંકવાદી હુમલામાં મોતને ભેટેલ મૃતકોના આત્માની શાંતિ માટે શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી તેમજ આતંકવાદીઓને આસરો આપતા પાકિસ્તાન સાથે પણ છેડો ફાડી નાંખવા સરકારને અપીલ કરી હતી. પાટડી શહેરની તમામ બજારો સજ્જડ બંધ રહી હતી આ બંધના એલાનમાં હિન્દુ સમાજ સાથે મુસ્લીમ સમાજ પણ જોડાયો હતાં અને ધંધો અને રોજગાર બંધ રાખ્યા હતા.

# વાંકાનેરમાં રાષ્ટ્રપ્રેમી યુવાનોએ રોડ પર પાકિસ્તાનનો ઝંડો દોરી આતંકવાદી હુમલાનો કર્યો વિરોધ

## સતત અવરજવરવાળા રસ્તે પાકિસ્તાન વિરોધી સુત્ર-ધ્વજ પર ચાલી દુશ્મનોનું સતત અપમાન સાથે લોકોમાં રોષ



**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકવાદી દ્વારા પર્યટકોને ગોળી મારી મોતને ઘાટ ઉતારી જે હિંન કૃત્ય કરવામાં આવ્યું છે. જેના વિરોધમાં સમગ્ર દેશમાં ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન કરી આતંકવાદને પનાહ આપનાર પાકિસ્તાનને જડબાતોડ જવાબ દેવાની માંગ ઉઠી રહી છે. વાંકાનેરમાં રાષ્ટ્રપ્રેમી યુવાનો દ્વારા શહેરના માર્કેટચોકમાં જાહેર રોડ પર જ્યાં દિવસ દરમિયાન અનેક વાહનો તેમજ લોકો પગપાળા તેમના પરથી પસાર થાય જેથી પાકિસ્તાનનું સતત અપમાન થતું રહે તેવા ઉદ્દેશ સાથે પાકિસ્તાનનો ઝંડો દોરી પાકિસ્તાન મૂર્દાબાદ સ્લોગન લખી પાકિસ્તાનને એની ભાષામાં જવાબ દેવાની પણ માંગ યુવાનો દ્વારા કરવામાં આવી હતી. જેમાં મહેશ પંડ્યા, મેહુલ ઠાકોર, શિવાજી રાજગોર, મયુર ઠાકોર, દિપક રાજગોર, હરેશ માણસુરીયા, હિરેન બરેડિયા, હિરેન પનારા, અજય પનારા, સહિતના રાષ્ટ્રપ્રેમી યુવાનો દ્વારા આતંકવાદી હુમલાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

# જામજોધપુર: પહેલગામ આતંકી હુમલામાં મૃતકને શ્રદ્ધાંજલી અપાઈ



**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામ જોધપુર ગાયત્રી મંદીર મુકામે પહેલગામ આતંકી હુમલામાં મૃત્યુ પામેલ લોકોને શ્રધ્ધાસુમન કાર્યક્રમ આજે સવારે ૯-૩૦ કલાકે યોજાયો હતો. જેમાં સતપુરણ ધામના સદગુરૂ જેન્તી રામબાપા રોકડીયા હનુમાન મંદીરના લઘુ બંધુ રાજુગીરી મે ધનાથી આલેશ ધામ ખોડીયાર માતાજી મંદીરના મહંત અરવિંદ બાપુ વાવડીયા મંદીરના પંકજ મુનિ તેમજ શહેરના વરિષ્ઠ નાગરિકોની ઉપસ્થિતી રહી હતી.

# સિંધુ, ઝેલમ અને ચિનાબ નદીઓના વહેણ રાજસ્થાન સુધી વાળી નાપાક લોકોને ટીપાં ટીપાં માટે તરસાવાશે !!!

## સિંધુ નદી અને તેના પરના બંધોમાંથી કાંપ દૂર કરાશેઃ હાઈડ્રો-પાવર પ્રોજેક્ટ્સને ઝડપી બનાવાશે

**અબતક, રાજકોટ**

ભારત હવે સિંધુ જળ સંધિ હેઠળ પોતાના હક્કના પાણીનો સંપૂર્ણ ઉપયોગ કરવા માટે સજ્જ છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આ યોજનાને ઝડપથી અમલમાં મૂકવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકમાં અમલીકરણના રોડમેપને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.પાકિસ્તાનને આ અંગે ઔપચારિક જાણ કર્યાના એક દિવસ બાદ આ બેઠક યોજાઈ હતી. યોજનાના તાત્કાલિક પગલાં તરીકે, ભારત સિંધુ નદી અને તેના પરના બંધોમાંથી કાંપ દૂર કરવાનું શરૂ કરશે. આનાથી નદીમાં પાણીનો પ્રવાહ વધશે, જેનો સીધો ફાયદો ભારતને થશે.

જળ શક્તિ મંત્રી સીઆર પાટિલ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં થયેલી આ બેઠકમાં લાંબા ગાળાની યોજનાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. ભારત પશ્ચિમી નદીઓ (સિંધુ, ઝેલમ અને ચિનાબ) પર વધુ પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ઊભી કરશે અને હાઈડ્રો-પાવર પ્રોજેક્ટ્સને ઝડપી બનાવશે. સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે પશ્ચિમી નદીઓના પાણીનો એક પણ ટીપું પાકિસ્તાન તરફ વણવપરાયેલું ન જાય.

મંત્રી સીઆર પાટિલે બેઠક બાદ જણાવ્યું હતું કે, ‘‘અમે ટૂંકા ગાળાના, મધ્યમ ગાળાના અને લાંબા ગાળાના પગલાં પર કામ કરી રહ્યા છીએ. ટૂંક સમયમાં જ નદીઓમાંથી કાંપ કાઢવાની કામગીરી શરૂ થશે, જેથી પાણીને રોકી શકાય અને જરૂર મુજબ વાળવામાં આવે.‘‘

હાલમાં, ભારત પાસે પશ્ચિમી નદીઓ પર માત્ર ૩.૬ મિલિયન એકર ફીટ (એમએએફ) પાણી સંગ્રહ કરવાની ક્ષમતા છે, જ્યારે સંધિ હેઠળ તેને વધુ પાણીનો હક છે. આ ઉપરાંત, પશ્ચિમી નદીઓમાંથી ૨૦,૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની સંભાવના સામે માત્ર ૩,૪૮૨ મેગાવોટની ક્ષમતાનો જ ઉપયોગ થઈ રહ્યો છે. કિશનગંગા અને રાતલે જેવા હાઈડ્રો-ઈલેક્ટ્રિક પ્રોજેક્ટ્સ પર ઝડપથી કામ કરવાથી આ સમસ્યાનો મોટો ભાગ ઉકેલાઈ જશે.સરકાર એ વાત પર ખાસ ધ્યાન આપી રહી છે કે પશ્ચિમી નદીઓના પાણીનો સિંચાઈ માટે મહત્તમ ઉપયોગ કેવી રીતે કરી શકાય. જ્યાં સુધી ભારત પોતાની સંગ્રહ ક્ષમતા નહીં વધારે અને જમ્મુ-કાશ્મીરના વધારાના પાણીને પંજાબ, હરિયાણા અને રાજસ્થાન તરફ વાળવામાં નહીં આવે ત્યાં સુધી આ શક્ય નથી.

૧૯૮૬ થી અટકેલા ઝેલમ નદી પરના તુલબુલ પ્રોજેક્ટ પર ફરીથી કામ શરૂ થવાથી પણ ઘણી મદદ મળશે. આ પ્રોજેક્ટના બેરેજમાં લગભગ ૦.૩ એમએએફ પાણી સંગ્રહ કરવાની ક્ષમતા હશે.

ભારતના આ પગલાંથી પાકિસ્તાનમાં જઈ રહેલા પાણીના પ્રવાહમાં થોડો ઘટાડો થશે, જે દેશ પહેલાથી જ પોતાની સિંચાઈ અને પીવાના પાણીની જરૂરિયાતો પૂરી કરવામાં ૩૨% ની ખાધનો સામનો કરી રહ્યો છે.

# રૂ. ૬૪,૦૦૦ કરોડના ખર્ચે વધુ ૨૬ રાફેલ ફાઈટરો ફ્રાંસથી મંગાવી દુશ્મનોના દાંત ખાટા કરી દેવાશે!!!

## કરારમાં ૨૨ સિંગલ-સીટ અને ચાર ટ્વીન-સીટ રાફેલ-એમ જેટનો સમાવેશઃ આ જેટ્સ ભારતના સ્વદેશી વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંતના ડેક પરથી સંચાલિત થશે!

**અબતક, રાજકોટ**

ભારત દ્વારા ફ્રાંસ પાસેથી ૨૬ રાફેલ-મરીન ફાઈટર જેટ ખરીદવામાં આવી રહ્યું છે. જેનો ઉદ્દેશ્ય ભારતીય નૌકાદળની ક્ષમતા વધારવાનો છે. આ જેટ આઈએનએસ વિક્રાંત અને આઈએનએસ વિક્રમાદિત્ય જેવા વિમાનવાહક જહાજો પરથી સંચાલન કરવા માટે ખાસ ડિઝાઈન કરાયેલા છે અને તે નૌકાદળના જૂના થઈ રહેલા એમઆઈજી-૨૯કે કાફલાનું સ્થાન લેશે. આધુનિક અને ભરોસાપાત્ર રાફેલ-મરીન જેટ હિંદ મહાસાગરમાં ચીનની વધતી હાજરીનો સામનો કરવામાં મદદ કરશે અને ભારતીય વાયુસેના પાસે પહેલેથી જ કાર્યરત રાફેલ જેટ્સ સાથે સમાનતા હોવાથી જાળવણી, તાલીમ અને લોજિસ્ટિકસમાં પણ ફાયદો થશે. આ સોદો ભારતીય નૌકાદળની ઓપરેશનલ સજ્જતા અને દરિયાઈ સુરક્ષાને મજબૂત કરવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

ભારતીય નૌકાદળની ઓપરેશનલ ક્ષમતાને અનેકગણી મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે, ભારત અને ફ્રાન્સ સોમવારે એક અત્યંત મહત્વપૂર્ણ સંરક્ષણ સોદાને અંતિમ રૂપ આપવા માટે તૈયાર છે. આ ડીલ હેઠળ, ફ્રાન્સ પાસેથી ૨૬ રાફેલ-મરીન ફાઈટર જેટની ખરીદી કરવામાં આવશે, જેની અંદાજિત કિંમત ૬૩,૮૮૭ કરોડ રૂપિયા (લગભગ યુરો ૬.૬ બિલિયન) છે. આ શકિતશાળી જેટ્સ મુખ્યત્વે ભારતના સ્વદેશી વિમાનવાહક જહાજ આઈએનએસ વિક્રાંતના ડેક પરથી સંચાલિત થશે, જે નૌકાદળની હવાઈ શકિતમાં ક્રાંતિકારી પરિવર્તન લાવશે.

આ કરારમાં ૨૨ સિંગલ-સીટ અને ચાર ટ્વીન-સીટ રાફેલ-એમ જેટનો સમાવેશ થાય છે. જેટ્સની સાથે, આ સોદા હેઠળ જરૂરી શસ્ત્રો, પાયલોટ્સ અને ક્રૂ માટે સઘન તાલીમ, જાળવણી, સમારકામ અને કામગીરી (એમઆરઓ) માટેનો સપોર્ટ અને પાંચ વર્ષ સુધી પ્રદર્શન-આધારિત લોજિસ્ટિક્સ સપોર્ટ પણ પ્રદાન કરવામાં આવશે.

મૂળભૂત રીતે ફ્રાન્સના સંરક્ષણ પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુની હાજરીમાં આ ડીલ પર હસ્તાક્ષર થવાના હતા, પરંતુ તેમના નિર્ધારિત સમયે ભારત ન આવી શકવાને કારણે, આ આંતર-સરકારી કરાર પર નવી દિલ્હીમાં બંને દેશોના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા ‘‘દૂરસ્થ‘‘ માધ્યમથી હસ્તાક્ષર કરીને તેને ઔપચારિક રીતે સંપન્ન કરવામાં આવશે. આ સોદાનો એક મહત્વપૂર્ણ ભાગ એ પણ છે કે તેમાં સપ્ટેમ્બર ૨૦૧૬માં ૫૯,૦૦૦ કરોડ રૂપિયાના કરાર હેઠળ ભારતીય વાયુસેના (આઈએએફ) દ્વારા સામેલ કરવામાં આવેલા ૩૬ રાફેલ જેટ્સ માટે કેટલાક સ્પેરપાર્ટ્સ અને સાધનોનો પણ સમાવેશ થાય છે, જે ભારતીય સંરક્ષણ દળો વચ્ચે ઈન્ટરઓપરેબિલિટી અને જાળવણી કાર્યક્ષમતા વધારવામાં મદદરૂપ થશે. આ ડીલ ભારતીય નૌકાદળને આધુનિક લડાયક ક્ષમતાઓથી સજ્જકરવા અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતની સુરક્ષા સ્થિતિને વધુ મજબૂત કરવા તરફનું એક મોટું પગલું છે.



# ચેન્નાઈ સામે પાંચ વિકેટે જીત મેળવી હૈદરાબાદે પ્લેઓફની આશા જીવંત રાખી

## એસઆરએચે ચેન્નાઈનો ૧૫૫ રનનો ટારગેટ ૧૮.૪ ઓવરમાં પાંચ વિકેટે ગુમાવી હાંસલ કરી લીધો

**અબતક, ચેન્નાઈ**

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં બે તળીયાની ટીમો હૈદરાબાદ અને ચેન્નાઈ વચ્ચે ચેપોકમાં થયેલી ટક્કરમાં હૈદરાબાદનો પાંચ વિકેટે વિજય થયો હતો. આ સાથે જ હૈદરાબાદે પ્લેઓફની આશા જીવંત રાખી હતી. એસઆરએચે ચેન્નાઈનો ૧૫૫ રનનો ટારગેટ ૧૮.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૫૫ રન કરીને હાંસલ કરી લીધો હતો. હૈદરાબાદના બોલર હર્ષલ પટેલે ચાર વિકેટ ઝડપતા સીએસકે ૧૯.૫ ઓવરમાં ૧૫૪ રનમાં સમેટાયું હતું. ત્યારબાદ ઈશાન કિશનના ૪૪ રન તથા કામિંદુ મેન્ડિસની ૩૨ રનની અણનમ ઈનિંગ્સની મદદથી હૈદરાબાદે આઠ બોલ બાકી રાખીને વિજય મેળવ્યો હતો. સનરાઈઝર્સનો ચેપોકમાં ચેન્નાઈ સામે આ સૌપ્રથમ વિજય રહ્યો હતો.

ચેન્નાઈનો સિઝનમાં સાતમો પરાજય થયો હોવાથી તેના માટે પ્લેઓફની આશા ધૂંધળી બની ગઈ છે.ચેન્નાઈના ૧૫૫ રનનો ટારગેટ ચેઝ કરવા ઉતરેલા હૈદરાબાદ માટે ડામાડોળ શરૂઆત રહી હતી. અભિષેક ખલીલની ઓવરમાં બીજા જ બોલ પર મ્હાત્રેને સરળ કેચ આપી બેસતા તે ખાતું ખોલાવ્યા વગર પરત ફર્યો હતો. ટ્રેવિસ હેડ (૧૯)ને અંશુલ કંબોજે બોલ્ડ કર્યો હતો. ઈશાન કિશને ૩૪ બોલમાં પાંચ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૪૪ રનની ઈનિંગ્સ રમી હતી. ક્લાસેન (૭) સસ્તામાં આઉટ થયો હતો. અનિકેત વર્મા ૧૯ બોલમાં તેટલા જ રન કરી શક્યો હતો જેમાં બે છગ્ગાનો સમાવેશ થયો હતો. અંતિમ પાંચ ઓવરમાં સનરાઈઝર્સને જીત માટે ૪૧ રનની જરૂર હતી. ૧૬મી ઓવરમાં સ્પિનર નૂર અહેમદે બે નોબોલ ફેંકવા ઉપરાંત ૧૩ રન આપ્યા હતા. ત્યારપછી પથિરાનાની ઓવરમાં નીતીશ રેડ્ડીએ બે ચોગ્ગા ફટકારવાની સાથે ૧૫ રન લીધા હતા અને વિજય નિશ્ચિત કર્યો હતો. નીતીશ ૧૯ રને નોટ આઉટ હતો જ્યારે કામિંદુ મેન્ડિસે ૨૨ બોલમાં ૩ ચોગ્ગાના સાહરે અણનમ ૩૨ રન કરીને છઠ્ઠી વિકેટ માટે ૪૯ રનની અજેય ભાગીદારી નોંધાવીને બાજી પલટી નાંખી હતી.

# આનંદોઃ અમદાવાદથી સચિવાલય સુધી મેટ્રો રેલ સેવા કાલથી શરૂ

## ગાંધીનગર સુધી નવા ૭ સ્ટેશન શરૂ થતાં વિદ્યાર્થીઓ સહિતના મુસાફરોને ફાયદો

**અબતક, અમદાવાદ**

અમદાવાદથી ગાંધીનગર સચિવાલય જવા માટે હવે કાલથી મેટ્રો રેલ સેવાની શરૂઆત થઈ રહી છે. તેના કારણે સચિવાલયમાં કામ કરતા અમદાવાદના હજારો કર્મચારીઓ અને નાગરિકોને ઝડપી જાહેર પરિવહનનો વધુ એક વિકલ્પ ઉપલબ્ધ થશે. ભરઉનાળે સચિવાલય સુધીની મેટ્રો શરૂ થતા મુસાફરો માટે ટ્રેનની અંદર વાતાનુકૂલિત વાતાવરણ રાહતરૂપ બનશે અને માર્ગ પરના ટ્રાફિકથી છૂટકારો મળશે. અમદાવાદથી સચિવાલય સહિત કુલ સાત નવા સ્ટેશન સુધી સીધી મેટ્રો ટ્રેન સેવા લંબાવવામાં આવી છે. ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા સતત મેટ્રોનો વ્યાપ વધારાઈ રહ્યો છે. લાંબા સમયથી મેટ્રોના તંત્ર દ્વારા ટ્રાયલ કરાઈ રહ્યો હતો ત્યારે ખાસ કરીને સચિવાલયના કર્મચારીઓ મેટ્રો રેલ સેવા ક્યારે શરૂ થાય તેની રાહ જોતા હતા. તે સાથે અમદાવાદથી સચિવાલય સહિત ગાંધીનગરના અન્ય સ્થળે જતા મુસાફરોને પણ હવે મેટ્રોનો સરળ વિકલ્પ મળશે. કુલ સાત સ્ટેશને મેટ્રો ઊભી રહેશે. તેના સમયની જાહેરાત શનિવારે મેટ્રોની વેબસાઈટ ઉપર દર્શાવવામાં આવશે. ફક્ત સચિવાલયના કર્મચારીઓ જ નહીં પરંતુ અમદાવાદમાંથી વિશ્વકર્મા કોલેજ જતા સેંકડો વિદ્યાર્થીઓને પણ કોલેજ ખાતે મેટ્રોનું સ્ટેશન શરૂ થતા લાભ મળશે. તે ઉપરાંત ગાંધીનગરની વચ્ચે તપોવન સર્કલ, કોબા સર્કલ, નર્મદા કેનાલ, કોટેશ્વર રોડ ખાતે પણ મેટ્રો ટ્રેનના નવા સ્ટેશન બની જતા ત્યાં ટ્રેન ઊભી રહેશે. તેના કારણે ગાંધીનગર વચ્ચેની વિવિધ ઈન્સ્ટિટ્યૂટ, સંસ્થાનો અને ખાનગી એકમોમાં જતા કર્મચારીઓ વિગેરેને પણ જવા-આવવામાં સુલભ વિકલ્પનો ફાયદો મળશે. મેટ્રોના ઉપયોગથી અન્ય વાહનોનો વપરાશ ઓછો થતા પર્યાવરણને પણ ફાયદો થશે.

**મેટ્રોના નવા ૭ સ્ટેશન શરૂ થશે**


કોટેશ્વર રોડ
વિશ્વકર્મા કોલેજ
નર્મદા કેનાલ
કોબા સર્કલ
સેક્ટર ૧૦-એ
સચિવાલય

# સાળંગપૂરમાં કષ્ટભંજન દાદાને ૫૦૦ કિલો કેરીનો અન્નકુટ

**અબતક,રાજકોટ**

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખ ૨૬-૦૪-૨૦૨૫ને શનિવારના રોજ સાળંગપુરમાં દાદાને વિશેષ શણગાર અને કેરીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો છે. આજે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને પ્યોર સિલ્કના જરદોશીના વર્કવાળા ફૂલોની ડીઝાઈનના વાઘા પહેરાવ્યા સાથે ગુલાબ-સેવંતિના મિક્સ ફૂલોનો દિવ્ય શણગાર એવં કેરીનો અન્નકૂટ ધરાવાયો હતો. સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી અને સવારે ૭:૦૦ કલાકે કોઠારી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા) દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરાયું હતું.આજે અનેક હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે શનિવાર નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને અમદાવાદથી ૫૦૦ કિલો કેરીનો અન્નકૂટ ધરાવાયો છે. આજે દાદાને વૃંદાવનમાં ૧૫ દિવસની મહેનતે બનાવેલા પ્યોર સિલ્કના જરદોશીના વર્કવાળા ફૂલોની ડીઝાઈનના વાઘા પહેરાવ્યા છે. દાદાના સિંહાસને ફુલનો શણગાર કરાયો છે. જે વડોદરાથી મંગાવ્યા છે. આજે હનુમાનજીને ૧ કિલો પ્યોર સોનામાંથી બનેલો રજવાડી મુગટ અને કુંડળ પહેરાવવામાં આવ્યા છે. સવા ફૂટ ઊંચા અને દોઢ ફૂટ પહોળા મુગટમાં બે પોપટની આકૃતિ બનાવાઈ છે.જેમાં હેન્ડ પેઈન્ટેડ મીણા કારીગરી કરાઈ છે. એટલું જ નહીં મુગટમાં ફૂલ, ઝાડ અને બે મોટા કમળની ડિઝાઈન ચાર ચાંદ લગાવે છે. તો ૩૫૦ કેરેટ લેબ્રોન ડાયમંડથી જડતર કરાયેલો આ મુગટ બનાવતા ૧૮ કારીગરોને ૩ મહિનાનો સમય લાગ્યો હતો.



# ગીર સોમનાથ જીલ્લાના કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાનું ધર્મ રક્ષક એવોર્ડથી સન્માન

## અખિલ ભારતીય સાધુ સમાજે જીલ્લાના સમાહર્તાની કાર્ય પ્રણાલીની કરી સરાહનાઃકાયદો અને વ્યવસ્થાની સારી સ્થિતિ બદલ પી. આઈ. રાણાને પણ બિરદાવાયા

**અબતક રાજકોટ**

ગીર સોમનાથ જિલ્લામાં સતત કાર્યશીલ રહી સતત કામગીરી કરી રહેલા જિલ્લા કલેક્ટર દિગ્વિજય સિંહ જાડેજાને ધર્મ રક્ષક એવોર્ડ ૨૦૨૫ અખિલ ભારતીય સાધુ સમાજ દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો. ઉનાના દેલવાડા ખાતે આવેલ ગુપ્ત પ્રયાગ કે જેનો પુરાણોમાં પણ જે પવિત્ર જગ્યાનો ઉલ્લેખ છે. એવી ગુપ્ત પ્રયાગ જગ્યા સોમનાથ મહાદેવ મંદિર જ્યારે તોડી નાખવામાં આવ્યા હતા.ગુપ્ત પ્રયાગ મંદિર પણ છે.જેને છીન ભીન કરી દેવામાં આવ્યું હતું.



ગુજરાત સરકારના ટુરિઝમ વિભાગ દ્વારા કરોડોના ખર્ચે જિનનોદ્ધાર તથા વિવિધ કામો હાથ ધરેલ છે ત્યારે જગ્યા ના મહંત વહીવટ કરતા મુક્તાનંદ બાપુ ચાપરડાના ટ્રસ્ટ દ્વારા પણ કરોડોના ખર્ચે બાગ બગીચા ગૌ શાળા બનાવવા માં આવેલ છે.આ જગ્યા પર વિશાલ યજ્ઞ શાળાનું ભૂમિ પૂજન સાધુ સંતોની હાજરીમાં ગીર સોમનાથ કલેકટર દિગ્વિજય સિંહ જાડેજાના વરદ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

સત્કાર સમારંભમાં અખિલ ભારતીય સાધુ સમાજ પ્રમુખ પૂજ્ય મુકતાનંદ બાપુ તથા સતાધાર મહંત વિજય બાપુની ઉપસ્થિતમાં કલેકટરને ધર્મ રક્ષક એવોર્ડ ૨૦૨૫ ભારત સાધુ સમાજ દ્વારા આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત કાયદો વ્યવસ્થા સ્થિતિમાં સારી કામગીરી બદલ ઉનાના પી. આઈ. રાણાનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.આ તકે મુકતાનંદબાપુએ જણાવ્યું હતું કે કલેકટર કે કોઈ અધિકારીનો કોઈ જાતિ કે ધર્મ ન હોઈ પણ એક ધર્મ હોઈ જે સરકાર દ્વારા સોંપવા માં આવેલ પ્રજા ધર્મને રાષ્ટ્ર ધર્મ હોય છે.કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા ગુપ્ત પ્રયાગ મંદિરના સારા કાર્યો હાથ ધરી ખૂબ વિકાસ કરવામાં સહભાગી થયા છે. છે.સોમનાથદાદાના આશીર્વાદથી ખૂબ સારી રીતે ફરજ બજાવે છે.કોઈ દબાણમાં આવ્યા વગર ફરજ નિભાવતા અધિકારી આવતા જિલ્લા ભર માં જેમની સરાહના થાય છે એવા અધિકારી ને સન્માનિત કરવા અમાર સાધુ તરીકે અમારી ફરજ બને છે.

# ગુજરાતમાં ફૂટબોલની લોકપ્રિયતા સતત વધી રહી છેઃ જીએસએફએના પ્રમુખ પરિમલ નથવાણી

## ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશનને ગુજરાત સુપર લીગની સિઝન-૨ની ઘોષણા

**અબતક, રાજકોટ**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન અમદાવાદના કાંકરિયા સ્થિત એકા ફૂટબોલ ગ્રાઉન્ડ, ટ્રાન્સસ્ટેડિયા ખાતે આગામી ૧લી મેથી ૧૩મી મે, ૨૦૨૫ દરમિયાન ગુજરાત સુપર લીગની બીજી સિઝનના આયોજનની ઘોષણા કરતા આનંદ અનુભવે છે. આ ચેમ્પિયનશીપની આરંભિક સિઝનની ભવ્ય સફળતા બાદ, જીએસએફએને આ વર્ષની લીગમાં દર્શકોના ઉત્સાહ અને ખેલાડીઓ વચ્ચે સ્પર્ધાત્મકતાના વધુ ઊંચા સ્તરની અપેક્ષા છે, જેનાથી આપણા રાજ્યમાં ફૂટબોલના વિકાસને વધુ વેગ મળશે. આજે આયોજિત એક સત્તાવાર કાર્યક્રમમાં જીએસએફએના પ્રમુખ પરિમલ નથવાણીએ જીએસએલ સિઝન-૨ માં ભાગ લેનારી છ ફ્રેન્ચાઈઝી ટીમના માલિકોનું સન્માન કર્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન નથવાણી દ્વારા સત્તાવાર જીએસએલ ટ્રોફી અને ટીમ જર્સીનું પણ અનાવરણ કરાયું હતું.

ઉપસ્થિતોને સંબોધન કરતા પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, ગુજરાત સુપર લીગ તેની બીજી સિઝનમાં પ્રવેશી રહી છે અને તેના સાક્ષી બનવું એ મારા માટે ખૂબ આનંદની વાત છે. હું ગુજરાતમાં ફ્રેન્ચાઈઝ આધારિત ફૂટબોલના વિકાસમાં પોતાની સમર્પણ ભાવના અને રોકાણને જાળવી રાખવા બદલ તમામ ટીમ માલિકોનો હૃદયપૂર્વક આભાર માનું છું. વધુમાં, હું ખેલાડીઓ, કોચ, પ્રાયોજકો, સહયોગીઓ અને મીડિયા સહિત તમામ હિતધારકોના મહત્વપૂર્ણ યોગદાનને પણ બિરદાવું છું. કારણ કે જીએસએલ પ્રારંભિક સિઝનને સફળ બનાવવાનું તેમના સહયોગ વિના શક્ય નહોતું. એ વાતમાં શંકાને કોઈ સ્થાન નથી કે ગુજરાતમાં ફૂટબોલની રમત હાલ તેની લોકપ્રિયતા અને વિકાસના એક મહત્વપૂર્ણ તબક્કામાંથી પસાર થઈ રહી છે.

જીએસએફએના માનદ સચિવ મૂળરાજસિંહ ચૂડાસમાએ જીએસએલની બીજી સિઝનમાં તેની મેચોને મજબૂત પ્રતિસાદ સાંપડવા માટે આશાવાદ વ્યક્ત કર્યો અને લીગના ભાવિ વિસ્તરણ અને કદમાં અભિવૃદ્ધિ માટે તેમની મહેચ્છાઓ વ્યકત કરી હતી. યોગાનુયોગે, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને ગુજરાત ટૂરિઝમ તરફથી પણ જીએસએફએને સતત મજબૂત સમર્થન મળતું રહ્યું છે.



# રાજયના ૧૦ શહેરો માટે તૈયાર કરાયેલા હીટ એકશન પ્લાનનું કરાયું લોન્ચિગ

**અબતક, નવીનગીરી ગોસ્વામી ભુજ**

ભુજના સ્મૃતિવન મ્યૂઝિયમ ખાતે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન મંડળ, જિલ્લા વહીવટીતંત્રના ડિસ્ટ્રીક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ તેમજ કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયરન્મેન્ટ એન્ડ વોટર ના સહયોગથી હીટ એકશન પ્લાનનું લોન્ચિંગ અને અધિકારીઓ, કર્મચારીઓ માટે કેપેસિટી બિલ્ડીંગના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયરન્મેન્ટ એન્ડ વોટર દ્વારા રાજ્યના ૧૦ શહેરો જેવા કે, ભુજ, સુરત, વલસાડ, નવસારી, જુનાગઢ, ભાવનગર, ગીર સોમનાથ, ઈડર, પાટણ, પાલનપુર માટે તૈયાર કરાયેલા હીટ એકશન પ્લાનનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્લાનમાં જિલ્લા વહીવટીતંત્રની તૈયારીઓ, હેલ્થ વિષયક તૈયારીઓ, સસ્ટેનેબલ અર્બન પ્લાનિંગ, હીટવેવ ટાસ્ક ફોર્સની રચના અને જવાબદારીઓ તેમજ હીટવેવ સામેની સક્સેસ સ્ટોરી અંગેના વિવિધ પ્રેઝેન્ટેશન અને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્યભરમાંથી પસંદ કરાયેલા શહેરોમાં ભુજનો પણ સમાવેશ કરાયો હોવાથી ભુજ શહેર માટે તૈયાર કરવામાં આવેલા હીટ એકશન પ્લાન૨૦૨૫નું લોન્ચિંગ કરાયું હતું. હીટવેવ એકશન પ્લાન સંબંધિત કામગીરી કરનારા વિવિધ સ્ટેક હોલ્ડર્સ, જિલ્લા વહીવટીતંત્ર કે કોર્પોરેશન કે નગરપાલિકાઓના અધિકારી ઓ માટે ટ્રેનિંગ વર્કશોપ યોજવામાં આવ્યો હતો.



આ કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખ, નખત્રાણા પ્રાંત અધિકારી સૂરજ સુથાર, મુન્દ્રા પ્રાંત અધિકારી બી.એચ.ઝાલા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી સી.આર.પ્રજાપતિ અને વિજયા પ્રજાપતિ, ભુજ ગ્રામ્ય મામલતદાર અરૂણ શર્મા, ભુજ શહેર મામલતદાર ડી.કે.રાજપાલ, સ્મૃતિવનના ડીરેક્ટર મનોજ પાંડે, ડિઝાસ્ટર મેનેજમેન્ટ મામલતદાર ચિરાગ નિમાવત, માર્ગ અને મકાન વિભાગ રાજ્યના કાર્યપાલક ઈજનેર કે.પી.નાયી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી ડો.મિતેષ ભંડેરી સહિત જીએસડીએમ, કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયરન્મેન્ટ એન્ડ વોટરના પ્રતિનિધિ ઓ તેમજ વિવિધ અધિકારી ઓ અને કર્મચારી ઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ ડિઝાસ્ટર મામલતદાર ની કચેરી દ્વારા જણાવાયું છે.

# આન-બાન-શાન સમા હરીયા ઈન્સ્ટિટયુટને કોની 'નજર' લાગી ?

## સામાન્ય બાબતમાં નવા-જુના ટ્રસ્ટીઓ વચ્ચે સતત ઘર્ષણ: બાબતો ગરમાતા પોલીસ મથકે પહોચ્યો

જામનગરની આન,બાન અને શાન સમી ગણાતી હરીયા ઈન્સ્ટિયુટ મહાજન દ્વારા સંસ્થાનું નિર્માણ કરવામાં આવ્યું છે. અને તેમનું સંચાલન જયારે આર.કે. શાહ દ્વારા ખૂબજ સુચારૂ રીતે વ્યવસ્થા અને શિક્ષણ પધ્ધતિ સંભાળવામાં આવી હતી. હરિયા ઈન્સ્ટિયુટ દ્વારા હજારો વિદ્યાર્થીએ અભ્યાસ કરી ને પોતાની કારકીર્દી બનાવી છે. તેમજ હરિયા કોલેજ વિદ્યાર્થીઓ અનેક ક્ષેત્રમાં આગળ વધ્યા છે. છેલ્લા એકાદ વર્ષથી એવું લાગી રહ્યું છે કે, હરીયા કોલેજને કોઈની નજર કે કઈ ગ્રહણ લાગ્યું હોય વારંવાર નાના મોટા વિવાદ થતા રહ્યા છે.







જામનગરની આન-બાન અને શાન કહેવાતી હરિયા કોલેજમાં એમબીએના વિદ્યાર્થીઓનું કોન્વેશસન ફંકશનનું આયોજન કરવામાં આવ્યું હતુ ત્યારે વિદ્યાર્થીઓ અને વાલી માટે કાળી રોપ અને ટ્રસ્ટી તેમજ મુખ્ય મહેમાન માટે પરપલ રોપ આપવામાં આવ્યા હતા અને રોપને અનુકુળ બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આમંત્રીત મહેમાનો તેમજ ટ્રસ્ટીઓ અને અનેક વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જામનગરની હરિયા કોલેજમાંથી હજારો વિદ્યાર્થીઓઅનેક ક્ષેત્રમાં ખુબ આગળ વધ્યા છે. હરિયા કોલેજનાં ચેરમેન કાંતીભાઈના અવસાન થયા બાદ નવા જૂના ટ્રસ્ટીઓ વચ્ચે વારંવાર વિવાદ થતો આવ્યો છે. તેવી જ રીતે ગઈકાલે રાત્રે એવોર્ડ ફંકશનમાં નવા-જુના ટ્રસ્ટીઓ વચ્ચે બબાલ થઈ હતી અને ભારે ગરમા ગરમી થઈ હતી. આખરે આ મામલો સી.ટી. ડિવિઝન પોલીસ મથક સુધી પહોચ્યો હતો. અને ભારે ઘર્ષણ થયું હતુ.

આ કાર્યક્રમમાં નવા-જુના ટ્રસ્ટીઓ વચ્ચે બેઠક જેવી નજીવી બાબતમાં બોલાચાલી થઈ હતી જેમાં ટ્રસ્ટીગણ તથા અન્ય મહાજન અગ્રણીઓ વગેરે ઘર્ષણ થયું હતુ. વારંવાર વિવાદ થવાથી હરિયા કોલેજના વિવાદ કોર્ટ સુધી પહોચ્યા છે. ત્યારે આવા વિવાદનો સુખદ અંત જલ્દીથી આવે તેવી જામનગરવાસીઓને આશા છે.

# રાજ્યભરના ખેલાડીઓ તલવારબાજીમાં કૌવત બતાવ્યું

## રાજ્ય કક્ષાની ફેન્સીંગ સ્પર્ધા ૫ મે સુધી જેએમસી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે ચાલશે

જામનગરના જેએમસી સ્પોર્ટસ કોમ્પલેક્ષના ઈન્ડોર હોલ ખાતે આજે ખેલમહાકુંભ ૩.૦ અંતર્ગત રાજયકક્ષાની ફેન્સીંગ સ્પર્ધાનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત આ સ્પર્ધા જિલ્લા વહીવટી તંત્ર-જામનગર અને જામનગર મહાનગરપાલિકાના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહી છે. જેની જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જામનગર દ્વારા સફળ સંચાલન કરવામાં આવી રહ્યું છે.




આ ઉદ્ઘાટન સમારોહમાં જામનગરના મેયર વિનોદભાઈ ખીમસુર્યાએ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપીને સ્પર્ધાને ખુલ્લી મૂકી હતી. તેમજ તેમણે ખેલાડીઓને પ્રોત્સાહિત કરી ખેલદિલીની ભાવના સાથે રમવા માટે પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢા, શાસક પક્ષના નેતા આશિષભાઈ જોષી અને શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પૂર્વે ઉપસ્થિત સૌએ કાશ્મીરમાં તાજેતરના આતંકી હુમલામાં જીવ ગુમાવનારા નાગરિકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આ રાજયકક્ષાની ફેન્સીંગ સ્પર્ધામાં પુરુષો અને મહિલાઓના વિવિધ વય જૂથોમાં સ્પર્ધાઓ યોજાશે. રાજ્યભરના ખેલાડીઓ આ સ્પર્ધામાં પોતાની પ્રતિભા અને કૌશલ્યનું પ્રદર્શન કરશે.આ સ્પર્ધાઓ આગામી તા.૦૫ મે, ૨૦૨૫ સુધી જેએમસી સ્પોર્ટસ કોમ્પલેક્ષ ખાતે ચાલશે. જેમાં યુવા ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ વધવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ મળી રહેશે.

### નિવાસી અધિક કલેકટર બી.એન. ખેરના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ

# અકસ્માતો નિવારવા ભયજનક સ્થળો પર સૂચન કરતા સાઈન બોર્ડ લગાવતું તંત્ર

## માર્ગ અકસ્માતો ઘટાડવા રોડ સેફટી કાઉન્સીલની બેઠક યોજાઈ



જામનગર જિલ્લામાં વાહન અકસ્માતોમાં ઘટાડો લાવવાના ઉદ્દેશ્ય સાથે નિવાસી અધિક કલેક્ટર બી.એન. ખેરના અધ્યક્ષ સ્થાને જિલ્લા રોડ સેફટી કાઉન્સિલની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધિક કલેક્ટરએ જિલ્લામાં માર્ગ અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે લેવાના થતા વિવિધ પગલાંઓ અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકની શરૂઆતમાં અધિક કલેક્ટરએ અગાઉની બેઠકમાં સોંપવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરી હતી. ત્યારબાદ, તેમણે જામનગર જિલ્લાના અકસ્માત સંભવિત વિસ્તારો જેવા કે સોયલ કેનાલ, વાંકીયા, શેખપાટ પાટિયા, જાંબુડા પાટીયા, ફલ્લા સર્કલ, લાલપુર ચોકડીથી મોરકંડા, કનસુમરા પાટીયાથી સાંઢીયા પૂલ, વસઈ પાટીયા, મોટી ખાવડી અને મેઘપર બસ સ્ટોપ પાસે તાત્કાલિક રોડ સાઈનેજીસ લગાવવા માટે સંબંધિત વિભાગોને સૂચના આપી હતી.

વધુમાં, માર્ગ અકસ્માતોના સ્થળોની તપાસ, બ્લેક સ્પોટ્સ પર અકસ્માતો ઘટાડવા માટેના ઉપાયો, જોખમી ડ્રાઈવિંગ, ઓવર સ્પીડિંગ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ અને રેડિયમ રિફ્લેક્ટર વગરના વાહનો અંગે હાથ ધરવામાં આવેલી કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી હતી અને જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. ખેરે શાળા-કોલેજો અને જાહેર સ્થળોએ માર્ગ સલામતી કાર્યક્રમો દ્વારા જનજાગૃતિ વધારવા, વર્ક ઝોન ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવા અને જિલ્લા કક્ષાએ આપત્તિ વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવા પર ભાર મૂક્યો હતો. બેઠકમાં આર.ટી.ઓ. કે.કે. ઉપાધ્યાયે પ્રેઝન્ટેશન દ્વારા સંબંધિત માહિતી રજૂ કરી હતી.

આ બેઠકમાં આર.ટી.ઓ., જામનગર મહાનગરપાલિકા, પોલીસ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, શિક્ષણ વિભાગ, આરોગ્ય વિભાગ, વન વિભાગ, પી.જી.વી.સી.એલ., નેશનલ હાઈવે ઓથોરિટી અને જી.એસ.આર.ટી.સી. સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલાને શ્રધ્ધાંજલી અર્પી

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં ટુરિસ્ટો ઉપર થયેલા આતંકવાદી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવાના કાર્યક્રમનું જામનગરમાં વિશ્વનું પરિષદ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

જામનગર મહાનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પહેલગામમાં ઈસ્લામિક આતંકવાદી દ્વારા હિન્દુ પર્યટકોની અમાનવીય હત્યાને ધ્યાનમાં રાખી આ જઘન્ય હત્યાકાંડના વિરોધમાં પાકિસ્તાન પ્રાયોજિત ઈસ્લામિક આતંકવાદીની નિંદા કરવાના હેતુથી હિન્દુ સમાજના સહયોગથી દેશભરમાં બલિદાન થયેલ હિન્દુ બધુંઓને શ્રધ્ધાંજલી અર્પણ કરવા હેતુ સભાનું



આયોજન કરાયું હતું.જામનગરના તમામ સંપ્રદાય સંતો તથા ધાર્મિક સંસ્થાઓ, વેપારી એસોસિયેશન, ડોક્ટર એસોસિયેશન, એડવોકેટ, હિન્દુ સમાજ જ્ઞાતિના આગેવાનો તેમજ માતૃશકિત દુગાવાહિની બજરંગદળ વિગેરેની ઉપસ્થિતમાં તારીખ ૨૫/૪/૨૦૨૫ શુક્રવારે સાંજે ૬ વાગ્યે વિનુ માંકડના પૂતળા, ક્રિકેટ બંગલા પાસે આતંકવાદી હુમલાના મૃતકોની પુણ્ય સ્મૃતિમાં શ્રદ્ધાંજલી કાર્યક્રમ અને પ્રતિકાર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમ વિજયભાઈ બાબરીયાએ જણાવાયું છે.

# સમસ્ત બ્રહ્મસેવા ટ્રસ્ટ દ્વારા શ્રધ્ધા સુમન અર્પણ કરાયા



જામનગર શહેરમાં સમસ્ત બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા પહેલગામમાં હુમલામાં જીવ ગુમાવનારા નિર્દોષ નાગરિકોને શ્રદ્ધાંજલિ આપવા માટેનો એક કાર્યક્રમ ડી.કે.વી. સર્કલ પાસે યોજાયો હતો.

જેમાં સમસ્ત બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટના હોદ્દેદારો તેમજ જામનગર શહેરના અન્ય બ્રહ્મ સમાજના અગ્રણીઓ, ભાઈઓ, બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# ગોકુલનગરમાં માંસ-મટનની અનઅધિકૃત સાત દુકાનો બંધ કરાવાઈ

## ફુડ લાયસન્સ મેળવી લેવાયા પછી જ દુકાનો શરૂ કરવા તાકીદ

જામનગર મહાનગરપાલિકાની ફુડ શાખા દ્વારા ગોકુલ નગર વિસ્તાર માં નોનવેજ ની દુકાનોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું જ્યાં હાયજેનીક કન્ડિશન નો અભાવ તેમજ ફૂડ લાઈસન્સ મેળવેલ નહી હોવાથી સાત દુકાનો બંધ કરાવાઈ હતી, અને ફૂડ લાયસન્સ મેળવી લેવા સૂચના આપવામાં આવી હતી.

જામનગર મહાનગરપાલિકા ની ફૂડ શાખા ના અધિકારી ડી બી પરમાર અને એન પી જાસોલિયા તથા તેની ટીમ દ્વારા શહેરના ગોકુલ નગર પાણાખાણ વિસ્તારમાં નોનવેજ ની સાત દુકાનો માં આકસ્મિક ચેકિંગ કરવામાં આવ્યું હતું. જ્યાં સ્વચ્છતાનો અભાવ અને અન-હાઈજેનીક કન્ડીશન જોવા મળી હતી. તેમજ ફૂડ વિભાગમાંથી લાયસન્સ મેળવવા આવ્યું નહી હોવા થી આ સાતેય દુકાનો ને બંધ કરાવી દેવામાં આવી હતી. અને હાઈજેનિક કન્ડિશન મેન્ટેન કરવા તથા ફૂડ વિભાગ નું લાયસન્સ મેળવી લેવાયા પછી જ દુકાનો ખોલવા ની સૂચના આપવામાં આવી હતી.




### માનવ એકતા દિવસની ઉજવણી ભાગરૂપે

# નિરંકારી મિશન દ્વારા રકતદાન કેમ્પમાં ૧૦૦ બોટલ રકત એકત્રિત

દર વર્ષની જેમ નિરંકારી મિશન દ્વારા ૨૪ એપ્રિલના રોજ બાબા ગુરબચન સિંહજીની પવિત્ર સ્મૃતિમાં 'માનવ એકતા દિવસ'ની ઉજવણી પ્રેમ અને ભાઈચારાની ભાવનાને ઉજાગર કરતા શ્રદ્ધા અને આધ્યાત્મિક ભાવનાઓથી ભરપૂર વાતાવરણમાં કરવામાં આવી. આ દિવસ માત્ર પવિત્ર સ્મરણનો અવસર નથી, પરંતુ માનવતા, સૌહાર્દ અને એકત્વની ભાવનાઓનો આત્મિક સંગમ છે.

માનવ એકતા દિવસના ઉપલક્ષ્યે ગુજરાત રાજ્યમાં ૯ સ્થળોએ ભવ્ય રક્તદાન શિબિરોનું



આયોજન કરવામાં આવ્યું, જેમાં કુલ મળીને ૧૮૬૨ યુનિટ રક્ત એકત્રિત થયું. પટેલ કોલોની સ્થિત સંત નિરંકારી સત્સંગ ભવન, જામનગર ખાતે યોજાયેલા રક્તદાન શિબિરમાં ૧૦૦ નિરંકારી ભક્તોએ ઉત્સાહ પૂર્વક રક્તદાન કર્યું, જેનું સંકલન ગુરુ ગોવિંદ સિંહ બ્લડ બેંક દ્વારા કરવા માં આવ્યું હતું.

જામનગર માં પટેલ કોલોની સ્થિત સત્સંગ ભવન માં મહાનગરપાલિકાના નગરસેવક સુભાષભાઈ જોશી અને અલકાબા જાડેજા એ આ શિબિરની સૌજન્ય મુલાકાત લીધી.

# વિસા શ્રીમાળી સોની સમાજ મહિલા મંડળના હોદેદારોની વરણી

તાજેતરમાં જામનગર વિસા શ્રીમાળી સોની સમાજ મહિલા મંડળની વર્ષ ૨૦૨૫-૨૮ ની ટર્મ માટેના હોદેદારોની વરણી ચુંટણી પ્રક્રિયા દ્વારા કરવામાં આવી હતી.

ચુંટણી પ્રક્રિયા ચુંટણી કમિશ્નર ધીરેનભાઈ મોનાણી તથા જયસુખભાઈ પારેખ દ્વારા સંપન્ન કરાઈ હતી.



હેતલબેન મોનાણી પ્રમુખ
જાગૃતિબેન જડીયા ઉપપ્રમુખ
ગ્રીષ્માબેન વડનગરા મંત્રી
રિધ્ધીબેન ચોકસી સહમંત્રી
સ્મિતાબેન કલોલીયા ખજાનચી
ભૂમિતાબેન ઝીઝુવાડીયા સંસ્કૃતીક મંત્રી
હિનાબેન વજાણી સંસ્કૃતીક મંત્રી
અંજલીબેન ગેરીયા સ્વાગત મંત્રી
કવિતાબેન વઢવાણા સ્વાગત મંત્રી
બિંદીયાબેન સિમેજીયા કારોબારી સભ્ય
જલ્પાબેન સિમેજીયા કારોબારી સભ્ય

# ધોળે દિ'એ બોલેરોએ ગુલાંટ લગાવતા અનેક વાહનોના કડુસલા!!!

જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં શુક્રવારે બપોરે ૧૨.૩૦ વાગ્યાના અરસામાં એક બોલેરો કારના ચાલકે પોતાના વાહન પરથી કાબુ ગુમાવી દીધો હતો. ઓવર સ્પીડમાં



આવેલી બોલેરો એકાએક પલટી મારી ગઈ હતી. ત્યારબાદ રોડની સાઈડમાં પાર્ક કરવામાં આવેલા ત્રણથી ચાર ટુ-વ્હીલર સાથે ટકરાઈ હોવાથી તે વાહનોમાં નુકસાની થઈ હતી, અને ત્યારબાદ પીજીવીસીએલના એક પોલ સાથે ટકરાઈને થંભી ગઈ હતી. જો કે આ અકસ્માતમાં સદભાગ્યે કોઈ જાનહાની થઈ ન હતી, અને આસપાસના લોકોએ એકત્ર થઈને અંદરથી બોલેરો ના ચાલકને બહાર કાઢી લીધો હતો. પરંતુ કેટલાક ટુવ્હીલરો નો કચ્ચરઘાણ નીકળી ગયો છે. જ્યારે બોલેરોમાં પણ નુકસાની થઈ છે. સમગ્ર મામલાની જાણ થતાં સીટી સી. ડિવિઝનનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો છે, અને આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડ તાલુકાના વય નિવૃત્ત શિક્ષકોનો યોજાયો વિદાયમાન સમારોહ




**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

કાલાવડ તાલુકાના પ્રાથમિક/માધ્યમિક ઉત્કર્ષ મંડળની મીટીંગ કાલાવડ મુકામે રાખવામાં આવી. જેમાં કાલાવડ તાલુકામાં ફરજ બજાવી વય નિવૃત્ત થતા અને જિલ્લાફેરથી બદલી થયેલા શિક્ષકાનું મોમેન્ટો અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. કાલાવડમાં નવા આવેલ વિદ્યાસહાયક અને શિક્ષકોને ભેટ આપી આવકારવામાં આવ્યા હતા. આ મીટીંગમાં નિવૃત્ત થતા અને બદલીથી ગયેલા શિક્ષકોએ કાલાવડ તાલુકામાં પોતાની નોકરીના સંસ્મરણો વાગોળ્યા હતા. મીટીંગમાં વાર્ષિક ફી નક્કી કરવી, દર ત્રણ માસે કારોબારી મીટીંગ બોલાવવી, આર્થિક રીતે નબળા એવા હોશિંયાર વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય કરવી, અનુ.જાતિના ધો.૧૦, ધો.૧૨માં પ્રથમ, દ્વિતીય અને તૃતિય નંબર મેળવનારને વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા જેવા ઠરાવ કરવામાં આવ્યા.

### પાડાના વાંકે પખાલીને ડામ ?

# માર્ગમાં દબાણ ખડકી પડયા પાથરા લોકોના ત્રાસથી બર્ધન ચોક વિસ્તારે બંધ પાડયો



જામનગર મહાનગરપાલિકા દ્વારા બર્ધન ચોક વિસ્તારમાં રેકડી પથારા સહિતના માલસામાન ઉપાડવા માટેની ઝૂંબેશ ચાલી રહી છે, જે દરમિયાન આજે સ્થાનિક વેપારીઓ દ્વારા તંત્રની એક તરફથી કાર્યવાહી અને વ્હાલા દવલાની નીતિનો વિરોધ દર્શાવીને સજ્જડ બંધ પાડ્યો હતો, અને બપોર પછી બર્ધન ચોક સહિતના વિસ્તારના તમામ વેપારીઓએ પોતાના વેપાર ધંધા બંધ રાખી વિરોધ પ્રગટ કર્યો છે.

વેપારીઓના જણાવ્યા અનુસાર જે વેપારીઓ દ્વારા ગેરકાયદે રેકડી પથારા વાળાઓ અંગેની ફરિયાદ કરે છે, તેવા વેપારીઓનો માલ સામાન ઉપાડી લેવામાં આવે છે, અને જાહેર માર્ગ પર રેકડી પથારા કે પૂતળા વગેરે રાખીને દબાણ કરે છે, તેઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, અને વ્હાલા દવલાની નીતિ અપનાવાય છે, તેમ દર્શાવી આજે વેપારીઓ દ્વારા સજ્જડ બંધ પાડીને વિરોધ દર્શાવાયો છે.

## ગોંડલ સંપ્રદાયના રાજેશમૂનિ મ.સા.ની નિશ્રામાં

# દીક્ષાર્થી ડિમ્પલબેન વિરાણી દીક્ષા અંગીકાર કરી ચાલશે પ્રભુવીરના માર્ગ

## દીક્ષાર્થી ડિમ્પલબેન વિરાણીનું વિવિધ સંઘો દ્વારા બહુમાન

**અબતક, રાજકોટ**

શાસનપતિ અનંત-અનંત ઉપકારી શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની અનંતી કૃપા થકી તેમજ ગોંડલ સંપ્રદાયના બહુશ્રુત આચાર્ય ભગવંત સ્વ. જશાજી સ્વામીના પાટાનુપાટ સ્વ. પૂજ્ય સ્થવિર ગુરુભગવંત કરી પ્રેમચંદજી મહારાજ સાહેબના શિષ્યરત્ન આગમ અર્કદર્શક ચારિત્રનિષ્ઠ પ્રાતઃ સ્મરણીય પરમ પૂરુષ ગુરુભગવંત બીરા. રાજેશમુનિજી મહારાજસાહેબના શુભ સાંનિધ્યમાં મુંબઇ નિવાસી દીક્ષાર્થીકુમારી ડિમ્પલબેન નવીનભાઈ વિરાણી જૈન ભાગવતી દીક્ષા ગ્રહણ કરવા ઉધમવંત થયા છે. આ જૈન ભાગવતી દીક્ષા તા. ૩ મે, ૨૦૨૫, શનિવારે સવારે ૬.૧૫ થી ૮.૫૫ કલાકે ડુંગરગુરુરાજ પ્રવજ્યા પટાંગણ, વિરાણી હાઈસ્કૂલ, રાજકોટ નિર્ધારિત થયેલ છે.



ડિમ્પલબેનનું સુમતિનાથ સંઘ શીતલનાથ સંઘ અને પાર્શ્વનાથ સંઘ- વિશાલ પ્રભ ધર્મસ્થાનકના પદાધિકારીઓ, શાસન સેવકો તથા શ્રાવક-શ્રાવિકાઓએ ભાવભકિતથી બહુમાન-સન્માન કર્યું. આ પ્રસંગે ડિમ્પલબેને પોતાના ભાવો વ્યક્ત કરતાં જણાવ્યું કે, નાની ઉંમરથી વૈરાગ્યના ભાવ હતા. સન ૨૦૨૩માં ગુરુભગવંત રાજેશમુનિજી મહારાજસાહેબના સાંનિધ્ય અને હિતશિક્ષાથી ઘણી વૈરાગ્યવર્ધક સમજણ પ્રગટી અને વૈરાગ્ય ભાવના દ્દઢ થઈ. આજની દુનિયા સ્માર્ટ સાધનોવાળી અને સ્માટ વર્કની છે. આજના જમાનામાં ગરમ પાણીમાં પાઉચ નાખો તો જમવાનું તૈયાર, કોઈપણ વસ્તુ જોઈતી હોય તો ઓનલાઈન ઓર્ડર, ગુગલમાં સર્ચ કરો તો દુનિયાભરની માહિતી હાજર. બધું સ્માર્ટ થઈ ગયું છે. મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષાએ અહીં ૭૦-૮૦-૯૦ વર્ષના આયુષ્યમાં ૪૦-૫૦ વર્ષ સંયમપર્યાય માંડ મળે. એમ વિચારી સ્માર્ટ વર્ક કરવાનો- દીક્ષા અંગીકાર કરવાનો અને પ્રભુવીરના મોક્ષમાર્ગ પર આગળ ધપવાનો નિર્ણય કર્યો. મારા સંયમ પંથે પુરુષાર્થ પાછળ ગુરુભગવંત તથા આજ્ઞાનુવર્તી સુદીર્ઘ સંયમ સ્થવિરા ગુરુણીભગવંત કુસુમબાઈ સ્વામી તથા એમના સુશિષ્યા ભગવંતોની અનંતી કૃપા તેમજ ઋણ છે.

દીક્ષા મહોત્સવ અને સંયમ અનુષ્ઠાનો અંગેની વિસ્તૃત માહિતી માટે ઋષભદેવ સંઘ કાર્યાલય (૧-તિરૂપતિનગર, નિર્મલા રોડ, રાજકોટ. ફોનઃ (૦૨૮૧) ૨૫૮૧૬૯૫) સંપર્ક કરવા વિનંતી. ઋષભદેવ જૈન સંઘના સર્વે શ્રીસંઘો ઋષભાનન સંઘ, પાર્શ્વનાથ સંઘ, શાંતિનાથ પૌષધશાળા, સુમતિનાથ સંઘ, શીતલનાથ સંઘ, સંભવનાથ સંઘના પદાધિકારીઓ, કાર્યકરોએ ખૂબ-ખૂબ ઉત્સાહપૂર્વક સંયમ અનુષ્ઠોનો તથા દીક્ષા પ્રસંગ માટે વિશિષ્ટ સેવા અને તૈયારી કરી રહેલ છે. ગોંડલ સંપ્રદાય સ્થા. જૈન સિધ્ધાંત સંરક્ષક સમિતિ- રાજકોટના સ્થાપક સભ્યો માર્ગદર્શન આપી દીક્ષા અનુમોદના કરી રહેલ છે. ઉપરોક્ત યાદી શ્રીસમિતિના સહપ્રમુખ પરેશભાઈ પટેલે જણાવેલ છે.

દીક્ષા મહોત્સવ તથા દરેક અનુષ્ઠાનોમાં સર્વ જિનશાસન પ્રેમીઓએ ઉપસ્થિત રહી દીક્ષાની અનુમોદના કરવા પધારવા સમગ્ર જૈન સમાજને ભાવભર્યું નિમંત્રણ છે.

### જૈન ભાગવતી દીક્ષાના અણમોલ પ્રસંગ


તા. ૨ થી ૬ મે, શિબિર (૭ થી ૪૫ વર્ષના ભાઈઓ-બહેનો માટે) અને બીજી શિબિર- તા. ૨ થી ૨૨ મે, ૨૦૨૫ (૯ થી ૪૫ વર્ષના ભાઈઓ-બહેનો માટે) ગુરુભગવંત રાજેશમનિજી મહારાજસાહેબ અને આજ્ઞાનુવર્તી ગુરુણીભગવંતની શુભ નિશ્રામાં ઋષભદેવ સંઘ, ૧-તિરૂપતિનગર, નિર્મલા રોડ, રાજકોટ ખાતે યોજેલ છે. શિબિરમાં રહેવા-જમવાની સુચારું વ્યવસ્થા છે. દીક્ષા સાથે શિબિર બંનેનો એક સાથે લાભ લેવા સર્વે ભાવિકોને વિનંતી. અન્ય અનુષ્ઠાનોમાં તા. ૨૯ એપ્રિલ, મંગળવારે પ્રશ્નમંચ (સંયમ અનુલક્ષી પ્રશ્નો); તા. ૩૦ એપ્રિલ, બુધવારે સ્તવનથી કરીએ અનુમોદના (સ્તવન અંતાક્ષરી); તા. ૧ મે, ગુરુવારે વકતૃત્વ સ્પર્ધા (વિષયઃ સંયમ); તા. ૨ મે, શુક્રવારે સમસ્ત રાજકોટના બહેનો અને શ્રાવિકા મંડળના બહેનોની સમૂહ સાંજી; આ ચારેય સંયમ અનુષ્ઠાનો ઋષભદેવ સંઘના આંગણે 'શાશ્વત', પારસ હોલ સામે, નિર્મલા રોડ, રાજકોટ ખાતે બપોરે ૪.૦૦ થી ૫.૪૦ કલાકે યોજાશે.

# ગુજરાતમાં દુધ ઉત્પાદનમાં વાર્ષિક સરેરાશ ૯.૨૬ ટકાનો વધારો

## છેલ્લા બે દાયકામાં રાજ્યના દૂધ ઉત્પાદનમાં ૧૧૮.૯૧ લાખ મેટ્રિક ટનનો અભૂતપૂર્વ વધારો

**અબતક, રાજકોટ**

ભારત દેશ આજે દૂધ ઉત્પાદન અને ડેરી વિકાસ ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં 'પ્રથમ છે. તેવી જ રીતે, ગુજરાત રાજ્ય પણ દેશના કુલ દૂધ ઉત્પાદનમાં મહત્વપૂર્ણ ફાળા સાથે પ્રથમ હરોળના રાજ્ય પૈકીનું એક છે.રાજયમાં દુધ ઉત્પાદનમાં વાર્ષિક ૯.૨૬ ટકાનો વધારો થઈ રહ્યો છે.




ગુજરાતના મહામૂલા પશુધન માટે રાજ્યમાં કુલ ૯૨૯ જિલ્લા પંચાયત સંચાલિત પશુ દવાખાના, ૫૫૨ જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર, ૪૬૦ જેટલા ફરતા પશુ દવાખાના, ૧૨૭ કેન્દ્ર પુરસ્કૃત ફરતા પશુ દવાખાના, ૩૪ વિવિધલક્ષી પશુ ચિકિત્સાલય અને ૨૧ પશુ રોગ અન્વેષણ એકમો કાર્યરત છે. આ સુદ્રઢ પશુ આરોગ્ય માળખાના માધ્યમથી રાજ્યની પોણા ત્રણ કરોડ જેટલી પશુ સંપદાને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પાડીને રાજ્ય સરકાર 'દરેક જીવને અભયદાન'નો મંત્ર ખરા અર્થમાં સાર્થક કરી રહી છે.

એટલું જ નહિ, પશુઓને સારવાર, રસીકરણ અને કૃમિનાશક દવાઓ જેવી આવશ્યક આરોગ્ય સેવાઓ તેમજ પશુઓના પ્રજનન, વ્યંધત્વ નિવારણ અને પોષણ સંબંધિત માર્ગદર્શન આપવા માટે ગુજરાતમાં અત્યારે પશુઓની ચિકિત્સા માટે કુલ ૪,૨૭૬ ચિકિત્સકો (વેટરિનેરિયન) નોંધાયેલ છે. જેમાંથી ૬૫૦ ચિકિત્સકો સરકારી સેવાઓ હેઠળ, ૯૫૦ ચિકિત્સકો વિવિધ ડેરી સંઘોમાં, ૫૦૦થી વધુ ચિકિત્સકોની સેવાઓમાં, ૩૫૦ ચિકિત્સકો યુનિવર્સિટીઓમાં, ૮૦૦થી વધુ ચિકિત્સકો પ્રાઈવેટ સેક્ટરમાં તેમજ ૧,૦૦૦ થી વધુ ચિકિત્સકો બેંક/ઈન્સ્યુરન્સ/ફાર્મા જેવા અન્ય સેક્ટરમાં કાર્યરત છે.

પશુ આરોગ્ય ક્ષેત્રમાં પશુ ચિકિત્સકોના યોગદાનને બિરદાવવા માટે વર્ષ ૨૦૦૦થી દર વર્ષે એપ્રિલ મહિનાના છેલ્લા શનિવારને વિશ્વ પશુ ચિકિત્સા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજ "એનિમલ હેલ્થ ટેક્સ અ ટીમ"ની થીમ પર પશુ ચિકિત્સા દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.

છેલ્લા બે દાયકા દરમિયાન ગુજરાતમાં વિકસેલા સુદ્રઢ પશુ આરોગ્ય માળખાને પરિણામે આ સમયગાળામાં રાજ્યના દૂધ ઉત્પાદનમાં ૧૧૮.૯૧ લાખ મેટ્રિક ટનનો અભૂતપૂર્વ વધારા સાથે ગુજરાત દૂધ ઉત્પાદનમાં દેશમાં ચોથા સ્થાને પહોંચ્યું છે. આ બે દાયકા દરમિયાન રાજ્યના દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૯.૨૬ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે. સાથે જ, રાજ્યમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતા પણ ૩૩૩ ગ્રામ પ્રતિ દિનથી વધીને અત્યારે ૭૦૦ ગ્રામ પ્રતિ દિન થઈ છે.

દૂધ ઉત્પાદન, પશુપાલન અને ડેરી ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતને દેશના પ્રથમ હરોળ રાજ્યોમાં તેમજ ભારતને વિશ્વમાં પ્રથમ ક્રમે પહોંચાડવામાં પશુપાલકોની મહેનત ઉપરાંત પશુઓને સ્વસ્થ રાખતું સરકારનું સુદ્રઢ પશુ આરોગ્ય માળખાનું અને પશુ ચિકિત્સકોનું યોગદાન અમૂલ્ય રહ્યું છે.

# બાગાયત ખાતાની વિવિધ સહાય માટે ખેડુતો ૩૧ મે સુધી અરજી કરી શકશે

## નવીન આઈ ખેડુત પોર્ટલ ૨.૦ ઉપર અરજી કરવાની રહેશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં બાગાયતી ખેતીના વિકાસ માટે વિવિધ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યના ખેડૂતો બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ ઘરઆંગણે સરળતાથી મેળવી શકે તે હેતુસર નવીન આઈ-ખેડૂત પોર્ટલ ૨.૦ આગમી તા. ૩૧ મે, સુધી ખુલ્લુ મૂકવામાં આવ્યું છે.

રાજ્યના ખેડૂતો બાગાયત ખાતાની કાચા મંડપ, અર્ધ પાકા મંડપ, પાકા મંડપ વેલાવાળા શાકભાજીના પેડલ, આંબા તથા જામફળ-ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, આંબા તથા લીંબુ ફળપાકના જુના બગીચાઓને નવસર્જન માટે સહાય, ઔષધિય/ સુગંધિત પાકોના વાવેતર માટે સહાય, કમલમ ફળ (ડ્રેગનફ્રૂટ)ના વાવેતર માટે સહાયનો કાર્યક્રમ, ક્રોપ કવર (શાકભાજી પાકો માટે), ક્રોપ કવર/બેગ (કેળ/પપૈયા પાક માટે), દાડમ ક્રોપ કવર / ખારેક બંચ કવર, ફ્રુટ કવર(આંબા, દાડમ, જામફળ, સિતાફળ, કમલમ (ડ્રેગનફ્રૂટ)), ખેતર પરના ગ્રેડીંગ, શોર્ટીંગ, પેકીંગ એકમ ઉભા કરવા સહાય, ટીસ્યુકલ્ચર ખારેકની ખેતીમાં સહાય મેળવવા માટે અરજી કરી શકશે.

આટલું જ નહિ, બાગાયત ખાતાની ડ્રીપ ઈરીગેશન માટે પાણીના ટાંકા, નાળીયેરી વાવેતર વિસ્તાર સહાય, કેળ(ટીસ્યુ) ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, પપૈયા ફળપાક ઉત્પાદકતા વધારવાનો કાર્યક્રમ, પોલીહાઉસ/ નેટહાઉસમાં સોઈલલેસ કલ્ચર માટે સહાય, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલમાં સહાય, ફળપાકોના વાવેતર માટે પ્લાન્ટીંગ મટીરીયલમાં સહાય (વનબંધુ), પ્લગ નર્સરી (વનબંધુ), બાગાયત પેદાશની પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત પેકીંગ મટીરીયલ્સમાં સહાય, બાગાયતી પાકોમાં વોટર સોલ્યુબલ ખાતરમાં સહાય, વેલાવાળા શાકભાજી પાક માટે ટીસ્યુકલ્ચરથી ઉત્પન્ન થયેલ પ્લાન્ટીંગ મટીરીયલમાં સહાય, શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન, સરગવાની ખેતીમાં સહાય, સ્વરોજગારલક્ષી બાગાયતી નર્સરી વિકાસ કાર્યક્રમ, દેવીપુજક ખેડુતોને તરબૂચ, ટેટી અને શાકભાજીના બીયારણમાં સહાય, અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ (માળી તાલીમ), મહિલા તાલીમાર્થીઓને વૃતીકા (સ્ટાઈપેંડ) જેવી યોજના માટે પણ અરજી કરી શકશે.

# પર્યાવરણના રખોપા કરનારાઓને કાલે સંરક્ષણ એવોર્ડ એનાયત કરાશે

## પ્રથમવાર ૩૩ જિલ્લાની શાળાના ૨,૫૨૫ પર્યાવરણપ્રેમી શિક્ષકોને સન્માનિત કરીને નવો કીર્તિમાન-રેકોર્ડ સ્થપાશે

**અબતક, રાજકોટ**

'પર્યાવરણ સંરક્ષણ'ને વધુ પ્રોત્સાહન આપવાના હેતુ સાથે કાલે રવિવારના રોજ સવારે ૮ થી સાંજના ૭ કલાક સુધી ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાના 'પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ-૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં રાજ્યના ૩૩ જિલ્લાના 'હું છું પર્યાવરણ સંરક્ષક' અભિયાનમાં સ્વયંભૂ રીતે જોડાઈને પ્રકૃતિના સંરક્ષણ-સંવર્ધન માટે વિશિષ્ટ યોગદાન આપનાર કુલ ૨,૫૨૫ પર્યાવરણપ્રેમી શિક્ષકોને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

રાજ્યભરના પર્યાવરણપ્રેમી શિક્ષકોને એવોર્ડથી સન્માનિત કરીને નવો કીર્તિમાન-રેકોર્ડ સ્થાપવામાં આવશે.



માધવ ચેરિટેબલ ટ્રસ્ટ- કપડવંજ, બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ-મહેસાણા, અનંતા એજ્યુકેશન કેમ્પસ અને વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ-સરગાસણ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત સંસ્થાના આયોજકો, રાજ્ય કમિટી સભ્યો અને કાર્યક્રમમાં જોડાયેલ જિલ્લા સંયોજકો દ્વારા રાજયના પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે કાર્ય કરી રહેલા શિક્ષકો તેમજ પર્યાવરણપ્રેમી મિત્રોની માહિતી તેમજ ફોટોગ્રાફ્સ એકત્ર કરીને કુલ ૨,૫૨૫ શિક્ષકોની પસંદગી કરવામાં આવી છે.

રાજયમાં પર્યાવરણ સંરક્ષણ અભિયાન અંતર્ગત સ્વચ્છતા, પ્રદૂષણ નિવારણ, જળ સંચય, પ્લાસ્ટિક મુક્તિ, ઊર્જા બચત, જમીન સુધારણા જેવા વિવિધ પ્રકલ્પોને વેગ આપવા તથા સમાજમાં જાગૃતિ લાવવાના હેતુસર રાજ્યના સૌથી મોટા અને વિશિષ્ટતા ધરાવતા 'પર્યાવરણ સંરક્ષણ એવોર્ડ-૨૦૨૫' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર, ધારાસભ્ય, સ્થાનિક હોદેદારો, વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના મદદનીશ સચિવ પુલકિતભાઈ જોશી, રાજ્ય કમિટીના સંયોજક મિનેશભાઈ પ્રજાપતિ (કપડવંજ), વિજયભાઈ રાવળ (મહેસાણા) તથા અશ્વિનભાઈ પ્રજાપતિ (ગાંધીનગર) સહિત મોટી સંખ્યામાં શિક્ષકો અને પર્યાવરણપ્રેમીઓ ઉપસ્થિત રહેશે.

# સહકારી સંસ્થાઓને વધુ મજબૂત બનાવવા મનોમંથન

## અમદાવાદ ખાતે યોજાયો એક દિવસીય વર્કશોપ



**અબતક, રાજકોટ**

આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ - ૨૦૨૫ની ઉજવણીને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર દ્વારા કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર પ્રભાગ તથા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓના અધ્યક્ષસ્થાને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સહકારી સંસ્થાઓને વધુ સક્ષમ બનાવવાના મંત્ર સાથે સહકાર સચિવના અધ્યક્ષસ્થાને અમૂલ ફેડરેશન ડેરી ભાટ, અમદાવાદ ખાતે એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં સહકાર ક્ષેત્રને સક્ષમ બનાવવા માટે મહત્વના સેક્ટર જેમકે, નવી યોજનાઓ, નેશનલ કોપરેટીવ ડેટાબેઝ તથા ઈ-કોપરેટીવ પોર્ટલ, પેક્સ તથા દૂધ મંડળીના ઓડિટ, મલ્ટીપર્પઝ કોપરેટીવ સોસાયટી પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ-૨૦૨૫ની ઉજવણીના વર્કશોપમાં ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડેરેશન લિ.ના એમ. ડી. ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્કના સી. ઈ. ઓ તથા સીએસસીના ગુજરાતના નોડલ અધિકારી, તમામ જિલ્લા રજિસ્ટ્રાર તથા વડી કચેરીના તમામ અધિકારી આ વર્કશોપમાં હાજર રહ્યા હતા. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ વર્ષ - ૨૦૨૫ને "આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ" તરીકે જાહેર કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય સહકાર મંત્રી અમિતભાઈ શાહે આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી તેમજ સહકારી સંસ્થાઓના વિસ્તૃતિકરણ પર ભાર મુક્યો છે. સહકારી સંસ્થાઓ દ્વારા ૨૦૩૦ એજન્ડા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ને હાંસલ કરવામાં સહકારી સંસ્થાઓની મહત્વની ભૂમિકાને ધ્યાને રાખી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરવાની યોજના ૧૦ જિલ્લાના ખેડુતો માટે બની આશિર્વાદરૂપ

## ખેડૂતોએ સ્વખર્ચે બનાવેલી ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરવા માટે ૫ મે સુધી અરજી કરી શકશે

**અબતક, રાજકોટ**

પાણીની અછતવાળા વિસ્તારોમાં ખેડૂતો માટે 'ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવાની યોજના' આશીર્વાદરૂપ બની છે.

પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં ખેત તલાવડી બનાવી જીઓમેમ્બ્રેન ફીટ કરવામાં આવે તો ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો સંગ્રહ કરીને પાક બચાવવામાં તેમજ રવિ સિંચાઈમાં પાણીને ઉપયોગ કરી શકાય. આમ, ખેત તલાવડીમાં સંગ્રહિત પાણી થકી ખેડૂતોના પાકને પૂરક સિંચાઈ કરી વધુ પાક ઉત્પાદન મેળવી ભૂગર્ભજળનો વપરાશ ઘટાડી શકાશે.

રાજ્યના પાણીની અછતવાળા સુરેન્દ્રનગર સહિત રાજકોટ, બોટાદ, ભાવનગર, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, કચ્છ, ડાંગ અને નર્મદા આમ કુલ ૧૦ જિલ્લાઓમાં કે જયાં પાણીના સ્તર નીચા છે ત્યાં ખેડૂતોએ સ્વખર્ચે ખોદાણ કરી બનાવેલ ખેત તલાવડીઓમાં જીઓમેમ્બ્રેન જળસંપત્તિ વિભાગ દ્વારા ફીટ કરી આપવામાં આવનાર છે.




આ યોજનાનો લાભ લેવા માટે ખેડૂત ખાતેદારો વેબસાઈટ g-talavadi.gujarat.gov.in પર તેમજ 'મારી યોજના પોર્ટલ ઉપર પણ ઓનલાઈન અરજી કરી શકે છે. આ વર્ષ માટે [illegible] સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે. આ કામગીરીને લગતી વધુ માહિતી ઓફિશિયલ g-talavadi.gujarat.gov.in વેબસાઈટ પર ઉપલબ્ધ છે. તેમજ હેલ્પ લાઈન નંબર:- ૦૨૭૫૨ ૨૮૨૯૨૦ ઉપરથી વધુ જાણકારી મેળવી શકાય છે.

# 'આપ'ના પ્રદેશ ખજાનચીએ 'ઝાડું' ફગાવ્યું 'પંજો' પકડયો

**અબતક, રાજકોટ**

ગુજરાતીઓની સેવા માટે કોંગ્રેસના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કરેલા આહવાન બાદ આમ આદમી પાર્ટીના પ્રદેશ ખજાનચી અને દસ્ક્રોઈ વિધાનસભાના ઉમેદવાર કિરણ પટેલ આગેવાનો સાથે કોંગ્રેસ પક્ષમાં જોડાયા છે.

ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનમાં રાજકીય, બિનરાજકીય અને ખાસ કરીને વિવિધ સામાજિક આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં વિધિવત રીતે કોંગ્રેસમાં જોડાયા છે, તેઓને આવકારીએ છીએ.



આપ પક્ષ છોડીને કોંગ્રેસ પક્ષમાં વિધિવત રીતે જોડાયા બાદ કિરણ પટેલે જણાવ્યું હતું કે, પ્રમાણિકતા સાથે, રાજનિતિમાં મોટા બદલાવ આવશે તેવી વાતથી આકર્ષાઈને આમ આદમી પક્ષમાં જોડાયો હતો. નજીકથી આપ માં કામ કર્યા પછી હકીકત સત્ય સામે આવ્યું અને આપ ભાજપને મદદકર્તા છે એટલે મોહભંગ થયો. માટે સત્ય સાથે કામ કરવા, પ્રજાનો અવાજ ઉઠાવતા કોંગ્રેસ પક્ષમાં જોડાઈ રહ્યો છું.

# ૭ વર્ષની બાળકી પર રેપ અને હત્યાના આરોપીને ડબલ ફાંસીની સજા

## પોકસો અને હત્યા એમ બન્ને ગુનામાં ફાંસીની સજા ફટકારતી ખંભાત સેસન્સ કોર્ટ

**અબતક, રાજકોટ**

આણંદ જિલ્લાના ખંભાત રૂરલ પોલીસ સ્ટેશન હેઠળના કાણીસા ગામમાં તા.૨૮મી ઓકટોબર-૨૦૧૯ના રોજ ૭ વર્ષની નાની બાળકી પર રેપ અને હત્યા જેવો જઘન્ય ગુનો બન્યો હતો. આ ગુનામાં ૨૪ વર્ષિય આરોપી દડો ઉર્ફે અર્જુન અંબાલાલ ગોહેલ વિરુદ્ધ દોઢ મહિનામાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ખંભાત સેશન્સ કોર્ટે આરોપી અર્જુન ગોહેલને પોક્સો એક્ટ તેમજ હત્યાના ગુનામાં દોષી ઠેરવી, ડબલ ફાંસીની સજા સંભળાવી છે. આ ચુકાદો ન્યાયની દિશામાં એક ઐતિહાસિક પગલું છે, જે પીડિતા અને તેના પરિવારને ન્યાય અપાવવા સાથે સમાજમાં આવા જઘન્ય ગુનાઓ સામે કડક સંદેશ આપે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે મહિલાઓ અને બાળકો પર થતા અત્યાચાર, શોષણ અને બળાત્કાર જેવા ગંભીર ગુનાઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે. રાજ્ય સરકાર આવા ગુનેગારોને ટૂંકા સમયગાળામાં કડકમાં કડક સજા મળે તે માટે સતત પ્રયાસો કરી રહી છે. આ ચુકાદો ગુજરાતમાં આવા ગુનાઓને કોઈપણ રીતે સહન નહીં કરવામાં આવે તેવો સ્પષ્ટ સંદેશ આપે છે.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ કેસમાં પીડિતા અને તેના પરિવારને ન્યાય અપાવવામાં બહુમૂલ્ય યોગદાન આપનાર તમામ પોલીસ કર્મચારીઓ-અધિકારીઓને અભિનંદન પાઠવ્યા છે. આ સાથે, તેમણે ન્યાયતંત્રનો આભાર માન્યો છે, જેમણે આ ગંભીર ગુનામાં ન્યાયની ઝડપી અને નિષ્પક્ષ પ્રક્રિયા દ્વારા ચુકાદો આપ્યો. આ ચુકાદો ગુજરાતના ન્યાયતંત્ર અને પોલીસ તંત્રની કાર્યક્ષમતા તેમજ રાજ્ય સરકારની ગુનાઓ સામે કડક કાર્યવાહીની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે તેમ મંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ છે.

# આવો હરો ફરો , 'જલસા ' કરો પરંતુ કારણ વગરનું ગોંડલને બદનામ ન કરોઃ ગણેશ જાડેજા

## પક્ષા પક્ષી જ્ઞાતિ જાતિથી ઉપર ઉઠી ગોંડલની પ્રજાએ 'પ્રજા વત્સલ'ને નેતૃત્વ સોપ્યું છે

**અબતક રાજકોટ**

સંત ,સુરા અને શૂરવીરની ભૂમિ એટલે ભગવતસિંહજીનું ગોંડલ એટલે પ્રજાવત્સલ રાજ્ય હતું અને આજે પણ છે તેમ ગોંડલ 'ગણેશ' (જ્યોતિરાદિત્યસિંહ) દ્વારા જણાવ્યું છે. કે મારે કોઈ જ્ઞાતિ કે વ્યક્તિ સાથે રાગદ્વેષ નથી ગોંડલ રાજાશાહી વખતથી પ્રજાવત્સલ રાજ્ય રહ્યું છે.

ગોંડલનું રાજકારણ છેલ્લા ઘણા સમયથી સોશિયલ મીડીયા પર આક્ષેપ અને પ્રતિ આક્ષેપો જોવા મળ્યા છે. જેમાં તાજેતરમાં જ સુલતાનપુર ખાતે ગણેશ ગોંડલના જન સમર્થનમાં મળેલી બેઠકમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને ગણેશ ગોંડલે ૨૦૦-૫૦૦ કિલોમીટર દૂર રહી વાતાવરણ ન ડોહળવા કરેલી શીખને પગલે સુરતના અલ્પેશ કથિરીયા તા.૨૭ને રવિવારના રોજ ગોંડલ આવી રહ્યાના પગલે ગોંડલનું રાજકારણ ગરમાયું છે.

ગોંડલની પ્રજા શાણી અને સમજુ છે અમે પાટીદારોની બહુમતી વાળા વિસ્તારમાં નેતૃત્વ કરીએ છીએ કારણ કે ભગવતસિંહજી ના ચીલે



ચાલી છીએ અમો ગુંડાઓને પડકાર આપીએ છીએ વંચિતો અને અન્યાય થતા લોકોની પડખે અમારો પરિવાર કાયમ ઉભો રહી અને ન્યાય અપાવી છીએ છે ગોંડલની પ્રજા સારી રીતે આ વાતથી વાકેફ છે. ગોંડલ માર્કેટિંગ યાર્ડ ભારતભરમાં ડંકો વગાડે છે. અહીં લુખ્ખાને ગુંડા તત્વોને ક્યાંય સ્થાન નથી અલ્પેશ કથીરિયા ગોંડલમાં સન્માનિત થવું હોય તો ગોંડલની દુઃખ અને લાગણી ને અમારી જેમ ઓળખતા શીખો. આજે પણ ગોંડલની પ્રજા પક્ષા પક્ષી જ્ઞાતિ જાતિ અને પ્રજા વસ્રલ લોકોને સ્વીકારે છે. આવો ફરો અને જલસા કરો પરંતુ ગોંડલને કારણ વગરનું બદનામ કરવાનું રહેવા દો તેમ ગણેશ ગોંડલ એ જણાવ્યું છે.

## ''ગોંડલ કરો સ્વાગતની તૈયારી, 'હાલ ચાલ' જાણવા' છે, અલ્પેશ કાથીરિયા

### રવિવારે કોલેજ ચોક ચા પીશું, ગાંઠિયા ખાસુ અને ભગવાનના દર્શન કરીશું, પોલીસની 'અગ્નિ પરીક્ષા!!

ગોંડલના રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે.ગોંડલ કરો સ્વાગતની તૈયારી, આખા ગોંડલમાં 'હાલ ચાલ' જાણવા અલ્પેશ કાથીરિયા રવિવારે આવી રહ્યા છે. તેવી પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ ને પગલે પોલીસ ની 'અગ્નિ પરીક્ષા' થાય તો નવાઈ નહીં. વધુ વીગત મુજબ સ્થાનિક રાજકારણમાં ફરી એકવાર ગરમાવો આવ્યો છે. અલ્પેશ કથીરિયાએ પોતાના ફેસબુકમાં પોસ્ટ શેર કરી છે. પોસ્ટમાં ''ગોંડલ કરો સ્વાગતની તૈયારી લખ્યું છે. તે ઉપરાંત આગામી તા. ૨૭/૦૪/૨૦૨૫ ને રવિવાર '' ગોંડલની નગર ચર્યા કરવા



આવીએ છીએ'' આ લખાણનો ઉલ્લેખ કર્યો છે આગામી દિવસોમાં આ મુદ્દે રાજકારણ થાય તેવી પૂરેપૂરી સંભાવના છે.અલ્પેશભાઈ કથીરિયાએ જણાવ્યું કે હું ગોંડલ આવીશ અને ગોંડલમાં ફરીશું, સ્વામિનારાયણ મંદિર, ભુવનેશ્વરી પીઠ સહિત દર્શન કરીશું, ગોંડલ ચોકમાં જસુ, ચા પીસુ. ગાંઠિયા ખાસુ, હ લોકશાહી કેવી ક છે?, ગોંડલનો હાલ ચાલ નો માહોલ છે? આખો દિવસ ગોંડલમાં રહીશું. બીજી બાજુ અલ્પેશ કથીરિયા ની પોસ્ટ ને રવિવાર ગોંડલ માટે 'ભારે ' સાબીત થાય તેવો માહોલ છે.

## સાયલાઃ કુખ્યાત દેવેન્દ્ર બોરીચા પાસાના પિંજરે પુરાયો

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એલસીબી પોલીસ દ્વારા અલગ-અલગ ગુન્હાઓમાં સંકળાયેલ આરોપીઓ વિરુધ્ધ પાસા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે સાયલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સબંધી તેમજ અન્ય ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપી દેવેન્દ્રભાઈ ઉર્ફે ડેન્ડુ ઉર્ફે ઝંડુ ભરતભાઈ બોરીચા ઉ.વ.૨૪, રહે.સુદામડાવાળા વિરુધ્ધ સાયલા પોલીસ સ્ટેશન મારફતે પાસાની દરખાસ્ત તૈયાર કરાવી જીલ્લા મેજીસ્ટ્રેટને મોકલવામાં આવી હતી



આથી જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા આરોપી વિરુધ્ધ પાસા વોરંટ ઈસ્યુ થતાં એલસીબી ટીમ દ્વારા પાસા હેઠળ આરોપીની અટકાયત કરી અમદાવાદની સાબરમતી જેલ હવાલે કર્યો છે.

## થાનઃ ખોદકામ દરમિયાન ગેસ લાઈન લીકેજ થતાં આગ લાગી આગથી ટ્રેકટર બળીને ખાકઃ મોટી જાનહાની ટળી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં આગ લાગવાના બનાવો વધી રહ્યાંછે ત્યારે થાન તાલુકાના વગડીયા રોડ પર આવેલ સણવઈ વિસ્તારમાં વિજ કંપની દ્વારા વિજ પોલ નાંખવાની કામગીરી ચાલી રહી હતી અને તે દરમ્યાન વિજપોલ ઉભો કરતી વખતે ટ્રેકટર દ્વારા ખાડો ખોદવામાં આવી રહ્યો હતો ત્યારે અચાનક ગેસ લાઈનમાં લીકેજ થતાં અફડા તફડી મચી જવા પામી હતી અને થોડીક ક્ષણોમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી જેની જાણ



થતાં લોકોના ટોળેટોળાં સ્થળ પર આવી પહોંચ્યા હતા અને આ અંગે થાન પાલીકાની ફાયર ફાયટર ટીમને જાણ કરતાં સ્થળ પર આવી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાનીનો બનાવ બન્યો નહોતો પરંતુ ખાડો ખોદી રહેલ ટ્રેકટર આગમાં બળીને સંપૂર્ણ ખાખ થઈ જતા મોટા પાયે નુકશાન પહોંચ્યું હતું.

## સામખિયાળી પોલીસે નિયમન ભંગ કરતા ૨૫ વાહનો ડીટેઈન કર્યા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉનાં શિકારપુર રણમાંથી ઓવર લોડ મીઠુ ભરી હાઈવે પર ચાલતા તેમજ ટ્રાફિક નિયમનનો ભંગ કરતા ૨૫ ભારે વાહનો ડીટેઈન કરી કરેલી કાર્યવાહીથી ફફડાટ મચી જવા પામ્યો છે. સામખિયાળી પીઆઇ વી.કે. ગઢવીએ વિગતો આપી હતી કે, પોલીસવડા સાગર બાગમારની સૂચના મુજબ શિકારપુર રણમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી અને ઓવર લોડ મીઠુ ભરી હાઈવે પર દોડતા તેમજ ટ્રાફિક નિયમનનો



ભંગ કરી દોડતા યમદૂત સમાન વાહનો વિરુદ્ધ સામખિયાળી પોલીસે કાર્યવાહી કરી છે. જેમાં ગુરુવારે મોડી રાત્રે સામખિયાળી નજીક હાઈવે પર પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવ યોજી હાઈવે પર ચાલતા જોખમી રીતે ચાલતા ઓવર લોડ મીઠુ ભરેલા કુલ ૨૫ થી વધારે વાહનો ડિટેઈન કરી પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

## ધ્રાંગધ્રાના ધોરી ગામે વાડી વિસ્તારમાંથી ઘાયલ નીલગાયનું રેસ્કયુ કરી સારવાર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકાના ધોરી ગામે વાડી વિસ્તારમાં ઘાયલ નીલ ગાયને જોતા તાત્કાલિક ધોરણે ધોરી ગામના યુવાનો દ્વારા ડોક્ટરને બોલાવી અને નીલગાયની સારવાર કરાવવામાં આવી હતી જેમાં નીલગાય પ્રાણીઓનું સુરક્ષિત રેસ્કયુ કરી જંગલ વિસ્તારમાં છોડી જીવદયાનુ ઉમદા કાર્ય કર્યું હતું..

ધ્રાંગધ્રા ગ્રામણી પ્રથકમાં જીવદયા પ્રેમીઓ હર હમેશા રેસ્કયુ માટે ખડેપગે ઉભા હોય છે જેમ આપણા ભારતીય સૈનિકો સરહદ ઉપર મા ભારતીની રક્ષા અને આપણી રક્ષા માટે દિન રાત જોયા વગર ખડેપગે હોય છે ત્યાર ધાંગધ્રા તાલુકાના ધોરી ગામે વાડી વિસ્તારમાં



ઘાયલ નીલ ગાયને જોતા તાત્કાલિક ધોરણે ધોરી ગામના યુવાનો દ્વારા ડોક્ટરને બોલાવી અને નીલગાયની સારવાર કરાવવામાં આવી હતી જેમાં નીલગાય પ્રાણીઓનું સુરક્ષિત રેસ્કયુ કરી જંગલ વિસ્તારમાં છોડી જીવદયાનુ ઉમદા કાર્ય કર્યું હતું તેમની આ કાર્યશૈલીને લોકો દ્વારા બિરદાવી વધાવી રહ્યા છે

## સિહોર,વેળાવદર કાળીયાર ઉધાનમાંથી જંગલી ભુંડ પકડી રાજય બહાર મોકલવાનું કૌભાંડ ઝડપાયું

### વેળાવદર એસીએફની ટીમે ત્રણ શખ્સોને ભૂંડની તસ્કરીના ગુનામાં ઝડપી બે લાખનો દંડ વસુલ્યો

**અબતક, આનંદ રાણા, શિહોર**

વેળાવદરના કાળીયાર અભ્યારણ આસપાસથી જંગલી ભૂંડને પકડી રાજય બહાર મોકલવાની તસ્કરીનો ભાંડાફોડ કરી વનતંત્રએ ત્રણ ઈસમોને ટ્રકમાં ભરેલ ભૂંડ સાથે ઝડપી બે લાખનો દંડ વસુલ કર્યો હતો.

વનવિભાગે અજમેરના ચાંદખાન મહમદખાન ૫૦, મદન સેની ૩૯ અને વડોદરાના મુનસીલાલ સતુલાલ ૭૦ને ઝડપી કાર્યવાહી કરી હતી.

કાળીયાર રાષ્ટ્રીય ઉધાન વેળાવદરના મદદનીશ વન સંરક્ષક એન. એન. જોષીને મળેલ પૂર્વ બાતમીના આધારે રેન્જ ફોરેસ્ટ ઓફિસર એમ. જી. બાંભણીયાની ટીમને મળેલ માહિતી મુજબ જુનાગઢ, ઉના, અલંગથી નીકળેલ અને અજમેર તરફ જતી કેસરી કલરની આયસર ટ્રક વાહન નં.છઉં-૧ર્ઋ-૩૬૮૩ ને શંકાના આધારે મોબાઈલ સ્કવોર્ડ રેન્જ સ્ટાફ દ્વારા સનેસ રાઉન્ડના નારી બીટમાં આવતા વરતેજ- કમળેજ ગામ રોડ પર આ વાહનને



અટકાવી તપાસ કરતા એમાં વન્યપ્રાણી જંગલી ભૂંડને ગેરકાયદેસર રીતે પકડી બંધક અવસ્થામાં રાખી ટ્રકમાં વાહતુક કરી વેપાર અર્થે અજમેર તરફ લઈ જતા ડ્રાઈવર સહિતના અન્ય ઈસમોને પકડી પાડી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ હેઠળ ગુનો દાખલ કરી રેન્જ સ્ટાફ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જંગલી ભૂંડની વેટરનરી ડોકટર વેળાવદર પાસે સ્વાસ્થ્ય ચકાસણી કરાવી સ્વસ્થ હાલતમાં વન્યજીવ ભૂંડને જંગલના કુદરતી નિવાસ સ્થાનમાં મુકત કરવામાં આવ્યું છે. અને આ ગુના અન્વયે આરોપીઓ પાસેથી ગુનાના દંડની રકમ પેટે રૂ .૨,૦૦,૦૦૦/- (બે લાખ) ની વસુલાત કરવામાં આવી છે. વન્ય જીવ ભૂંડ બચાવવાની કામગીરી કરનાર કર્મયોગીઓમાં જે.એલ.જાની, રાઉન્ડ ફોરેસ્ટર, સનેસ તથા એસ.ડી.ઝાલા, વનરક્ષક, નારી તથા બી.વી.જાની, વનરક્ષક તેમજ સમાજ સેવક જયેશભાઈ વાઘેલા તથા કાર્તિકભાઈ પાઠકનો સમાવેશ થાય છે.

## ધ્રાંગધ્રાઃ ગેરકાયદે ખનીજ માફીયા સામે તંત્રની તવાઈ

### પ્રાંત અધિકારી હર્ષદીપ આચાર્ય મોડી રાત્રે હાથ ધર્યુ ચેકીંગઃ ચાર વાહન કબ્જે કર્યા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા પ્રાંત અધિકારી દ્વારા ધાંગધ્રા અમદાવાદ હાઈવે પર કોઈ પણ જાતની પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ખનીજ વહન કરતાં લાલ માટી ભરીને જતો એક ડમ્ફર અને પથ્થર ના ત્રણ ટ્રક સહીત ૪ વાહન ઝડપી પડ્યા હતા જેમાં સરેઆમ ગેરકાયદેસર ખનન માઁ તમામ નિયમો ની ઐસીતૈસી કરવામાં આવતી જોવા મળી હતી.

ધાંગધ્રા પ્રાંત અધિકારી હર્ષદીપ આચાર્ય દ્વારા ધાંગધ્રા માલવણ



હાઈવે નજીક થી પરમીટ વગર ખનીજ વહન કરતાં એક ડમ્ફર તથા ત્રણ ટ્રક સહીત ચાર વાહનોને ઝડપી પાડવામાં આવ્યા હોવાની વિગતો મળી રહી છે જો કે ધ્રાંગધ્રા પંથકમાં કોઈ પણ રોકટોક વગર પથ્થર, રેતી અને સફેદ માટી ની ગેરકાયદેસર રીતે થતી ચોરી આમ બની છે. ખાણ ખનીજ વિભાગ વર્ષમાં એકાદ વાર કામગીરી બતાડવા પૂરતી રેડ કરે છે તો ધ્રાંગધ્રા પોલીસ કે જિલ્લા આરટીઓ ને ગેરકાયદેસર પાસ પરમીટ વગર ખુલ્લેઆમ ખનીજ ચોરી કરતાં નંબર વગરના ડમ્ફરો નજરે જ નથી ચઢતા. તો બીજી તરફ ધ્રાંગધ્રાના યુવાન પ્રાંત અધિકારી હર્ષદીપ આચાર્ય દ્વારા પંથકમાં બેરોકટોક ચાલતા ખનન સામે લાલઆંખ બતાડતા નજરે ચઢી રહ્યા છે જો કે નવી જગ્યાએ શરૂઆતમાઁ રોફ જમાવવા અધિકારીઓ જે રીતની કામગીરી બતાડે છે હાલ તો ધ્રાંગધ્રા પ્રાંત અધિકારી હર્ષદીપ આચાર્ય એ ગઈકાલે મોડી રાત્રે ધાંગધ્રા અમદાવાદ હાઈવે પર કોઈ પણ જાતની પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ખનીજ વહન કરતાં લાલ માટી ભરીને જતો એક ડમ્ફર અને પથ્થર ભરીને જતા ત્રણ ટ્રક સહિત ચાર વાહનો ઝડપીને સેવાસદન ખાતે રાખવામાં આવ્યા હતા જેમાં સરેઆમ ગેરકાયદેસર ખનન માઁ તમામ નિયમો ની ઐસીતૈસી કરવામાં આવતી જોવા મળી હતી.

## પૂર્વ કચ્છ પોલીસે પાંચ બુટલેગરની પાસા તળે અટકાયત કરી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કલેકટર કચ્છ, ભુજ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પાસા વોરંટ અન્વયે પ્રોહીબીશનની પ્રવૃતિ કરતા પાંચ ઈસમોની પૂર્વ કચ્છ પોલીસ દ્વારા પાસા તળે અટકાયત કરવામાં આવી છે. પૂર્વ કચ્છ જીલ્લામાં મોટા જથ્થામાં વિદેશી દારૂની હેરફેર કરતા ઈસમો ઉપર એલસીબી પીઆઇ એ.ન.એ.ન.ચુડાસમા તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા આરોપી કુલદિપસિંહ ભરતસિંહ સરવૈયા, ધર્મેન્દ્ર ઉર્ફે ધમુ વિશનદાસ તેજવાણી, હિંગળાજદાન ગોરુદાન ગઢવી, યુવરાજસિંહ ઉર્ફે શકિતસિંહ ભરતસિંહ સરવૈયા વિરુધ્ધ તેમજ રાપર પીઆઇ જે.બી.બુબડીયા દ્વારા અર્જુનસિંહ હેતુભા વાઘેલા વિરુધ્ધ પાસા દરખાસ્તો તૈયાર કરી મોકલતા પોલીસ અધિક્ષક



સાગર બાગમાર દ્વારા પાસા દરખાસ્તોની ચકાસણી કરી કલેકટર કચ્છ-ભુજને મોકલી હતી. કલેકટર આનંદ પટેલ દ્વારા પાસા દરખાસ્તો મંજુર રાખી આરોપીઓની અટકાયત કરવા પાસા વોરંટ ઈશ્યુ કરાતા એલ.સી.બી.ની ટીમ તથા રાપર પો.સ્ટે. દ્વારા પાંચ ઈસમોને પાસા તળે અટકાયતમાં લઈ રાજકોટ મધ્યસ્થ જેલ, વડોદરા મધ્યસ્થ જેલ, અમદાવાદ મધ્યસ્થ જેલ તથા લાજપોર જેલ સુરત હવાલે મોકલી આપવામાં આવેલ છે.

આ કામગીરી કલેકટર કચેરી સ્ટાફ, એલસીબી પીઆઇ એન.એન. ચુડાસમા, રાપર પીઆઇ જે.બી. બુબડીયા તથા એલ.સી.બી. સ્ટાફ અને રાપર પોલીસ સ્ટાફ દ્વારા કરવામા આવેલ છે.

## કુકાવાવઃ લુણીધાર નવોદય શાળા વિદ્યાર્થીઓનો બહુમાન સમારોહ યોજાયો



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

કુકાવાવ તાલુકાના લુણીધાર નવોદય એજ્યુકેશન શાળા દ્વારા વિદ્યાર્થીઓનું બહુમાન તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન સમારોહ યોજાયો હતો નવોદય એજ્યુકેશન શાળા દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમ આગળ વધાર્યો હતો આ કાર્યક્રમના અધ્યક્ષ કુરજીભાઈ બાવળીયા કેબિનેટ મંત્રી ગુજરાત સરકાર તેમજ મુખ્ય મહેમાન રાદલના દડવાથી રાંદલ માતાજી મંદીરના મહંત હરેશ પ્રગટબાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા નવોદય એજ્યુકેશન શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરવામાં આવ્યા હતા સફળતાનો શંખનાદ થી જીતની યાત્રા એટલે નવોદય એજ્યુકેશન ટ્રેનિંડગ સેન્ટર આ કાર્યક્રમમાં શાળાના બાળકો તેમજ તેમના વાલીઓ અને લુણીધાર ગામમાંથી બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમને સફળ બનાવવા શાળાના સંચાલક મહેશભાઈ ડી પાઠક મેહુલભાઈ એમ પાઠક તેમજ તુષારભાઈ એમ પાઠકે ભારે જહમત ઉઠાવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## લખપતમાં સરકારી જમીનો પરના દબાણો દૂર કરતુ વહીવટી તંત્ર

**અબતક,નવીનગીરી ગોસ્વામી, ભૂજ**

જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલ, પ્રાંત અધિકારીશ્રી સૂરજ સુથારના માર્ગદર્શન હેઠળ લખપત મામલતદારશ્રી એસ.એ. ડોડીયા સહિત તાલુકા વહીવટીતંત્રના સ્ટાફ દ્વારા સરકારી પડતર જમીન ઉપરના વિવિધ ખેતી વિષયક દબાણો દૂર કરવામાં



આવ્યા હતા. છેલ્લા ચાર દિવસમાં વહીવટીતંત્ર દ્વારા મોટી વિરાણી ગામમાં ત્રણ, માતાના મઢમાં બે, દયાપરમાં બે, રાવેશ્વર ગામમાં એક, બરંદા ગામમાં બે, તહેરા ગુહર મોટીમાં બે એમ કુલ ૧૨ દબાણો દૂર કર્યા હતા. આ તમામ દબાણો ગેરકાયદેસર રીતે ખેતી વિષયક હોય અને સરકારી પડતર જમીનને ખાલી કરાવવી જરૂરી હોય તે બદલ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં અંદાજિત રૂ. ૯૦ લાખની ૧,૮૪,૦૨૦ ચો.મી. જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી તેમ પ્રાંત અધિકારીશ્રી સૂરજ સુથાર દ્વારા જણાવાયું છે.

## અમરેલીઃ જળ સિંચનના ૨૮૮ કામોને મંજુરી આપતા જિલ્લા કલેકટર અજય દહિયા

### સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક મળી

**અબતક,પ્રદીપ ઠાકર, અમરેલી**

રાજ્યમાં જળ સિંચનના ભગીરથ પ્રયાસોના ભાગરુપે રાજ્ય સરકાર દ્વારા શરુ કરવામાં આવેલા સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત અમરેલી જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક જિલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં સુજલામ સુફલામ જળ અભિયાન જિલ્લા અમલીકરણ સમિતિમાં આ બેઠકમાં જિલ્લા કલેકટર અજય દહિયાએ જળ સિંચનના ૨૮૮ કામોને મંજૂરી આપી હતી.

જિલ્લામાં ૫૧ કામો ૧૦૦ ટકા જનભાગીદારીથી ઉપરાંત ૬૦-૪૦



ટકા જનભાગીદારી રેશિયોથી ૧૪૭ કામો કરવામાં આવશે. અન્ય વિકાસ કામો વિવિધ ખાતાકીય છે. જિલ્લામાં કુલ કરવાના થતાં કામોમાંથી જળસંપત્તિ (રાજ્ય)ના ૯૮ કામો, જળસંપત્તિ (પંચાયત)ના ૯૬ કામો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ૨૬ કામો, જિલ્લા જળ સ્રાવ એકમના ૨૦ કામો, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ૧૪ કામો, નગરપાલિકાના ૩૪ કામોને મંજૂરી મળી છે. બેઠકમાં જળસિંચન રાજ્ય, જળ સિંચન વિભાગ પંચાયત, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, વોટરશેડ, મનરેગા, નગરપાલિકા હસ્તકના જળસિંચનના તાલુકા મુજબના કામોની અને નગરપાલિકા વિસ્તારના કામોની વિગતવારે જિલ્લા કલેકટરએ વિગતો મેળવી હતી. તેમણે સમગ્ર અભિયાનના સુચારું આયોજન માટે જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. આ બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

### સુરતમાં ઉચ્ચ અધિકારીઓ સાથે ગૃહ રાજ્યમંત્રીની બેઠક: નવા જૂનીના એંધાણ

# ઘૂષણખોરો અને હરામીઓને 'વીણી' લેવા હર્ષ સંઘવી એક્શન મોડમાં

## પોલીસ અધિકારીઓને સ્ટેન્ડ ટુ રહેવા આદેશો છૂટ્યા : ગમે ત્યારે મોટા નિર્ણયની અમલવારી



**અબતક, રાજકોટ**

પહેલગામ આતંકી હુમલા બાદ ગુજરાતમાં ગેરકાયદે રહેતા ૫૦૦થી વધુ બાંગ્લાદેશીઓને આઈડેન્ટીફાઈ કરી દેશ નિકાલ કરવા તખ્તો તૈયાર કરી લેવામાં આવ્યો છે. ત્યારે સુરત ખાતે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની એક ગુપ્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં રાજ્યના પોલીસ વડા સહિતના અધિકારીઓ વર્ચ્યુલી જોડાયા હોવાથી સુરતમાં ટૂંક સમયમાં નવાજૂનીના એંધાણ વર્તાઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ઘૂષણખોરો અને હરામીઓને વીણી લેવા હર્ષ સંઘવી મેદાને આવ્યા હોય મોટા આદેશો છૂટવાના હોય સુરતના તમામ અધિકારીઓને સ્ટેન્ડ ટુ રહેવા આદેશો આપી દેવામાં આવ્યો છે.

અમદાવાદ અને સુરત પોલીસ દ્વારા ગત મોડી રાત્રીથી બાંગ્લાદેશીઓ પર સ્ટ્રાઈક શરૂ કરી અલગ અલગ વિસ્તારોમાંથી આશરે ૫૦૦ થી વધુ બાંગલાદેશીઓને ઉઠાવી લઈ તેમના દસ્તાવેજો સહિતની ખરાઈ શરૂ કરવામાં આવી હતી. એકી સાથે બંને શહેરોમાં સેંકડો બંગલાદેશીઓને ઉઠાવી લેવામાં આવ્યા બાદ તમામના દસ્તાવેજોની ચકાસણી ચાલી રહી છે. તેની વચ્ચે ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીની મહત્વની બેઠક પણ ચાલી રહ્યાનો સામે આવી રહ્યું છે.

સુરત પોલીસ કમિશનર કચેરીથી વિડિયો કોન્ફરન્સ મારફત ચાલી રહેલી બેઠકમાં હર્ષ સંઘવી પોતે જોડાયા હતા. ઉપરાંત રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય પણ આ વિડીયો કોન્ફરન્સમાં હાજર રહ્યા હતા. ઉપરાંત સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, જેસીપી શરદ સિંઘલ સહિતના ઉચ્ચ અધિકારીઓની પણ આ બેઠકમાં હાજરી રહી હતી. જેથી ટૂંક સમયમાં સુરતમાં મોટો નિર્ણય લેવામાં આવે તેવી પ્રબળ શકયતા સેવાય રહી છે. ગૃહ રાજ્યમંત્રી પોલીસ રાજ્ય પોલીસ વડા અને સુરત પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓની જ્યારે બેઠક યોજાઈ રહી છે. ત્યારે બાંગ્લાદેશી ઘૂસણખોરોથી માંડી અનેક મોટા નિર્ણયો લેવાય અને નવાજૂની થાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ઉલ્લેખનીય બાબત છે કે, એક બાજુ જ્યારે બેઠક ચાલી રહી છે ત્યારે બીજી બાજુ સુરતના ઉચ્ચ અધિકારીઓથી માંડી થાણા અધિકારીઓ સુધીને સ્ટેન્ડ ટુ રહેવા માટે પણ આદેશ આપી દેવામાં આવ્યા હોય તેવું સૂત્રો જણાવી રહ્યા છે.

### વિજયભાઈ રૂપાણીની મહેનત રંગ લાવી!!!

# રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ૨૪ કલાક ધમધમશે

## પાકિસ્તાને એરસ્પેસ બંધ કરતા દુબઈ, ઓમાન, શાહજહાં, અમીરાત સહિત મિડલ ઈસ્ટની ફ્લાઈટ માટે રાજકોટ એરપોર્ટને ૨૪ કલાક ચાલુ રાખવા એરપોર્ટ ઓથોરિટી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો

**અબતક, રાજકોટ**

હવે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ૨૪ કલાક ધમધમશે કેમકે પાકિસ્તાને એરસ્પેસ બંધ કરતા દુબઈ, ઓમાન, શાહજહાં, અમીરાત સહિત મિડલ ઈસ્ટની ફ્લાઈટ માટે રાજકોટ એરપોર્ટને ૨૪ કલાક ચાલુ રાખવા એરપોર્ટ ઓથોરિટી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. તત્કાલીન મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની મહેનતથી રાજકોટને ઈન્ટરનેશનલ એરપોર્ટ મળ્યું હતું જે હવે ખરા સમયે કામ આવ્યું છે.હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ જે ૯ વાગ્યે બંધ થઈ જતું હતું તે હવે આજથી ૨૪ કલાક માટે કાર્યરત રહેશે.કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની ઘટના બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે હાલ તનાવભર્યો માહોલ જોવા મળ્યો છે. સરકાર દ્વારા પાકિસ્તાન ઉપર કડક નિયંત્રણો લાદવામાં આવ્યા છે અને ભારતમાં પાકિસ્તાનનું દુતાવાર બંધ કરવામાં આવ્યું છે. સામે પાકિસ્તાન દ્વારા પણ ભારતની ફ્લાઈટો માટે એવીએશન બંધ કરવામાં આવ્યું છે. ત્યારે હાલની વર્તમાન સ્થિતિને ધ્યાને લઈ વિદેશ મંત્રાલય અને ઉડયન મંત્રાલય દ્વારા કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા છે. જેમાં દિલ્હીથી દૂબઈ અને દૂબઈથી દિલ્હી આવાગમન કરતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું અત્યાર સુધીનું સ્ટોપ ઓવર કરાચી ખાતેનું રાખવામાં આવ્યું હોય તેને હવે રદ કરી આ સ્ટોપ ઓવર રાજકોટ હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોટને જાહેર કરવામાં આવ્યું છે.આ મામલે એવિએશન વિભાગના અધિકારીએ જણાવ્યું કે, અત્યાર સુધી દિલ્હીથી દુબઈ ઉડાન ભરતી અને દુબઈથી દિલ્હી આવતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં કોઈ ઈમરજન્સી ઉભી થાય અથવા તો ફ્યુલ બાબતની કોઈ સમસ્યા સર્જાય તો બન્ને દેશો વચ્ચે નક્કી કરાયેલા કરાર મુજબ દિલ્હીથી દુબઈની આ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટનું

(અનુ. આઠમા પાને)

### હવે ઘડિયાળના કાંટા ઊંધા ફરશે

# હવે સરકારી બાબુઓએ ૯:૩૦ વાગ્યે ઓફિસમાં પધારવું પડશે

## ગુજરાત વહીવટી સુધારણા પંચે જરૂરી ૧૦ સુધારા સાથે દ્વિતીય ભલામણ અહેવાલ સોંપ્યો

**અબતક, ગાંધીનગર**

આપણે ત્યાં હાલ નોકરીનો જે સમય છે તે અંગ્રેજો વખતથી ચાલ્યો આવે છે. મોટાભાગની ઓફિસોમાં ૧૧ વાગ્યાથી કામકાજ શરૂ કરવામાં આવે છે. જો કે અમેરિકા જેવા દેશોમાં પણ હાલ નોકરીનો સમય સવારે ૮થી સાંજે ૪નો છે. ત્યારે હવે ગુજરાતમાં પણ સરકારી નોકરીનો સમય સવારે ૯:૩૦ વાગ્યાથી કરવા માટે ગુજરાત વહીવટી સુધારણા પંચે ભલામણ કરી છે. રાજ્ય શાસનના વહીવટી માળખા અને કાર્ય પદ્ધતિમાં જરૂરી ફેરફાર માટે ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરેલી છે. ગુજરાત વહીવટી સુધારણા પંચની રચનાની જાહેરાત થયાના એક જ મહિનામાં પોતાનો પ્રથમ ભલામણ અહેવાલ રાજ્ય સરકારને આ પંચે સુપ્રત કરેલો છે. જીએઆરસી અધ્યક્ષ ડો. હસમુખ અઢીયાના દિશાદર્શનમાં એ જ પરંપરા આગળ ધપાવતા પંચની રચના થયાના બીજા મહિને ૧૦ જેટલી ભલામણો સાથેનો દ્વિતીય ભલામણ અહેવાલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પંચના અધ્યક્ષ ડો. હસમુખ અઢીયાએ સુપ્રત કર્યો હતો. જેમાં થયેલી ભલામણો નીચે મુજબ છે.

**(૧) સુખદ નાગરિક અનુભવ માટે યુઝર-ફ્રેન્ડલી સરકારી વેબસાઈટ્સ બનાવવી:** સરકારી વેબસાઈટ્સ અને એપ્લિકેશન્સની ગુણવત્તા, સુલભતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે, ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં બધી સરકારી વેબસાઈટ્સનું મૂલ્યાંકન કરવા અને ભારત સરકારની વેબસાઈટ્સ અને એપ્લિકેશન્સ માટેની (જીઆઈજીડબલ્યુ ૩.૦) માર્ગદર્શિકાનું પાલન કરવા જીએઆરસીએ જણાવ્યું છે.

**(૨) નાગરિક ચાર્ટરને અસરકારક બનાવવું:** સિટીજન ફર્સ્ટના અભિગમ સાથે તમામ નાગરિક સેવા વિતરણ વિભાગો માટે સેવાઓ તથા તે સેવાઓ પૂરી પાડવાની સમયમર્યાદા, ફરિયાદ નિવારણ પદ્ધતિઓ અને જવાબદેહિતા અંગેની પ્રણાલી વિશે સંપૂર્ણ વિગતો સાથે નાગરિક ચાર્ટર પર બનેલી એક મજબૂત સિસ્ટમ વિકસાવાશે.

(અનુ. આઠમા પાને)

# રાજકોટ 'ગરમ': ૪૩ ડિગ્રી સાથે રાજયનું સૌથી હોટેસ્ટ સિટી

## આજથી સુર્યનારાયણ વધુ કાળઝાળ બનશે: પારો ૪૪ ડિગ્રીને પાર થવાની સંભાવના

**અબતક,રાજકોટ**

ગુજરાતમાં રાજકોટ ૪૩ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર રહ્યું છે. આજથી સુર્યનારાયણ વધુ કાળઝાળ બનશે. રાજયના આઠ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. છોટા ઉદેપુરમાં કમૌસમી વરસાદ પડયો હતો. જેના કારણ કેરી સહિતના પાકને નુકશાનીની ભીતિ સેવાય રહી છે.સૌરાષ્ટ્રના અમરેલી શહેરનું તાપમાન શુક્રવારે ૪૧.૧ ડિગ્રી નોંધાયું હતુ. ભાવનગરનું તાપમાન ૩૭.૮ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૨.૮ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૩.૨ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૪૩ ડિગ્રી વેરાવળનું તાપમાન ૩૧.૬ ડિગ્રી, સુર્યનારાયણનું તાપમાન ૪૧.૮ ડિગ્રી, મહુવાનું તાપમાન ૩૫.૪ ડિગ્રી, કેશોદનું તાપમાન ૩૮ ડિગ્રી, કચ્છના ભુજનું તાપમાન ૪૧.૫ ડિગ્રી, નલીયાનું તાપમાન ૩૫ ડિગ્રી, કંડલા એરપોર્ટનું તાપમાન ૩૫.૬ ડિગ્રી, કંડલા એરપોર્ટ પરનું તાપમાન ૪૨ ડિગ્રી નોંધાયું હતુ.

ઉત્તર ગુજરાતના અમદાવાદનું તાપમાન ૪૧.૭ ડિગ્રી, ડિસાનું તાપમાન ૪૦.૫ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૪૦.૮ ડિગ્રી, વલ્લભ વિદ્યાનગરનું તાપમાન ૩૯.૭ ડિગ્રી, દક્ષિણ ગુજરાતના વડોદરાનું તાપમાન ૩૯.૪ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૫.૮ ડિગ્રી અને દમણનું તાપમાન ૩૩.૮ ડિગ્રી નોંધાયું હતુ.

આજથી રાજયભરમાં ગરમીનું જોર વધશે. આગામી ચાર દિવસમાં રાજયના કેટલાક શહેર મહતમ તાપમાનનો પારો ૪૪ થી ૪૫ ડિગ્રી સુધી પહોચી જશે. રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહે છે. પરંતુ સુર્યાસ્ત બાદ બે ચાર કલાકમાં શહેરનું વાતાવરણ ઠંડુ થઈ જાય છે તે રાજકોટની સૌથી મોટી ખાસીયત છે.

## છોટા ઉદેપુરમાં કમોસમી વરસાદ

રાજયમાં એક તરફ આકાશમાંથી અગન વર્ષા થઈ રહી છે. તો બીજી તરફ છોટા ઉદેપૂરમાં સામાન્ય કમૌસમી વરસાદ પડયો હતો.જેના કારણે કેરી સહિતના પાકને નુકશાની થવા પામી છે. સામાન્ય રીતે એપ્રીલ-મે માસમાં રાજયમાં માવઠા પડતા હોય છે. પરંતુ આ વર્ષ માવઠાનો માર એપ્રીલમાં પડયો નથી. મે માસમાં માવઠાનું જોખમ જળુંબી રહ્યું છે.